[illegible]

ॐ श्री ગણેશાયનમઃ

પ્રસ્તાવના.

જ્ઞાનીઓની વાણીની પ્રસાદીના સંગ્રહ રૂપ આવા પુસ્તકની પ્રસ્તાવના લખવી એ મારા જેવા અલ્પજ્ઞ જીવથી બનવું અશક્ય છે; છતાં આ પુસ્તકનો વિષય તેમજ હેતુ શું છે તે વિષે આ જગ્યાએ બે શબ્દ લખવા ઉચિત ધારૂં છું.

બંધુઓ, સમય બહુ બારીક થતો જાય છે; લોકોની વૃત્તિ સ્વભાવ અને નિતિ રીતિમાં ઘણો વિચિત્ર ફેરફાર થતો જાય છે. ધર્મમાં અશ્રદ્ધા થવા લાગી છે; અને મહા પુરૂષોના કરેલા કાર્યોમાં શંકા—કુતર્કી શંકા—આવવા લાગી છે. અને વળી ટુંકમાં તથા ચોખે ચોખ્ખું કહું તો ઘણાઓ નાસ્તિક બનતા જાય છે, આવા વિપરીત સ[illegible]ને, ધર્મ પ્રેમી મનુષ્યોના હૃદય ખિન્ન થાય એ તથા આ[illegible] રૂપી ભયંકર સમુદ્રમાં ઝીપલાવતા અજ્ઞાનીઓને બચાવવાની દયાળુ વૃત્તિ મહાપુરૂષોને થાય એ અસ્વાભાવિક નથી. પરંતુ ધર્મશાસ્ત્રોના વચન પ્રમાણે કાળ ચક્ર, પોતાનું કાર્ય બજાવતું જાય છે. એમાં ફેરફાર કરવાને કોઇની શક્તિ કામ લાગે એમ નથી. પણ મહા પુરૂષો, ઉક્ત ધર્મ શાસ્ત્રોના વચનોને જાણનાર છતાં, અહોરાત્ર સનાતન વેદધર્મની ઉન્નતિ માટે, જે સતત પ્રયત્ન કર્યા કરે છે તેનું કારણ માત્ર તેઓની દયાળુ વૃત્તિજ છે. આર્ય બંધુઓ, આ ભારત પ્રદેશમાં જન્મને પામનારા નર દેહધારી જીવાત્માઓ કે જેઓ વેદ સનાતન ધર્મ પ્રમાણે દ્વિજાતિના અહે અવતારધારી

દેખાય છે તેઓનો પરમ ધર્મ એજ છે કે બ્રાહ્મણે, બ્રાહ્મણના, ક્ષત્રીએ ક્ષત્રીના, તેમ વૈશ્યોએ વૈશ્યના ઇત્યાદી ઇતર જાતી વર્ણાદીકના સંસ્કારે તેઓએ યથાર્થ વેદધર્મની આજ્ઞા માન્ય કરવી જોઇએ. વિશેષે દ્વિજાતિને સ્વધર્મનું સાભિમાન ધારણ કરવાનું છે અને તેથી વેદમાં વર્ણવેલી નિતિ અને ધર્મ સચવાયાથી સ્વદેશના જનો સુખી અને કલ્યાણ રૂપ રહે છે. દ્વિજાતિના સ્વધર્મ બળને ઉતેજન આપવાને નિર્માણ કરેલા શાસ્ત્રો પૈકી ચાર વેદ, ચાર ઉપવેદ અને ઉપનિષદ્ ભાગ, ષટશાસ્ત્ર, અરાઢ પુરાણ, રામાયણ, મહાભારત આદિ શ્રીમત જગત ગુરૂ શ્રી શંકરાચાર્યના વેદાન્ત સિદ્ધાંતથી આત્માના સ્વયં પ્રકાશરૂપ ગ્રંથોનું અવલોકન માન્ય છે. જીવાત્માના મોક્ષ સ્વરૂપની પરાકાષ્ટા ભૂમી અર્થાત સ્વસ્વરૂપ બ્રહ્માત્માના જ્ઞાનની પ્રાપ્તિ આ ભારત વર્ષમાં અત્યાર સુધી માન્ય કરેલા આચાર્ય પૈકી શ્રીમદ્ શંકરાચાર્યેજ પ્રકાશમાં મુકી છે. એટલે વેદ સનાતન ધર્મનો [illegible] બોધ માત્ર શ્રી શંકરાચાર્યના અનુયાયીઓ (ભકતો) જ સા[illegible] છે. રામાનુજાચાર્ય, માધવાચાર્ય, વલ્લભાચાર્ય, અને આધુ[illegible] પંથાદીકના અનુયાયીઓએ અદ્વૈત સિદ્ધાંતના સાધનો રૂપ કર્મ ભક્તિ સ્વરૂપના પ્રમાણ પરમાત્મા તત્વને અનુસરીને સ્વિકારેલાં છે. એટલે વેદ વેદાન્ત સનાતન ધર્મના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ અધિકારી સ્વરૂપે માન્ય રાખવામાં આવ્યાં છે. અન્ય કોઇ વેદના વેદાન્ત સ્વરૂપના ગુહ્ય તત્વના આધારે મૂર્તિ પુજાને અપમાન આપી નિયોગ—આદી જીવની કુબુદ્ધિ પ્રમાણે અર્થનો અનર્થ કરી જન સમુહમાં ફેલાવી વેદાન્ત સિદ્ધાંતના સત્ય નિયમોને ધોકો પોહોંચાડે છે અને પુર્ન લગ્નાદિ વેદ ધર્મ વિરૂદ્ધ અનાચરણને ધર્મમાં વર્ણવ્યું છે જણાવી માન્ય આપે છે; તે નાસ્તિક લોકોના વિવાદ રૂપ

ગ્રથોનું અવલોકન કરવુંજ નહીં જેથી આર્ય બંધૂઓની દુર્બુદ્ધિ થતી અટકે એવા સત્ય વિચારોની આસ્તિક અને વેદ ધર્મના અનુયાયીઓએ સ્હાયતા પૂર્વક, સ્વધર્મની જાગૃતિને ઉ-તેજન આપી આવા દુરાચારોથી થતી હાનીમાં પડતા ભારત પ્રદેશમાં જીવાત્મા બંધુઓને બચાવવા એ ઉદાર પુરૂષોનો ધર્મ મુખ્ય છે. આસ્તિક પુરૂષોએ પોતાના વેદ સનાતન ધર્મના નિયમો પ્રમાણે સત સમાગમ દ્વારા તેનો અનુભવ મેળવીને પોતાના વહનમાં કાળજી રાખવી અને સત્ય નિયમોથી ભરેલા શાસ્ત્રોનું અપમાન કદાપી કરવું નહી એટલે તેમાં લખેલા વિચારોજ પોતાના સ્વરૂપે સિદ્ધ છે અર્થાત્ પોતાનેજ જણાવવા લાયક છે; અને તેજ જાણવાને આ માનવ દેહ સરકારે દીસે છે એમ નિશ્ચય સમજવું જોઇએ.

સંત સમાગમ બોધના અમૃત–નિર્મળ ઝરણના જળ-કોને પ્રિય નથી? શ્રધ્ધારૂપી માત્ર જેટલું છે તેટલું તેમાં ભરાય છે માટે પરમપ્રિય જાગૃત જીવાત્માબંધુઓ, શાસ્ત્ર રૂપી ઉત્કૃષ્ટ [illegible] હૃદય પાત્રમાં સત સમાગમ દૃષ્ટિએ બોધના શબ્દામૃત જ[illegible] કરી નિરતિશય સુખનું અવલોકન કરો કે જેથી સર્વ[illegible]ત્ય મુકત પરમાત્માના સાક્ષાત દર્શન સ્વરૂપે થાય છે. અક્ષય સુખમાં તૃપ્ત કરનાર આ સંત સમાગમ કોને પ્રીય નથી?

શાસ્ત્ર શ્રવણમાં શ્રધ્ધા, સંતના ઉપર ઇશ્વરસ્વરૂપ પ્રેમ, અને બુધ્ધિ (અંતઃકરણ) ની સુદ્ધતા શું ન કરી શકશે? વેદ શાસ્ત્ર શિદ્ધ નિત્ય કર્મોને નિષ્કર્મો સ્વરૂપે કરવાથી બુદ્ધિમાંનો મલદોષ નાશ પામે છે અને અભેદ બુદ્ધિ વડે સદ્‌ગુરૂના બોધ અને સચ્ચિદાનંદ પરમાત્માની ઉપાસના ભકિત કરવાથી અને તેના પ્રતાપથી બુદ્ધિમાંના વિક્ષેપ દોષો દુર થાય છે. અને તેથી એવા ઉત્તમ અધિકારી ભક્ત

સજ્જનોજ વેદ વેદાન્તના પરમ ગુહ્ય તત્વને પામે છે. એથીજ ભક્તજનોના કલ્યાણને માટેજ પરમાત્મા પરબ્રહ્મજ સંત.સ્વરૂપે જીવન્મુક્ત તત્વ જ્ઞાની છે આવી ઉપાસના મુમુક્ષુ ભક્તજનોને કરવાની છે જેથી મોક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ વાત નિઃસંદેહ છે. આવી વેદની મર્યાદાને સ્પષ્ટ રીતે સમજવાનો પરમાર્થ વિચાર શ્રી ગુરૂ કૃપાથી ઉત્પન્ન થતાં ગુરૂ ગીતા જે કે તત્વ જ્ઞાનમાં અતિ ઉત્તમો ઉત્તમ અને ગુરૂ ભક્તિ કરનાર ભક્તોજનોને અમૃત સમાન સુખદાતા જ્ઞાનબોધ સ્વરૂપ છે. સદ્ગુરૂનો મહિમાં શ્રી પરમકૃપાળુ કૈલાશવાસી શ્રી શંકર પરમાત્માએ શ્રી પારવતી માતા પ્રત્યે કહેલો છે તે મહિમાં શાસ્ત્ર શ્રુતિમાં અગોચર છે.

આ ગુરૂગીતા શંસોધન કરી મુળ સહિત ગુજરાતી ટીકા સાથે પ્રકટ કરવામાં આવી છે.

આ પુસ્તક પોતાનું જીવન સફળ કરવાને અર્થે જે મનુષ્ય શ્રધ્ધાથી વાંચી નિઃસંદેહ યુક્તિપૂર્વક એનો વિચાર કરશે ને સાર ગ્રહણ કરશે તે આ અથાગ સંસારરૂપી સમુદ્રને પાર [illegible] જીવન મુક્ત દશાને પામશે.

આ લઘુ પુસ્તકમાં જે કંઇ દોષ જોવામાં [illegible] તે બાબત વિદ્વદજનજનો પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે કે તેમણે તે સર્વ દરગુજર કરી સુપડાવતૂસાર માત્ર ગ્રહણ કરવો કારણકે મનુષ્ય માત્ર ભુલથી ભરેલાં છે તે બદલ મહાશયો પ્રત્યે મારી નમ્ર યાચના છે કે જે જે તેઓ સુચના કરશે તે ઉપકાર સાથે સ્વિકારી બીજી આવૃતિમાં તે મુજબ સુધારો કરવામાં આવશે.

સુરત માઘ માસ કૃષ્ણ પક્ષ મહાશિવરાત્રિ સંવત ૧૯૫૯	લી૦ સેસક **જીણાભાઈ ખુશાલભાઈ દેશાઈ,** પ્રસિદ્ધ કર્તા

॥ ॐ श्री गणेशायनमः ॥

॥ श्री सद्गुरु चरण कमलेभ्योनमः ॥

પુંજા પ્રયોગ.

श्री गणेशायनमः ॥ श्री सरस्वत्यैनमःअस्य श्री गुरु गीता माला मंत्रस्य ॐ सद शिवऋषिः । विराट् छंदः । श्री सद्गुरु परमात्मा देवता । हं बीजंसः शक्तिः । सोहंकिलकं । श्री सद् गुरु कृपाप्रसाद सिद्धयर्थे जपेविनियोगः । यस्य ऋष्यादिन्यासं कुर्यात् ॥

ॐ सदाशिव ऋषयेनमः शिरसि ॥ ॐ विराट् छंदसे नमः मुखे ॥ ॐ श्री सद्गुरु परमात्मा देवतायै नमः हृदि ॥

ॐ हं बीजायनमः मूलाधारे ॥ ॐ सःशक्त्यै नमः पादयोः । हं किलकायनमः सर्वांगे ॥ इति.

ॐ गुष्ठाभ्यांनमः ॥ ॐ ही तर्जनीभ्यांनमः ॥

ॐ हु मध्यमाभ्यांनमः ॥ ॐ हैं अनामिकाभ्यांनमः ॥

ॐ हौं कनिष्टिकाभ्यांनमः ॥ ॐ हं करतलकर पृष्टाभ्यांनमः ॥ एवं हृदयादि ॥

अथ ध्यानम् ॥

अकारं विन्यसे न्नाभौ सत्यरुपं निरंज्जनम् ॥

उकारं हृदये विन्द्या द्रजोरुप द्वितीयकम् ॥

मकारं मूर्ध्नि विन्स्यतमोरुपं च त्र्यम्बकं ॥

अकारश्च उकारश्च मकारो बिन्दु लक्षणः ॥
त्रीधामात्रा स्थितायत्र तत्परं ज्योतिरोमिति ॥
अकार उच्यते रुद्रो मकारश्च पितामहः ॥
उकार उच्यते विष्णुस्तत्परं ज्योतिरोमिति ॥
इच्छा क्रिया तथा शक्ति र्ब्राह्मी गौरी च वैष्णवी ॥
त्रीद्याशक्तिः स्थितायत्ततत्परं ज्योतिरोमिति ॥
ब्रह्मा विष्णुश्च रुद्रश्च देवेन्द्रादेवतास्तथा ॥
अमलार्कस्थिराकारं प्रज्वलं भूवनत्रयम् ॥
धारयन् हृदये ब्रह्म वन्हिना सहदृश्यते ॥
दृशिस्वरूपं गगनोपमं परं सर्वात्मकं सात्विकमेकमक्षरम् ॥
अलेपनं सर्वगतं यदद्वयं तदेवचाहं प्रणवंयदुक्तम् ॥
ओमिति ॥ उत्पन्नात्मावबोधस्य अद्वेष्टृत्वादयोगुणाः ॥
अशेषतोभवन्त्यस्य ननुसंधान रुपिणः ॥ इ[illegible] [illegible]म् ॥

ॐ ब्रह्मरंध्रे सहस्त्रदल कमले विद्युत्प्रभा [illegible]काणि-कायां हंसःसोहं स्वाहातन्मध्ये मोक्षाधि पती परमात्मने स्वप्र-काश रुपं श्री गुरुंध्यात्वा ॥

એ પ્રમાણે બ્રહ્મ રંધ્રમાં સહસ્ત્ર દલકમળમાં વિરાજમાન વિજ-ળીના જેવી કાન્તિવાળા મોક્ષ આપવાને સમર્થ સ્વપ્રકાશ પરમાત્મા સદ્દગુરૂનું ધ્યાન કરવુ.

પછી સદ્દગુરૂ પરમાત્મા સ્વરૂપને પોતાના હૃદયસ્થાનમાં સ્થિત જાણી તેમની પચોપચાર પુજા શ્રદ્ધા પૂર્વક કરવી અને માનીસક

પુજા નીચે પ્રમાણે કરવી.

ॐ श्री परमात्मा गुरुभ्यामनः ॥ ॐ श्री परात्पर गुरुभ्योनमः ॥

ॐ हंसःसोहं सद्गुरु परमात्मने लंभुम्यात्मकं गंधं सर्मर्पयामि ॥

ॐ हंसःसोहं सद्गुरु परमात्मने हं आकाशात्मकं पुष्पं सर्मर्पयामि.

ॐ हंसःसोहं सद्गुरु परमात्मने यं वायव्यात्मकं धुपं सर्मर्पयामि.

ॐ हंसःसोहं सद्गुरु परमात्मने यं अग्न्यात्मकं दिपं समपय म.

ॐ हंसःसोहं सद्गुरु परमात्मने वं अमृतात्मकं नैवेद्यं सर्मर्पयामि

ॐ ह हं सद्गुरु परमात्मने सं सर्वात्मने तांबुलादि सर्वोपचारान् सर्मर्पयामि.

પછી સદ્ગુરૂ પંક્તિને નીચે પ્રમાણે નમસ્કાર કરવા.

ॐ श्री गुरुभ्यो नमः ॥ ॐ श्री परम गुरुभ्योनमः ॥ ॐ श्री परमेष्टि गुरुभ्योनमः ॥ એમ બોલી ડાબી બાજુએ નમસ્કાર કરવા. પછી ॐ गं गणपतयेनमः ॥ એમ બોલી દક્ષિણ બાજુએ નમસ્કાર કરવા પછી, ॐ श्री सद्गुरुवेनमः ॥ એમ બોલી મધ્યમાં નમસ્કાર કરવા. પછી સદ્ગુરૂ પરમાત્મા સંત છત્ર

નમુક્ત મહારાજથી દિક્ષા સમયે પ્રાપ્ત થયેલો તારક મંત્રનો યથાશક્તિ જાપ કરવો અને સંકલ્પ પૂર્વક તે જાપ શ્રી ગુરૂચર્ણમાં સમપણ કરવો પછી નિચેના મંત્રોથી શ્રી સદ્‌ગુરૂ પરમાત્માને નમસ્કાર કરવા.

ॐ अखंड मंडलाकारं व्याप्तंयेन चराचरम् ॥
तत्पदं दर्शितंयेन तस्मै श्री गुरुवेनमः ॥
अज्ञान तिमिरांधस्य ज्ञानांजन शलाकया ॥
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरुवेनमः ॥
नमोस्तु गुरवे तस्मै इष्टदेव स्वरूपिने ॥
यस्यावाग मृतं हं तिविषं संसार सज्ञिकम्ः ॥
त्वत्प्रसादादहं देव कृतकृत्योस्मि सर्वतः ॥
मायामृत्यु महापाशा द्विमुक्तोस्मि शिवोस्मि च ॥

गुरुणां चैव सर्वेषां माता परमको गुरुः ॥
माता गुरुतराभूमेः खात् पितोश्च तरस्तथ

સર્વ ગુરૂ મધ્યે માતાજ પરમગુરૂ છે. માતા પૃથ્વીના કરતાં ગુરૂ છે, તેમજ પિતા આકાશ કરતાં શ્રેષ્ટ છે.


मातरंतरचैव साक्षात् प्रत्यक्ष देवतां ॥
मत्वागृहीनिषेवेत सदासर्व्व प्रयत्नतः ॥

ગૃહસ્થ મનુષ્યે પિતા અને માતાને સાક્ષાત પ્રત્યક્ષ દેવતા સ્વરૂપ જાણીને સર્વ પ્રયત્નથી સર્વદા તેઓની સેવા કરવી

ब्रह्म निष्ठे गृहस्थः स्यात् तत्त्वज्ञान परायणः ॥
यत्‌यत् कर्म प्रकुर्वीत तद्‌ब्रह्मणि समर्पयेत् ॥

ગૃહસ્થ મનુસ્યે બ્રહ્મનિષ્ટ તથા તત્વજ્ઞાન પરાયણ થવુ જોઇએ; જે કોઇ કર્મ કરવામાં આવે તે તેણે પરબ્રહ્મને અર્પણ કરવું જોઇએ.

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥



॥ श्री गुरुगीता प्रारंभ ॥

ॐ तत्सत् परमात्माने नमः ॥

युग्ममूमातरं चैवयां विनासृष्टय संभवः ।
तथेपातिं सदा मूर्तिं स्मृत्वा स्मृत्वौ करोम्यहं ॥ १

શ્રી ગણુપતિ અને આદ્યશક્તિ ઈશ્વરી કે જેના વિના સૃષ્ટિની ઉત્પત્તિનો સંભવ થતો નથી, અને એવી શકિત (પાર્વતી)ના પતિ જે શિવ તેઓનું સ્મરણ કરીને હુ આ ગ્રંથનો આરંભ કરૂં છું. ૧

ऋषय उवाच

गुह्यात् गुह्यतरं सारं गुरुगीता विशेषतः ॥
त्वत् प्रसादाच्च श्रोतव्या तत्सर्वं ब्रूहि सूतम

ઋષિઓ બોલ્યા.

હે સુત! ધર્મ જાણવો એ કઠણ છે, તેમાં "ગુરૂગીતા" જાણવી એ બધી વિદ્યાઓ કરતાં ઘણીજ કઠણ છે, પણ જો આપની કૃપા હોય તો તે અમો સાંભળવા ઈચ્છીએ છીએ તેપી આપ કૃપા કરી અમને કહો. ૨

सूत उवाच

गिरिन्द्र शिखरे रम्ये नाना रत्नो पशोभिने ॥
नाना वृक्षलता कीर्णे नानापक्षी रवैर्युते ॥ ३

સુત બોલ્યા.

કૈલાસ પર્વત એ સર્વ પર્વતોમાં શ્રેષ્ટ જગ્યા છે તે જગ્યા અનેક રત્નોને લીધે ઘણીજ શોભાયમાન લાગે છે અને અનેક વનસ્પતિ અને ઝાડોથી છવાઇ રહ્યુ છે; જેમાં ઘણાં પક્ષીઓ કલોલ કરે છે. ૩

सर्वर्त्तु कुसुमामोद मोहिते सुमनोहरे ॥
शैत्य सौगन्ध्य मंद्याढय मरुद्भिरुप वीजीते ॥ ४

દરેક રૂતુઓમાં જેવાં જેવાં પુષ્પ થાય છે તેવાં પુષ્પો આ પર્વત ઉપર હમેશાં પ્રફુલ્લિત રહી પોતાની સુગંધીના વિસ્તારથી મનને આનંદ કરે છે. જેમ વસંતરૂતુનો પવન ગુણકારી હોય છે, તેમ આ પવન ઉપર તેવો પવન હમેશા વાયા કરે છે. ૪

अप्सरो गण सङ्गीत कलध्वनि निनादिते ॥
स्थिरच्छाया द्रुमच्छाया च्छादिते स्निग्ध मंजुले ॥ ५

એવી અપુર્વ જગ્યા જોઇને અપ્સરા ગંધર્વગણ હમેશાં ગાનતાનાદિ આનંદ કરે છે, અને તે ગાનના ધ્વનિથી તે પર્વત શોભી રહયો છે, તે જગ્યાની સ્વર્ગીય વૃક્ષછાયા હમેશાં સ્થિર રહે છે, એટલે જેમ બધી રૂતુઓમાં વૃક્ષો સરખાં રહેતાં નથી (કેટલાકનાં પાનાદિ જતાં રહે છે) તેમ આ પર્વતપર નથી પણ દરેક સ્થિર છાયાથી એ પર્વત હમેશાં સુંદર અને શીતળ રહે છે. ૫

मत्त कोकिल संदोह सं गुष्ट विपिनान्तरे ॥
सर्वदा स्वगणैः सार्द्ध मृतुराज निषेविते ॥ ६

આવી સુંદરતા જોઇને ભ્રમર હમેશાં આનંદમય થઇ ગુંજારવ કરતાં ફરતાં ફરે છે, ત્યાં હમેશ રૂતુઓના રાજા વસંત પોતાના અનુચરો સાથે રહે છે. ૬

सिद्ध चारण गन्धर्व गाणपत्य गणैर्वृते ॥
तत्र मौनधरं देवं चराचर जगद्गुरुम् ॥ ७

અને સિદ્ધ. ચારણ, ગંધર્વ, ગાણપત્ય આદિ શિવ સેવક ગણ સદા વાસ કરે છે, ત્યાં જગતના ગુરૂ એવા શ્રી મહાદેવ મૌન ધારણ કરી રહ્યા છે. ૭

सदाशिवं सदानन्दं करुणाऽमृत सागरम् ॥
कर्पूरकुन्द धवलं शुद्ध तत्त्वमयं विभुम् ॥ ८
दिगम्बरं दीनानाथं योगीन्द्रं योगि वल्लभम् ॥
गंगा शीकरसंसिक्तं जटा मण्डल मण्डितम् ॥ ९
विभूति भूषितं शांत व्यालमालं कपालिकम् ॥
अन्धकारीं त्रिलोकेशं त्रिशूल वरधारकम् ॥ १०
आशुतोषं ज्ञानमयं कैवल्य फल दायकम् ॥
निर्विकल्पं निरांतकं निर्विशेषं निरंजनम् ॥ ११
सर्वेषां हितकर्त्तारं देवदेवं निरामयम् ॥
कैलाशशिखरारूढ पञ्चवक्रं सुभुषितम् ॥ १२
सर्वात्मना विष्टचित्तं गिरिजा मुखपङ्कजे ॥
प्रणम्य परया भक्त्या कृतांज्जलि पुटामति ॥ १३

સદાશિવ નિત્યાનંદમય કરૂણામૃત સાગર, સ્વર્ગ, મૃત્યુ, પાતાળ, એ ત્રણે લોકના અધિશ્વર, સુદ્ધ, જ્ઞાનમય, દીનજનોને પવિત્ર કર્તા નિત્ય મંગળને આપનારા, સર્વ પ્રાણીમાત્રને સમ દ્રષ્ટિએ જોનારા, યોગીંદ્ર, યોગીઓના ઇશ્વર જેમનું શરીર કપુર સ્ફટિક અને કુન્દ પુષ્પની માફક લાવણ્યયુકત અને ભસ્મભૂષિત થઇ શોભાને આપે

છે. એવા દિગંબર એટલે વસ્ત્રભૂષણ રહિત છે, જેમના મસ્તકમાં જટા આવી રહી છે, જેમાથી શ્રી ગંગાજી પોતાની ધારા પૃથ્વીપર વિસ્તાર કરી રહી છે, તેમના ગળામાં સર્પની માળા શોભાયમાન થઇ રહી છે. મસ્તકમાં અર્ધ ચંદ્ર ઝળકી રહ્યા છે. હાથમાં ત્રિશુળ શોભી રહ્યું છે, તે વખતે જીવોના મુક્તિદાતા, નિર્વિકલ્પ, ભયહારી, નિરંજન, સર્વનું હિત કરવાવાળા દેવાદિદેવ, પંચાનન કૈલાસ પર્વતને શોભાયમાન કરવાવાળા મહામાયા ગિરિજાના મુખ કમળ તરફ પ્રેમવશી ભુત થઇને અનન્ય ચિત્તે જોવા લાગ્યા. ૧૩

कैलास शिखरे रम्ये भक्ति साधन हेतवे ॥
प्रणम्य पार्वती भक्त्या शंकरं परिपृच्छति ॥ १४

હે મુનીઓ ! રમણિક એવા કૈલાસ પર્વતના શિખરને વિષે ભક્તિ સાધનના હેતુપૂર્વક ભક્તિ થકી પાર્વતિ. શંકર પ્રત્યે નમસ્કાર પૂર્વક પુછવા લાગ્યાં. ૧૪

प्रसन्न[illegible]वीक्ष्य लोकानां हितकाम्यया ॥
विनया[illegible]ता देवीपार्वती शिवमब्रवीत् ॥ १५

તે વખતે વિદ્યારૂપિ ઉમાદેવી પરમ ભક્તિ યુક્ત થઇ હાથ જોડી વિનય સહિત, હાસ્ય મુખ થઇ જીવોના મંગળ માટે બોલ્યાં. ૧૫

॥ श्री पार्वत्युवाच ॥

પાર્વતી બોલ્યા.

ॐ नमो नमस्ते देवदेवेश परात्पर जगद्गुरो ॥
सदाशिव महादेव गुरुदीक्षां प्रयच्छमे ॥ १६

હે દેવેશ, હે સદાશિવ, હે જગદ્ગુરૂ ! હું તમને પ્રણામ કરૂં છું. હે મહાદેવ : મને ગુરૂ દીક્ષા આપો. ૧૬

भगवन् सर्व धर्मज्ञ वृतानां वृतनायकम् ॥
ब्रुहिमे कृपया शंभो गुरु माहात्म्यमुत्तमम् ॥ १७

હે સર્વ ધર્મને જાણવા વાળા શ્રી શંકર-સકલ વ્રતોને વિષે શ્રેષ્ટ એવા ઉત્તમ ગુરૂ મહાત્મ્યને કૃપા કરીને મને કહી સંભળાવો. ૧૭

केन मार्गेण भोः स्वामिन् देही ब्रह्ममयो भवेत् ॥
त्वं कृपां कुरुमे स्वामिन् नमामि चरणौ तव ॥ १८

હે સ્વામિન ? કયા માર્ગ વડે દેહનો અભિમાની દેહીજીવ બ્રહ્મ પદને પ્રાપ્ત કરી શકે છે ? તે કૃપા કરી મને કહો; હે સ્વામિન ! હું તમારા ચરણમાં વારંવાર નમસ્કાર કરૂં છું. ૧૮

शालिग्राम स्वयंविष्णुः सुते जाडसौ जनार्दनः ॥
पितांबरो नित्यमुक्तोऽनंताय नमोनमः ॥ १९

શાલિગ્રામ, વિષ્ણુરૂપ, સારા તેજસ્વી, જનને ગતિ કરાવનાર, પિતાંબર ધારણ કરનાર, નિત્ય મુક્ત એવા શ્રી બ્ર[illegible]સ્કાર છે. ૧૯

नमोस्तु नारसिंहाय श्रीधराय नमोनमः ॥
नमो वामनरुपाय देही ब्रह्ममयो भवेत् ॥ २०

શ્રી નૃસિંહરૂપ, શ્રીધરરૂપ, વામનરૂપ એવા શ્રી પ્રભુ તમને નમસ્કાર છે, આપની કૃપાવડે દેહી જેમ મનુષ્ય તે બ્રહ્મ મય થાય છે. ૨૦

नमोनमस्ते गुरवे महात्मने विमुक्तसंगाय सदुत्तमाय ॥
नित्याद्वयानंदरस स्वरुपिणे भुम्ने
सदापारदयाम्बुयाम्ने ॥ २१

આપ ગુરૂ કે જે મહાત્મા સંગથી રહિત, સદ્પુરૂષોમાં ઉત્તમ નિત્ય તથા અદ્વિતીય આનંદ રસ સ્વરૂપ વ્યાપક અને સર્વદા અપાર

દયાના સમુદ્રરૂપ છે તેમને પ્રણામ કરૂં છું. ૨૧

॥ श्री महादेव उवाच ॥

શ્રી મહાદેવજી બોલ્યા.

यस्य देवे पराभक्ति र्यथा देवे तथा गुरौ ॥
तस्यै ते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ २२

જે મનુષ્યની દેવને વિષે જેવી ભક્તિ હોય તેવીજ જ્યારે ગુરૂને વિષે થાય છે ત્યારે તે પુરૂષને બ્રહ્મ જ્ઞાન સંબંધી જે અર્થ કહ્યા હોય તે તેના હૃદયનેવિષે પ્રકાશમાન થાય છે. ૨૨

गुकारस्त्वंधकारस्या रुकारस्तद्विनाशकृत् ॥
अंधकार विनाशित्वा द्गुरुरित्य भिधीयते ॥ २३

ગુ એ શબ્દનો અર્થ અંધારારૂપ (અજ્ઞાન) છે અને રુ એનો અર્થ અંધકારનો નાશ કરનાર થાય છે, માટે ગુરુ એટલે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર છે. ૨૩

मम [illegible] देवित्वं त्वत्प्रीत्यर्थं वदाम्यहं ॥
लोकोपकारकः प्रश्नो न केनापि कृतः पुरा ॥ २४

હે દેવી ? તું મારૂં સ્વરૂપ છે; તેટલાજ માટે તારી પ્રીતી (ભક્તિ) ને અર્થે અને લોકોના ઉપકારને માટે આજસુધી કોઇએ ન પુછેલો એવો પ્રશ્ન તેં કર્યો, માટે એ પ્રશ્નનો ઉત્તર હું તને કહું છું. ૨૪

योगुरुः सशिवः प्रोक्तोयः शिवः सगुरुः स्मृतः ॥
विकल्पं यस्तु कुर्वीत स नरो गुरु तल्पगः ॥ २५

જે ગુરૂ છે તે સદાશિવ છે, જે સદાશિવ છે તે સદ્ગુરૂ છે તે ઉભય એકય સ્વરૂપ પરમાત્મામાં જે ભેદાભેદ કરે છે તે મનુષ્યને ગુરૂ

શય્યામાં પગ મુકયાનું પાપ લાગે છે. ૨૫

दुर्लभं त्रिषु लोकेषु तत् शृणुस्व वदाम्यहं ॥
गुरुं ब्रह्म विनानाम्यत् सत्यं सत्यं वरानने ॥ २६

હે પાર્વતિ દેવિ ? જે ત્રણુ લોકને વિષે દુર્લભ છે તે હું તારા મોઢા આગળ કહું છું તે સાભળ કે સદ્‌ગુરૂ બ્રહ્મવિના બીજું કંઇજ નથી એ સત્યતાથી સત્યજ છે. ૨૬ +

वेंदशास्त्र पुराणानी इतिहासादिकानि च ॥
मंत्र यंत्रादि विद्यानां स्मृति रुच्चाटनादिकम ॥ २७

વેદ, શાસ્ત્ર, પુરાણો, ઇતિહાસાદિ મત્રયત્ર વિદ્યાઓ અને સ્મૃતિઓ તથા ઉચ્ચાટના દિકના પ્રયોગો. ૨૭

शैव शाक्तागमादिनी हयन्ये च बहवोमताः ॥
अपभ्रंशः समस्तानां जीवानां भ्रान्त चेतसांम् ॥ २८

તેમ શૈવ શાક્તાદિ શાસ્ત્રોના ઘણા મતો છે [illegible] જેમાના ઘણાખરાતો અપભ્રંશ રહેલા એવાં તે ભ્રાંતચિત્ત [illegible]કોને મોહ-પમાડનારાં છે માટે ગુરૂની સેવા કરવાથી તે ગુરૂના વચનથી નિ:સંશય થશે. ૨૮

वेंद शास्त्र पुराणानी कृत्वा वै गुरुकाम्यया ॥
स्वयंलोकगुरुः साक्षाज्जायते वेंदतत्ववित् ॥ २९

માટે વેદ, શાસ્તો, અને પુરાણો જે કોઇ ગુરૂની ભક્તિ કરી તેમનાં મુખાર્વિંદથી સમજશે તે વેદ તત્વને જાણનાર સાક્ષાત્ રૂપ થશે. ૨૯

+ આ ગુરૂગીતામાં શ્રી પરબ્રહ્મનીજ ગુરૂ રૂપે સ્તુતિ અને વર્ણન છે.

तपस्तपो व्रतं तीर्थं यज्ञो दानं तथैव च ॥
गुरु तत्त्वमविज्ञाय सर्वं व्यर्थं भवेत् प्रिये ॥ ३०

જપ, તપ, વ્રત, તીર્થ, યજ્ઞ અને દાન વિગેરે કરનારાઓને જ્યાં સુધી ગુરૂતત્ત્વ જાણવામાં આવ્યુ નથી ત્યાં સુધી તે સર્વ વ્યર્થજ છે. ૩૦

यज्ञं दानं तप स्तीर्थव्रतं धर्म्मंत थैव च ॥
गुरुतत्त्वम विज्ञाय मूढाः कुर्वन्ति तेजनाः ॥ ३१

જે જનો ગુરૂતત્ત્વને નહિ જાણિને યજ્ઞ, દાન, તપ, તીર્થ, વ્રત, ધર્મ વિગેરે કરે તેને મુર્ખ જાણવા. ૩૧

गुरु बुद्ध्यात्मनो नान्य{ सत्यं सत्यं वरानने ॥
स्वलाभार्थं प्रयत्नस्तु कर्त्तव्यश्च मनिषिभिः ॥ ३२

હે દેવી! પોતાના આત્માને સદ્ગુરૂ પરમાત્મા સ્વરૂપે માનવો બીજા રૂપે [illegible] એજ સત્ય છે, માટે વિદ્વાન પુરૂષોએ તે પ્રાપ્ત કરવા માટે [illegible] કરવો. ૩૨

गुढा [illegible]द्या जगन्माया देहमज्ञान संभवम् ॥
विज्ञानं तत् प्रसादेन गुरुशब्देन कथ्यते ॥ ३३

હે જગદંબા! આ અજ્ઞાનથી ભાસતા એવા દેહને વિષે જેનો કૃપા પ્રસાદથી વિજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેને "સદ્ગુરૂ" એવા શબ્દથી કહેવાય છે ૩૩

गुढ विद्या जगन्माया देहमज्ञान संभवं ॥
उदयं स्वप्रकाशेन गुरुशब्देन कथ्यते ॥ ३४

ગુપ્ત વિધ્યા કે જે જગત્ અને માયાનો વિવેક અને અજ્ઞાનથી

ઉત્પન્ન થયેલો જે આ દેહ તેનું જ્ઞાન ગુરૂના શબ્દ પ્રકાશ વડે ઉદય થાય છે. માટે ગુરૂ એજ શ્રેષ્ઠ છે, એમ કહેવાય છે. ૩૪

यदंघ्रि कमल द्वंद्वं द्वंद्व ताप निवारकम् ॥
तारकं भवसिन्धोश्च श्रीगुरुं प्रणमाम्यहम् ॥ ३५

જેના (અન્તે) ચર્ણકમલ દ્વંદ્વરૂપ તાપનુ નિવારણ કરનાર છે અને સંસાર સમુદ્રથી તારનાર છે. એવા શ્રી સદ્ગુરૂ પરમાત્માને હુ નમસ્કાર કરૂં છું. ૩૫

प्रणवाभ्यासनोक्त कर्मणोः करणेनापि गुरोर्निषवणात् ॥
अपगच्छति मानसंमलं क्षमते तत्वमुदीरितं ततः ॥ ३६ ॥

પ્રણવ (ૐ) ના જપનો અભ્યાસ કરવાથી, શાસ્ત્રોકત નિષ્કામ કરવાથી, અને સદ્ગુરૂની સેવાથી (ભક્તિ કરવાથી) મનના મેલ દુર થઇ જાય છે ત્યારે ગુરૂએ કહેલા આત્મતત્વને ધારણ કરવાને સમર્થ થાય છે. ૩૬

देहि ब्रह्म भवेद्यस्मात् त्वत्कृपार्थं वदामि
सर्व पाप विशुद्धात्मा श्री गुरोः पादसेवनात् ॥ ३७

શ્રી ગુરૂના ચર્ણ કમળની સેવા કર્યાથી સર્વ પાપથી વિમુકત થવાય છે અને તે મનુષ્ય તેની કૃપા વડે બ્રહ્મ રૂપ થાય છે તે વાત હું તને કહું છું

सर्वतीर्थावगाहस्य संप्राप्नोति फलं नरः ॥
गुरोः पादोदकं जलं पीत्वा शेषं शिरसि धारयन् ॥ ३८

શ્રી સદ્ગુરૂના પાદોદકનું જલપાન કરી અને શેષ રહેલું શિર ઉપર ધારણ કરવાથી સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. ૩૮

शोषणं पाप पंकस्य दीपनं ज्ञानतेजसः ॥
गुरोः पदोदकं सम्यक् संसारार्णवतारकम् ३९.

* ગુરૂના ચરણું કમળનુ ચર્ણોદકપાન કરવાથી સંસાર રૂપી સમુદ્રથી તારણ કરે છે, જ્ઞાન રૂપી દીવાને દીપાવનાર અને સઘળા પાપ રૂપ કીચડ (કાદવ) નો નાશ કરનાર એવું છે. ૩૯

परिपक्वमतेः सकृच्छतं जनयेदात्मधियं श्रुतेर्वचः ॥
परिमन्दमते शनैः शनै गुरुपादाब्जनिषेवणादिना: ॥ ४०

પરિપક્વ બુદ્ધિવાળાને શ્રુતિનુ વાક્ય એકવાર સાંભળવાથીજ જ્ઞાન ઉત્પન્ન થાય છે, પણ મંદ બુદ્ધિવાળાને ગુરૂના ચર્ણારવિંદનુ સેવન આદિ કરતાં કરતાં ધીરેધીરે જ્ઞાન ઉત્પન્ન થાય છે. ૪૦

अज्ञान मूल हरणं जन्म कर्म निवारणं ॥
ज्ञान वैराग्य सिध्ध्यर्थं गुरु पादोदकं पिबेत् ॥ ४१

માટે ગુરૂના ચર્ણકમળનું જળ મૂળમાં રહેલું છે જે અજ્ઞાન તેનો નાશ [illegible] જન્મ કર્મને નિવારણ કરે છે, અને જ્ઞાન અને વૈરાગ્ય આપે છે. માટે પીવુંજ જોઇએ. ૪૧

---

* જન્મ મૃત્યુ સ્વરૂપ આ સંસાર સમુદ્ર છે તેને ગુરૂ ચર્ણોદિકનુ પાનથી કેમતરાય ? આવો પ્રશ્ન સર્વ કોઇ કરશે. આનું સમાધાન શ્રી પંચાનન ભટાચાર્યે નીચે પ્રમાણે કહ્યું છે કે—શ્રી ગુરૂનો દક્ષણ પાદજો અંગુષ્ઠ જેવા હાથમાં ઝાલીએ છીએ કે તુરત મસ્તકમાં રહેલા નિરાલમ્બ અને અવ્યકત કમલમાંથી શુદ્ધ સાત્વિક રસ વહેવા લાગે છે, (મસ્તક સુધી નાડી છે) અને તે પગ ધોતાં મિશ્ર થાય છે, અર્થાત શુદ્ધ સાત્વિક બલિદાયક રસનુંજ પાનકરીએ છીએ.

गुरु पादोदकं पानं गुरोरुच्छिष्ट भोजनम् ॥
गुरुमूर्तिः सदाध्यानं गुरुस्तोत्रं सदाजपेत् ॥ ४२

હંમેશાં સદ્દગુરૂ પરમાત્માના પાદોદકનું પાન કરવું. સદ્દગુરૂનું ઉચ્છિષ્ટ ભોજન કરવું. સદ્દગુરૂ પરમાત્માની મુર્તિનું હૃદયમાં ધ્યાન ધરવું અને સદૈવ ગુરૂના આપેલા મંત્રનું સ્મરણ કરવું (સદ્દગુરૂ પરમાત્માના સ્ત્રોત્રનું સદા અધ્યયન કરવું.) ૪૨

स्वदेशि कस्यैव च नाम कीर्त्तनम् ।
भवेदने तस्य शिवस्य कीर्त्तनम् ॥
स्वदेशी कस्यैव च नाम चिंतनम् ।
भवेदनं तस्य शिवस्य चिन्तनम् ॥ ४३

સદ્દગુરૂ મહાજના નામનુ કિર્તાન કરવાથી અનંત એવા સદા શિવનુંજ કિર્તન થાય છે. સદ્દગુરૂ મહારાજના નામનું ચિંતન કરવાથી અનંત એવા સદાશિવનુંજ ચિંતન થાય છે.

यत् पादरेणु वैनित्यं कोऽपि संसार वा[illegible] ।
सेतु बंधायते नाथ देशिकं तमुपास्महे ४४ ॥

જેના ચરણકમળની રજ આ કોઇ પણ સંસાર સાગરમાંથી તારવાને સેતુ (પાજ) સ્વરૂપ છે. એવા સદ્દગુરૂ જગન્નાથની હું ઉપાસના કરૂં છું. ૪૪

यस्मादनुग्रहं लब्ध्वा महदज्ञानमुत्सृजेत् ॥
तस्मै श्रीदेशिकेन्द्राय नमश्चाभिष्ट सिद्धये ॥ ४५

જેની કૃપા પ્રાપ્ત થવાથી મહદ્ અજ્ઞાનમાંથી મુકત થવાય છે તે સદ્દગુરૂ મહારાજને અભિષ્ટ સિદ્ધિને માટે નમસ્કાર કરૂં છું. ૪૫

काशी क्षेत्रं निवासश्च जान्हवी चरणोदकं ॥
गुरु विश्वेश्वरः साक्षात् तारकं ब्रह्म निश्चितम् ॥ ४६

ગુરુને વિષે મનનો નિવાસ રાખ્યો હોય તો કાશીક્ષેત્રમા રહ્યા હોય એટલું પુન્ય લાગે છે. ગુરુનું ચર્ણોદક ગંગાજીના જળ જેવું છે. ગુરૂમાંને શ્રી વિશ્વેશ્વરમાં કાંઇજ ફેર નથી. અને જેનો આપેલો મંત્ર તે સાક્ષાત્ તારકમંત્ર સ્વરૂપ છે તે સદ્ગુરૂ મહારાજ છે. ૪૬

शिरः पादांकितं कृत्वागयास्ते चाक्षयोवटः ॥
तीर्थराज प्रयागोऽसौ गुरुमूर्त्यै नमोनमः ४७

માટે દરેક મનુષ્યે ગુરુના ચર્ણકમળ વિષે મસ્તક નમાવી અથવા સદ્ગુરૂ મહારાજના ચર્ણ પોતાના માથા ઉપર ધારણ કરવાથી ગયાજીગયાનું ને અક્ષયવટ ગયાનું, પુષ્કર રાજ, તીર્થ અને પ્રયાગ રાજ ગયાનું ફળ છે એવા ગુરૂને મારા નમસ્કાર છે. ४७

गुरु मूर्त्तिं स्मरेन्नित्यं गुरोर्नाम सदा जपेत् ॥
गुरो[illegible] प्रकुर्वीत गुरोरन्यन्न भावयेत् ॥ ४८

ગુરૂ મૂર્તિનું નિત્ય સમરણ કરવું. ગુરુનામનો સદાયે જપ કરવો. શ્રી ગુરૂ મહારાજની આજ્ઞા પાળવી; એમ ગુરૂ મહારાજથી અન્ય કાંઇપણ નથી એવી ભાવના કરવી. ४८

गुरुवक्त्रे स्थितं ब्रह्म प्राप्यते तत्प्रसादतः ॥
गुरोर्ध्यानं तथा कुर्यान्नारीस्वैरिणी यथा ॥ १९

ગુરૂ મુખમાં બ્રહ્મ વસ્તુ સ્થિત છે. તે તેની કૃપાથી પ્રાપ્ત થાય છે. જેમ સ્વચ્છંદી સ્ત્રી પરપુરૂષનું ધ્યાન કરે છે તેમ સદ્ગુરૂ મહારાજનું ધ્યાન કરવું. ४५

स्वाश्रमं च स्वजातिं च स्वकिर्तिं पुष्टिवर्धनम् ॥
एतत्सर्वं परित्यज्य गुरोरन्यन्न भावयेत् ॥ ५०

પોતાનો આશ્રમ, પોતાની સ્વજાતી, પુષ્ટિને આપનાર એવી પોતાની કિર્તિ એ સર્વના અભિમાનને ત્યાગ કરીને સદ્ગુરૂથી બીજી ભાવના કરવી નહીં. ૫૦

अनन्याश्रितयंतो मां सुलभं परमं पदं ॥
तस्मात्सर्व प्रयत्नेन गुरोराधनं कुरु ॥ ५१

હે દેવિ ? અનન્યચિત્ત વૃત્તિએ કરીને સુલભ એવું જે ગુરૂનું પરમ પદ તેનું સર્વ પ્રયત્ન વડે આરાધન કર. ૫૧

गुरु वक्तोच्छिता विद्या गुरुभक्त्या तु लभ्यते ॥
त्रैलोक्य स्फुटवक्तारो देवाद्या सुरपन्नगाः ॥ ५२

ગુરૂની ભક્તિ વડે ગુરૂએ બતાવેલી વિધ્યા પ્રાપ્ત થાય છે, તેમની કૃપા વડે ત્રૈલોકયમાં સારા ઉપદેશ કરનાર તે [illegible] થાયછે. ગુરૂની કૃપા વડેજ દેવ, અસુર, પન્નગ ઇત્યાદિ સ્થાનો [illegible] થયાંછે ૫૨

मनोऽनु वर्तेत दिवानिशं गुरौ गुरुर्हिसाक्षाच्छिवएवतत्त्ववित ॥
निजानु वृत्या परितोषितो गुरु र्विनेयवक्तंकृपया हि वीक्षते ॥५३

રાતે અને દિવસે ગુરૂમાંજ ચિત્ત રાખવું જોઇએ કારણ કે તત્વવેત્તા ગુરૂ સાક્ષાત્ સદાશિવ રૂપજ છે. સેવાથી પ્રસન્ન થયલા ગુરૂ કૃપાથી શિષ્યના મુખ સામું જુએ છે. ૫૩

१ साकल्प वल्लीव निजेष्टमर्थं फलत्यवश्यंकिमकार्यमस्याः ॥
आज्ञा गुरोस्तत्परि[illegible]लन [illegible] मोदमानीयविद्यांतुमिष्टा ॥५४

ગુરૂની કૃપા કલ્પ વૃક્ષની લતાની પેઠે પોતાના ઇષ્ટ ફલને અવ-

શ્ય આપે છે. ગુરૂની કૃપાથી નહિ બની શકે એવું કશું નથી એટલા માટે ગુરૂની આજ્ઞા પાળવી જોઇએ અને ચિત્તમાં હર્ષ ધરીને તે પ્રમાણે વર્તવું જોઇએ. ૫૪ ૧

गुकारश्चान्धकाराह रुकारस्तेजः उच्यते ॥
अज्ञान ग्रासकं ब्रह्म गुरुरेव न संशयः ॥ ५५

गुरु શબ્દમા ગુકાર અધકારરૂપ (અજ્ઞાન) છે, અને **रु**કાર તે તેજ સ્વરૂપછે માટે અજ્ઞાનરૂપ અધકારને નાશ કરવાવાળું **गुरु** નામ છે, માટે હે દેવિ? પર બ્રહ્મ અને ગુરૂ એ એકજ છે એમાં સંશય નથી. ૫૫.

गुकारश्चान्धकारः स्यात् रुकारस्तेज उच्यते ॥
अज्ञानध्वंसकं ब्रह्म गुरुरेवन संशय ॥ ५६

गुरु શબ્દમાં **गुकार** છે તે અધકારનો વાચક છે અને **रुकार** છે તે સ્વયં પ્રકાશનો વાચક છે. એમ અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશકાર સ્વયંપ્ર[illegible]સ્વરૂપ સદ્ગુરૂજ છે એમાં સંશયનથી. ૫૬

गुशब्दस्त्वन्धकारः स्याद्रुशब्दस्त न्निरोधकः ॥
अन्धकारनिरोधित्वाद् गुरुरित्यभिधियते ॥ ५७

गु શબ્દનો અર્થ અન્ધકાર અને **रु** શબ્દનો અર્થ તેમનો નાશ

---

१ **आराधितं दैवतमिष्टमर्थं ददाति तस्याधिगमो गुरोःस्यात् ॥**
नोचेत्कथं वेदितुमीश्वरोऽममतींद्रिय दैवतमिष्टदंस्यात् ॥

આરાધેલા દેવ ઇષ્ટ ફલ આપે છે જો ગુરૂ ન હોય તો મૂઢ પુરૂષ ઇન્દ્રિયોથી અગમ્ય દેવને શી રીતે જાણી શકે? અને નહિ જાણે તોતે દેવને ઇષ્ટ ફલને પણ કેમ આપે?

કરનાર છે, તેથી જે અજ્ઞાનરૂપ અન્ધકારનો નાશ કરે તેજ गुरु શબ્દ વાચ્ય છે. ૫૭

गुकारश्चान्धकारस्तु रुकारस्तन्निरोधकृत् ॥
अंधकाराविनाशित्वात् गुरुरित्यभिधियते ॥ ५८

गुरु શબ્દમાં गु અંધકાર વાચક છે અને रु તેનો નિરોધકર્તા છે. એમ અંધકારનો વિનાશ કરનાર તે सद्गुरु એ પ્રમાણે કહેવાય છે. ૫૮

गुकारश्च गुणातीतो रुपातीतो रुकारकः ॥
गुणरुपविनिहत्वात् गुरुरित्यभिधियते ॥ ५९

गुरु શબ્દમાં गुकार ગુણાતીતછે. અને रुकार રૂપાતીતછે. માટે ગુણ અને રૂપનાવિહિન પણાથી सद्गुरु એ પ્રમાણે કહેવાય છે. ૫૯

गुकारः प्रथमो वर्णो मायादि गुण भासकः ॥
रुकारोऽस्ति द्वितीयं परंब्रह्ममाया भ्रान्ति [illegible]पोचकं ॥६०

गु એ પ્રથમ વર્ણ છે તે માયાદિ સઘળા ગુણો [illegible] રજ,તમ)નો પ્રકાશ કરનાર છે ને रु એ બીજો વર્ણ છે તે માયાદિ ભ્રમણાનો નાશ કરેછે તે પર બ્રહ્મરૂપછે; તેથી गु શબ્દ શગુણ અને रु શબ્દ નિર્ગુણ અવસ્થાનો પ્રતિ પન્ન કરી ગુરુ શબ્દ બન્યો તેજ સદ્ગુરૂ છે. ૬૦

गकारः सिद्धिदः प्रोक्तोरेफः पापस्य दाहकः ॥
उकारः शम्भु रित्युक्त स्तृतयात्मागुरुः स्मृतः ॥ ६१

गुकारनो અર્થ સિધ્ધદાતા रुकार નો અર્થ પાપ હર્તા उकारनो અર્થ શિવ છે, અર્થાત્ સિધ્ધદાતા શિવ અને પાપહર્તા શિવ એવો અર્થ ग-उ અને र-उ બોધક गुरु શબ્દને સમજવું ઉચ્ચિત છે. ૬૧

एवं गुरुपदं श्रेष्टं देवानामपि दुर्लभम् ॥
हा हा हु हु गणैश्चैव गंधर्वाद्यैश्च पूजितम् ॥ ६२

એ પ્રમાણે દેવ લોકોમાં ગુરૂપદ શ્રેષ્ટ છે અને તેથીજ हा हा हू हू નામે ગંધર્વો તેમજ દેવ ના ગણો વિગેરે ગુરૂનું ગાન કરી પુજેલું છે. ૬૨

ध्रुवं तेषां च सर्वेषां नास्ति तत्वं गुरोः पदं ॥
गुरोराधनं कार्यंस्वजीवित्वं निवेदयेत् ॥ ६३

તે બધાઓને "સદ્‌ગુરૂ"પદથી બીજું નિશ્ચયપદ નથી માટેજ ગુરૂની આરાધના કરવી અને પોતાનું જીવત્વ એટલે જીવપણાનું અભિમાન અર્પણ કરવું. ૬૩

ध्रुवं तेषां च सर्वेषां नास्ति तत्वं गुरोःपदं ॥
आसनं शयनं वस्त्रं वाहनं भुषणादिकं ॥ ६४

તે સર્વનો નિશ્ચય એવો છે કે ગુરૂપદ સમાન બીજું તત્વ નથી. માટે ગુરૂને પૂજન, અર્ચન, ભુષણ, શયન, વાહાન, વસ્ત્ર ઇત્યાદિ અર્પણ કરવું. ૬૪

साधके न प्रदातव्यं गुरोःसंतोषकारकं ॥
गुरोराराधनं कार्यं सर्वस्वं च निवेदयेत् ॥ ६५

સાધક જે શિષ્ય તેણે એટલું આપી ગુરૂને સંતોષ પમાડી ગુરૂનું આરાધન કરવું. અને ગુરૂના મુખ આગળ કાંઇપણ ગુપ્ત ન રાખતાં સર્વ નિવેદન કરવું. ૬૫

दीर्घदण्ड नमस्कृत्य निर्लज्जो गुरु सन्निधा ॥
आत्मदारादिकं सर्वं गुरवे च निवेदयेत् ॥ ६६

દંડવત કરવો તો ગુરૂની સામે લાજ મુકીનેજ કરવો. તન મન

ધનદારા ઇત્યાદિક સર્વ ગુરૂને અર્પણ કરી સદા તેનુંજ ધ્યાન ધરવું. ૬૬

आसनं शयनं वस्त्रं वाहनं भुषणादिकम् ॥
साधके न प्रदातव्यं गुरु संतोषकारकं ॥ ६७

સદ્‌ગુરૂની ઉપાસના કરનાર સદ્ શિષ્યે પોતાના ગુરૂના સંતોષને માટે આસન, શય્યા, વસ્ત્ર, વાહન, ભુષણ આદિ ગુરૂને આપવું. ૬૭

कर्मणा मनसा वाचा सर्वदाराधरोद्गुरु ॥
दीर्धदण्डं नमस्कृत्य निर्लज्जो गुरुसन्निधौ ॥ ६८

કર્મ વડે, મન વડે, વાણી વડે હમેશાં ગુરૂની આરાધના કરવી અને ગુરૂની સનિદ્ધ રહી નિર્લજ્જ થઇને તેમને સાષ્ટાંગ દંડવત નમસ્કાર કરવાં. ૬૮

शरीरमर्थ संप्राप्तिं मन्दुरुभ्यो निवेदयेत् ॥
आत्मदारादिकं चैव सद्गुरुं च निवेदयेत् ॥ ६९

શ્રી પરબ્રહ્મ રૂપ સદ્‌ગુરૂને પોતાનું તન મન ધન દારા ઇત્યાદિક સર્વ અર્પણ કરી સદા તેનુંજ ધ્યાન ધરવું. ૬૯

शरीर मिन्द्रियं प्राणं अर्थ स्वजन बान्धवान् ॥
आत्मदारादिकं सर्वं सन्दुरुभ्यो निवेदयेत् ॥ ७०

શરીર ઇન્દ્રિય, પ્રાણ અર્થ (લક્ષ્મી) સ્વજન, બાંધવ અને પોતાના સ્ત્રી પુત્રાદિક સર્વે શ્રી ગુરૂ મહારાજને અર્પણ કરવાં. અર્થાત એ સર્વ ગુરૂ પ્રસાદ રૂપ છે એમ જાણવું. ૭૦

गुरुरेको जगत्सर्वं ब्रह्म विष्णु शिवात्मकम् ॥
गुरोः परतरं नास्ति तस्मात्तं पूजयेत् गुरुम् ॥ ७१

સદ્‌ગુરૂ પરમાત્મા બ્રહ્મા, વિષ્ણુ તથા મહાદેવ સ્વરૂપે એકજ

છે. સદ્‌ગુરૂથી શ્રેષ્ઠ અન્ય નથી એટલા માટે શ્રી સદ્‌ગુરૂનું પૂજન કરવું. ૭૧

सर्व श्रुति शिरोरत्न निराजित पद्माम्बुजम् ॥
वेदान्तार्थ प्रवक्तारं तस्मात्संपूजयेत् गुरुम् ॥ ७२

જેના ચર્ણ કમલમાં તમામ શ્રુતિઓના માથા રૂપ રત્ન નમીને રહેલાં છે એવા વેદાન્તના અર્થનો પ્રકાશ કરનાર ગુરૂ મહારાજનું પૂજન કરવું, ૭૨

यस्य स्मरण मात्रेण ज्ञानमुत्पद्यते स्वयम् ॥
सएव सर्व संपत्तिः तस्मात्संपूजयेत् गुरुम् ॥ ७३

જેમના સ્મરણ માત્રથી પોતાની આપેજ જ્ઞાન પ્રકાશ પામે છે. તેજ સદ્‌ગુરૂ સર્વ સંપત્તિ સ્વરૂપ છે. એવા સદ્‌ગુરૂનું સદા પૂજન કરવુ. ૭૩

कृमि कीटं भस्म विष्ठा दुर्गंधि मल मूत्रकम् ॥
श्लेष्[illegible]क त्वचा मांसैः न द्रुंचैतद्वरानने ॥ ७४

હે પાર્વતી દેવિ? કૃમી, કીટ, ભસ્મ, દુર્ગંધી, મળમુત્ર, કફ, રૂધીર, ચામડી માંસ તેનાથી આ શરીર બધાયેલું છે. ૭૪

संसार वृक्ष मारूढाः पतंति नरकार्णवे ॥
यस्तानुद्धरते सर्वान तस्मै श्री गुरवेनमः ॥ ७५

આ સસાર રૂપી વૃક્ષ ઉપર આરૂઢ થયેલા એવા પ્રાણીઓ નર્ક રૂપી સમુદ્રમાં પડે છે. એવા લોકોનો સદ્‌ગુરૂ વડે ઉદ્ધાર થાય છે એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૭૫

गुरुब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ॥
गुरुरेव परंब्रह्म तस्मै श्रीगुरवेनमः ॥ ७६

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણે દેવો ગુરૂ રૂપજ છે અને એ ત્રણે રૂપો જેમાંથી ઉત્પન્ન થયાં છે એવા શ્રી પરબ્રહ્મ રૂપ ગુરૂને મારા નમસ્કાર છે. ૭૬

अज्ञान तिमिरांधस्य ज्ञानांजन शलाकया ॥
चक्षु रुन्मीलितं येन तस्मै श्रीगुरवेनमः ॥ ७७

અજ્ઞાન રૂપી અંધકારમાં આંધળા થઇ ગયલાને જ્ઞાન રૂપી અંજની સળી વડે જેણે ચક્ષુ ખોલી આપ્યાં છે એવા સદ્ ગુરૂને મારા નમસ્કાર છે. ૭૭

स्थावरं जंगमं व्याप्तं यत्किंचित् सचराचरम् ॥
त्वंपदं दर्शितं येन तस्मै श्रीगुरवेनमः ७८

યતૂકિંચીત રૂપે સચરાચર વ્યાપ્ત થયેલું આ સ્થાવર જગમ જગત જેણે "ત્વ" પદથી ઓળખાવ્યું એવા સદ્ગુરૂને મારા નમસ્કાર છે. ૭૮

अखण्ड मण्डलाकारं व्याप्तं येन चराचरम्
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवेनमः ॥ ७९.

અખંડ મંડલ રૂપ આકારવાળું સચરાચર જેનાથી વ્યાપ્ત છે એવું "તત્" પદ જેણે ઓળખાવ્યું છે એવા સદ્ ગુરૂને મારા નમસ્કાર છે. ૭૯

चिन्मयं व्यापितं सर्वं त्रैलोक्यं सचराचरम् ॥
असित्व दर्शितं येन तस्मै श्रीगुरवेनमः ॥ ८०

સચરાચર એવા ત્રૈલોકયમાં જે ચીન્મય સ્વરૂપ વ્યાપક છે એવું "અસિ" પદ જેણે ઓળખાવ્યું એવા સદ્ગુને મારા નમસ્કાર છે. ૮૦

सर्वश्रुति शिरोरत्नविराजित पदांबुजं ॥
वेदांतगर्भसूर्याय तस्मै श्रीगुरवेनमः ॥ ८१

જે સદ્‌ગુરૂનું ચર્ણારવિંદ સર્વ શ્રુતિ અને ઉપનિષદ વડે વિરાજીત થયેલું છે અને વેદાંત રહસ્યના પ્રકાશક એવા સૂર્યવત્ ગુરૂને મારા નમસ્કાર છે. ૮૧

यस्य स्मरणमात्रेण ज्ञानमुत्पद्यते स्वयं ॥
सदैव सर्व सपत्नीक तस्मै श्रीगुरवेनमः ॥ ८२

જે ગુરૂના સ્મરણ માત્રથી આપો આપ જ્ઞાન ઉત્પન્ન થાય છે એવા સદ્‌ગુરૂને સદૈવ સ્ત્રી સહવતમાન હું નમસ્કાર કરૂં છું. ૮૨

निमिषार्द्धार्द्ध पाताद्वा यद्वाक्या द्वै विलोकयते ॥
स्वात्मानं स्थिरमादत्ते तस्मै श्रीगुरवेनमः ॥ ८३

જેની વાક્યસિધ્ધિથી એક નિમિષના અર્ધના પણ અર્ધ ભાગમાં આત્મ સ્વ[redacted]સ્થિરતા પ્રાપ્ત થાય છે એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૮૩

चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतं निरंजनम् ॥
बिन्दु नाद कलातीतं तस्मै श्रीगुरवेनमः ॥ ८४

ચૈતન્ય સ્વરૂપ, આદિ અનાદિસિધ્ધ સ્વરૂપ શાન્ત સ્વરૂપ આકાશથી રહીત નિરંજન બિંદુ નાદબ્રહ્મ અને કલા (સોળે કલ)થી રહીત એવા પરીબ્રહ્મ સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૮૪

स्थावरं जंगमं चैवअक्षरं चरमेव च ॥
येन व्याप्तं जगत्सर्वं तस्मै श्रीगुरवेनमः ॥ ८५

સ્થાવર અને જંગમ ઇત્યાદિ ચરાચર જગત્ જેણે વ્યાપ્ત છે એવા બ્રહ્મરૂપ સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૮૫

निर्गुणं निर्मलं शान्तं जंगमं स्थिरमेवच ॥
व्याप्तं येन जगत्सर्वं तस्मै श्रीगुरवेनमः ॥ ८६

નિર્ગુણ, નિર્મળ, શાન્ત અને સ્થાવર જંગમ સ્વરૂપ જેના વડે આ સર્વ જગત્ વ્યાપ્ત છે એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૮૬

त्वं पिता त्वं च मे माता त्वं बन्धु स्त्वं च देवता ॥
संसार प्रीति भङ्गाय तस्मै श्रीगुरवेनमः ॥ ८७

તમે પીતા છો મારી મા પણ તમો છો તેમજ બંધુ છો તેમજ દેવતા છો એમ સંસારની પ્રીતિ ભંગકરવાને માટેજ સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૮૭

यत्सत्त्वेन जगत्सत्यं यत्प्रकाशेन भातियत् ॥
यदानन्देन नन्दान्ति तस्मै श्रीगुरवेनमः ।

જેની સત્યતાથી આ જગત્ સત્ય સ્વરૂપ જણાય છે. તથા તેના પ્રકાશ વડે આ સર્વ પ્રકાશે છે. તથા જેના આનંદથી આ સર્વ આનંદરૂપ છે એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૮૮

यस्मिन् स्थितमिदं सर्वं भातियम्दानुरुपतः ॥
यत्प्रिसा प्रियपुत्रादि तस्मै श्रीगुरवेनमः ॥ ८९

જેને વિષે આ સવ સ્થિતિ છે. તથા જે સૂર્ય સ્વરૂપે જણાય છે તથા જેની પ્રિતિ વડે પુત્રાદિપ્રિય છે એવા સદ્‌ગુરને મારા નમસ્કાર છે. ૮૯

येन चेतयताहीदं चित्तं चेतयते नरः ॥
जाग्रत्स्वप्न सुषुप्त्यादि तस्मै श्रीगुरवेनम ॥ ९०

જેના વડે આ સર્વ ચૈતનપણાને પામેછે તથા જેનાથી જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તાદિ ચિત્ત ચેતનપણાને પામે છે તે સદ્ગુરૂને મારા નમસ્કાર છે. ૯૦

यस ज्ञानमिदं विश्वं न दृश्यं भिन्नभेदतः ॥
सदैक रुप रुपाय तस्मै श्रीगुरवेनमः ॥ ९१

જેના જ્ઞાન વડે આ વિશ્વ ભિન્ન ભેદ સ્વરૂપે દેખાતું નથી કે જે સદાએ એકરૂપ પરમાત્મા સ્વરૂપજ જણાય છે, તે સદ્ગુરૂને મારા નમસ્કાર છે ૯૧

यस्या ज्ञातं मतं तस्य मतं यस्य न वेदमः ॥
अनन्य भाव भावाय तस्मै श्रीगुरवेनमः ॥ ९२

જેને[illegible] જાણવાને કોઇ સમર્થ નથી તથા જેમના અભિપ્રાય આ જગત જાણી શકતુ નથી પણ અનન્ય ભાવથી ભક્તિ કરનાર તે મને જાણે છે એવા સદ્ગુરૂને મારા નમસ્કાર છે. ૯૩

यस्मै कारण रुपाय कार्य रुपेण भातियत् ॥
कार्य कारण रुपाय तस्मै श्रीगुरवेनमः ॥ ९४

જે સદ્ગુરૂ પરમાત્મા કારણ રૂપ અને કાર્ય રૂપે પ્રકાશે છે. એવા કાર્ય કારણથી અરૂપ સદ્ગુરૂને મારા નમસ્કાર છે. ૯૪

नानारुपमिदं विश्वं न केनाप्यस्ति भिन्नता ॥
कार्य कारण रुपाय तस्मै श्रीगुरवेनमः ॥ ९५

નાના નાના પ્રકાશથી ભાસતું આ જગત્ કોઇનાથી પણ ભિન્ન

નથી એવા કાર્ય કારણ સ્વરૂપ સદ્‌ગુરૂ પરમાત્માને મારા નમસ્કાર છે. ૯૫

ज्ञान शक्ति समारुढ तत्त्वमाला विभूषितः ॥
भुक्ति मुक्ति प्रदाताच तस्मै श्रीगुरवेनमः ॥ ९६

જ્ઞાનરૂપી શક્તિના પૂર્ણતાને પહોંચેલા જ્ઞાનરૂપી શક્તિ ઉપર (વિરાજમાન રહેલા) અને તત્વરૂપી માલાથી વિભૂષિત થયેલા અને મુક્તિ (ભોગ અને મુક્તિ (મોક્ષને) પ્રદાન કરવાના (આપવામાં) સમર્થ છે, એવા શ્રી સદ્‌ગુરૂ પરમાત્માને મારા નમસ્કાર છે. ૯૬

अनेक जन्म संप्राप्त कर्म्म बंध विदाहिने ॥
स्वात्मज्ञान प्रभावेन तस्मै श्रीगुरवेनमः ॥ ९७

અનેક જન્મથી પ્રાપ્ત થયેલા જે કર્મ બંધ તેને આત્મજ્ઞાન રૂપ અંજનના પ્રભાવવડે બાળનારા એવા સદ્‌ગુરૂ મારા નમસ્કાર છે. ૯૭

अनेक जन्म संप्राप्त कर्म धर्म विदाहिने ॥
आत्म ज्ञानानल प्रभावेण तस्मै श्रीगुरवेनमः ॥ ९८

અનેક જન્માંતરથી પ્રાપ્ત થયેલા કર્મ ધર્મ તેને આત્મ જ્ઞાનરૂપી અગ્નિના પ્રભાવથી દહન કરનાર તે સદ્‌ગુરૂ મહારાજને મારા નમસ્કાર છે. ૯૮

* शोषण भवसिंधोश्च दीपनं ज्ञानसंपदां ॥
गुरुपादोदकं सम्यक् तस्मै श्रीगुरवेनमः ॥ ९९

આ ભવરૂપી સિંધુને શોષણ કરનારું અને જ્ઞાન રૂપી સંપત્તિને દિપાવનારૂં એવું જે ગુરૂનું પવિત્ર પાદોદક તેનું રૂડે પ્રકારે પાન કરી નમસ્કાર કરૂં છું. ૯૯

---

* જેમના ચરણોદક પાન કરવાથી પૂર્ણ એવું ભવસમુદ્રસુખ મળે છે અને તત્વ જ્ઞાન રૂપ સાધનસંપત્તિની પ્રાપ્તિ મળી જાય છે.

शोषणं भवसिन्धोश्च दिपनं क्षर संपदाम् ॥
गुरोःपादोदकं यस्य तस्मै श्रीगुरवेनमः ॥ १००

ભવસાગરને સુકાવનારેના શાત્નક સંપત્તિ દિપાવનાર જેમનું પાદોદક છે એવા સદ્‌ગુરૂ મહારાજને નમસ્કાર છે. ૧૦૦

नगुरोरधिकं तत्वं न गुरोरधिकं तपः ॥
गुरुज्ञानात्परं नास्ति तस्मै श्रीगुरवेनमः ॥ १०१

ગુરૂથી અધિક બીજુ કંઇજ નથી ગુરૂથી અધિ તપ નથી, ગુરૂના જ્ઞાનથી બીજુ કાંઇજ નથી માટે એવા ગુરૂને મારા નમસ્કાર છે ૧૦૧

न गुरोरधिकं तत्वं न गुरोरधिकं तपः ॥
तत्वज्ञानात्परं नास्ति तस्मै श्रीगुरवेनमः ॥ १०२

સદ્‌ગુરૂથી અધિક તત્વ જ્ઞાન ... નથી. તપશ્ચર્યા પણ સદ્‌ગુરૂથી અધિક નથી સદ્‌ગુરૂથી અધિક તત્વ જ્ઞાન પણ નથી શ્રી ગુરૂ... સંસારમાં બીજુ કંઇજ નથી એવા શ્રી ગુરૂને મારા નમસ્કાર છે. ૧૦૨

मन्नाथः श्रीजगन्नाथो मन्दुरुः श्रीजगन्गुरुः ॥
स्वात्मैव सर्व भूतात्मा त स्मै श्रीगुरवेनमः ॥ १०३

મારે સ્વામી તેજ જગતને સ્વામી છે. મારા ગુરૂ તે જગતના ગુરૂ છે. મારો આત્મા તેજ તમામ ભુત પ્રાણી માત્રનો આત્મા છે એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૧૦૩

गुरुरादिरनादिश्च गुरुः परमदैवतं ॥
गुरोः परतरं नास्ति तस्मै श्रीगुरवेनमः ॥ १०४

આદિરૂપ ગુરૂ છે અને અનાદિરૂપ પણ ગુરૂજ છે. ગુરૂએ પરમદૈવત છે. એટલે શ્રી ગુરૂએ દેવતાઓના દેવતા છે. શ્રી ગુરૂથી શ્રેષ્ટ આ દુનીઆમાં કંઇજ નથી એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૧૦૪

गुरुरादिरनादिश्च गुरुः परमदैवतम् ॥

गुरु मंत्र समो नास्ति तस्मै श्रीगुरवेनमः ॥ १०५

આદિ અનાદિ સદ્‌ગુરૂ છે પરમ દૈવત સદ્‌ગુરૂ છે. ગુરૂ મંત્ર સમાન અન્ય મત્ર નથી એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૧૦૫

एक एव परोबन्धु र्विषमे समुपस्थिते ॥

गुरुः सकल धर्मात्मा तस्मै श्रीगुरवेनमः ॥ १०६

સંકટના સમયમાં પ્રાપ્ત થતાં તમામ ધર્મને જાણનારા સદ્‌ગુરૂ મહારાજ એકજ પરમ બંધુ સમાન છે. એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૧૦૬

गुरुमध्ये स्थितं विश्वं विश्वमध्ये स्थितं गुरुम्

गुरुर्विश्वं नमस्तेऽस्तु तस्मै श्रीगुरवेनमः ॥ १०७

સદ્‌ગુરૂના મધ્યમાં આવિશ્વ છે અને આ વિશ્વના મધ્યમાં સદ્‌ગુરૂ છે. એવા વિશ્વ સ્વરૂપ સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૧૦૭

भवारण्य प्रविष्टस्य दिङ्मोह भ्रान्ति चेतसः ॥

येन संदर्शितः पन्थाः तस्मै श्रीगुरवेनमः ॥ १०८

સંસાર રૂપી જંગલમાં પેઠેલા અને ચીત્તના મોહ વડે ચોતરફથી ભ્રાન્તિને પામેલા ને જેણે સત્ય માર્ગ બતાવ્યો છે એવા સદ્‌ગુરૂને મારા નમસ્કાર છે. ૧૦૮

तापत्रयाग्नि तप्तानां अशान्त प्राणिनां मुने ॥
गुरुरेव परागंगा तस्मै श्रीगुरवेनमः ॥ १०९

હે મુનીશ્વર ! ત્રીવિધતાપથી તપ્ત થયેલા અને અશાન્ત ચીતના પ્રાણીયોને માટે સદ્‌ગુરૂ એજ પરમગંગા છે. એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. ૧૦૯

अज्ञाने नाहिनाग्रस्ताः प्राणिनस्तान् चिकित्सकः ॥
विद्या स्वरूपो भगवान् तस्मै श्रीगुरवेनमः ॥ ११०

અજ્ઞાનરૂપી સર્પથી ગ્રસાયેલા એવા તે પ્રાણીયોની ચીકીત્સા કરનાર બ્રહ્મવિધ્યારૂપી ભગવાન સદ્‌ગુરૂ મહારાજને મારા નમસ્કાર છે. ૧૧૦

हेतवे जगतामेव संसारार्णव सेतवे ॥
प्रभवे सर्व विद्यानां शंभवे गुरवेनमः ॥ १११

જગ[illegible] હેતુ સ્વરૂપ અને સંસાર સાગરના સેતુ સ્વરૂપ અને સર્વ વિધ્યાઓની ઉત્પત્તિ કરનાર શંભુ સ્વરૂપ ગુરૂને મારા નમસ્કાર છે. ૧૧૧

ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोःपदम् ॥
मंत्रमूलं गुरोर्वाक्यं मुक्तिमूलं गुरोःकृपा ॥ ११२

ધ્યાન કરવા લાયકજ માત્ર ગુરૂ મૂર્તિ છે. પૂજન કરવા લાયકજ માત્ર ગુરૂના ચરણકમલ છે. મંત્ર સ્વરૂપ માત્ર ગુરૂ વાક્ય છે અને ગુરૂ કૃપા એજ મુક્તિનું મૂળ છે. ૧૧૨

सप्तसागर पर्यंत तीर्थ स्नानादिकंफलं यथा ॥
गुरुपादोदबिन्दोश्च सहस्रांशेन तत्फलम् ॥ ११३

* સપ્ત સાગર પર્યંતતીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ મળે છે; તેના કરતાં શ્રી ગુરૂ ચરણુ કમલોના એક બિન્દુ ચરણૂંમૃત પાન કરવાથી અધિક ફળ મળે છે તેથીજ શ્રી ગુરૂપાદ પદમ જલ સહસ્ર અંશનું પવિત્ર અને દુર્લભ છે. ૧૧૩

शिवेरुष्टे गुरुस्त्राता गुरौरुष्टे न कश्चन ॥
लब्ध्वाकुल गुरुं सम्यक् गुरुमेव समाश्रयेत् ॥ ११४

શિવ કોપાયમાન થાય તો સદ્ગુરૂ રક્ષણ કરે છે. પણ ગુરૂ કોપાયમાન થાયતો રક્ષણ કર્તા નથી. તેટલાજ માટે ગુરૂ પરંપરાને પ્રાપ્ત થઈને સદ્ગુરૂનો આશ્રય કરવે. ૧૧૪

मधुलुब्धो यथाभृङ्गः पुष्पात्पुष्पान्तरं व्रजेत् ॥
ज्ञान लुब्धस्तथा शिष्यो गुरोर्गुर्वन्तरं व्रजेत् ॥ ११५

જેમ સુગંધમાં લોભાયેલો ભ્રમર એક પુષ્પથી બીજા શ્રેષ્ટ પુષ્પ ઉપર જાય છે તેમ જ્ઞાનનો લોભી સત્‌શિષ્ય ગુરૂ[illegible] શ્રેષ્ટ એવા સદ્ગુરૂનો આશ્રય લે છે. ૧૧૫

वन्दे गुरुपदद्वंद्वं वाङ्मनोतीत गोचरम् ॥
श्वेत रक्त प्रभा भिन्नं शिव शक्त्यात्मकं परम् ॥ ११६

---

* સપ્ત સાગરમાં સ્નાનનું ફળ જેટલું છે તે પુન્ય ગુરૂના ચર્ણુવિંદના સહસ્રાંશ બરોબર નથી.

गुरोरंघ्रिजलं बिंदुस्त त्कोट्यांशेन दुर्लभं ॥

ગુરૂના ચર્ણુકમલના જળના બિંદુના કોટી (કરોડ)માં અંશ બરોબર થવું દુર્લભ છે.

વાણી અને મનથી અગોચર એવા સદ્ગુરુ પરમાત્માના ઉભય ચરણને નમસ્કાર છે. કે જે શ્વેત અને રક્ત સ્વરૂપથી ભિન્ન શિવ શક્ત્યાત્મક શ્રેષ્ઠ સ્વરૂપછે. ૧૧૬

गुकारं च गुणातीतं रुकारं रूपं वर्जितम् ॥
गुणातीतमरूपश्च योदद्यात्सगुरुः स्मृतः ॥ ११७

ગુકાર શબ્દનો અર્થ ગુણાતીત છે. રુકાર શબ્દનો અર્થ રૂપાતીત છે. એમ ગુણાતીત અને રૂપાતીત સ્વરૂપનું દાન કરે છે તેજ સદ્ગુરુ છે. ૧૧૭

अत्रिनेत्रः शिवः साक्षात् द्विबाहुश्चहरिः स्मृतः ॥
योऽचतुर्वदनो ब्रह्मा श्रीगुरुः कथितः प्रिये ॥ ११८

ત્રિનેત્ર નથી છતા સાક્ષાત્ શિવસ્વરૂપ છે. બે બાહુ છતાં હરિ સ્વરૂપ છે, ચાર મુખ નથી છતાં બ્રહ્માસ્વરૂપ છે એવા સદ્ગુરુના સ્વરૂપનું વર્ણન છે ૧૧૮

अयंमयांजलिर्बद्धो दयासागर सिद्धये ॥
यद[illegible]तो जन्तुश्चित्रसंसार मुक्तिभाक् ॥ ११९

મેં તે સદ્ગુરુને દયા સાગર ત્વની સિદ્ધિને માટે બંન્ને હાથરૂપી નમસ્કારથી બાંધ્યા છે; કે જેમના અનુગ્રહથી ચીત્ર વિચીત્ર સંસારના જંતુઓ મુક્તિને પામે છે. ૧૧૯

श्रीगुरोः परमं रूपं विवेकं चक्षुषग्रतः ॥
मन्द भाग्या न पश्यन्ति अन्धाः सूर्योदयंयथा ॥ १२०

શ્રી સદ્ગુરુ મહારાજનું શ્રેષ્ઠ સ્વરૂપ વિવેકરૂપી નેત્રથી પ્રત્યક્ષજ છે. મંદભાગી પુરૂષો તેને દેખી શકતા નથી જેમ સૂર્યનો ઉદય છતાં આંધળાઓ સૂર્યને જોઇ શકતા નથી. ૧૨૦

कुलानां कुल कोटीनां तारकस्तत्र तत्क्षणात् ॥
अतस्तं सद्गुरुं ज्ञात्वा त्रिकालमभि वन्दयेत् ॥ १२१

ક્ષણમાત્રમાં કોટયાનકોટી કુલોનો ઉધ્ધાર કરનાર સદ્ગુરૂ પરમાત્માને જાણીને ત્રણે કાલમાં તેમને નમસ્કાર કરવા જોઈએ ૧૨૧

श्री नाथ चरण द्वंद्वं यस्यांदिशि विराजते ॥
तस्यांदिशि नमस्कुर्यात् भक्त्या प्रतिदिनं प्रिये ॥ १२२

સદ્ગુરૂ મહારાજના બન્ને ચરણો જે દિશામાં વિરાજીત થઈને રહ્યાં છે તે દિશાને દિનપ્રતિદિન પરમભક્તિ પૂર્વક નમસ્કાર કરવા. ૧૨૨

साष्टांग प्रणिपातेन स्तुवन्नित्यं गुरुं भजेत् ॥
भजनात्स्थैर्यमाप्नोति स्वस्वरुप मयो भवेत् ॥ १२३

આઠઅંગ સાથે નમસ્કાર કરતાં સદ્ગુરૂ મહારાજનું નિત્ય સ્તવન કરવું તથા નિત્ય ભજન કરવું એવી ભક્તિથી સ્થિરતાને પ્રાપ્ત થઈ સ્વસ્વ રૂપમય થાય છે. ૧૨૩

दोर्भ्यां पद्भ्यां च जानुभ्यां उरसा शिरस[illegible]ा ॥
मनसा वचसा चेति प्रणामोऽष्टांग उच्यते ॥ १२४

બે હાથ, બે પગ, બન્ને ઢીંચણ, છાતી, માથુ, દ્રષ્ટિ, મન, વાણી, આસ્થાનોને અષ્ટાંગ કહે છે. આ અષ્ટાંગથી સદ્ગુરૂને સાષ્ટાંગ નમસ્કાર કરવા. ૧૨૪

तस्यै दिशे सतत मञ्जलिरेष नित्यं ।
प्रक्षिप्यते मुखरितै मंधुरैः प्रसुन्नैः ॥
जागर्ति यत्र भगवान् गुरु चक्रवर्ति ।
विश्व स्थिति प्रलय नाटक नित्य साक्षी ॥ १२५

વિશ્વના ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપ નાટકના સાક્ષી સ્વરૂપ ચક્રવર્તિ સદ્ગુરૂ પરમાત્મા જ્યારે જાગૃત થાય છે, ત્યારે તે દિશામાં સત્‌શિષ્યે હમેશાં હાથ જોડીને મુખમાંથી નિકળતાં સારાં પુષ્પરૂપ સ્તુતિ વાક્યોથી વધાવવા જોઇએ. ૧૨૫

अभ्यस्तैः किमुदीर्घ काल विमलै र्व्याधिप्रदै र्दुष्करैः ॥
प्राणायाम शतैरनेक करणै दुःस्वात्मकै र्दुर्जयैः ॥ १२६
यस्मिन्नभ्युदिते विनश्यति बलीवायुः स्वयं तत्क्षणात् ॥
प्राप्यस्तत्सहज स्वभावमनिषं सेवेतमेकं गुरुम् ॥ १२७

અત્યંત વ્યાધીને આપનાર અને દુષ્કર એવા લાંબા કાળના અભ્યાસથી પણ શું ? તેમ અનેક ઇન્દ્રિઓ સહદુર્જયમનની જીત મેળવવામાં અતિ દુઃખદ એવા શેકડો પ્રણાયામથી પણ શું ? પણ જેના ઉદય થવાથી મહા બળવાન કામ ક્રોધાદિક શત્રુઓનો તુરતજ વિનાશ થાય છે અને સ્વસ્વરૂપ પમાય છે. એવા એક સ્વરૂપ સદ્ગુરૂ પરમાત્માની સેવા કરવીજ કરવી. ૧૨૬ ૧૨૭

गुरुरेवजगत्सर्वं ब्रह्मविष्णुशिवात्मकं ॥
गुरोः परतरं नान्यत् तस्मात्संपूजयेद्गुरुं ॥ १२८

આ સર્વ જગત્ ગુરૂરૂપેજ રહયું છે. બ્રહ્મા વિષ્ણુને શિવજી રૂપ ગુરૂજ છે તેથી ગુરૂથી બીજુ કાંઇજ નથી માટે એવા ગુરૂની પૂંજા કરવીજ જોઇએ. ૧૨૮

ज्ञानविज्ञानसहितं लभते गुरुभक्तितः ॥
गुरोः सामान्यतो नास्तिध्येयोसौ गुरु मार्गिणः ॥ १२८

ગુરૂની ભક્તિવડે જ્ઞાન અને વિજ્ઞાન સહિત મોક્ષ પ્રાપ્ત થાય

છે. સામાન્ય ભાવથી જોઇએ તો પણ ગુરૂવિના બીજું કાંઇજ નથી માટે એવા ગુરૂ માર્ગનું ધ્યાન ધરવું. ૧૨૮

ज्ञानं विना मुक्तिपदं लभ्यते गुरु भक्तितः ॥
गुरोः समान्यतो नान्यत् साधनं गुरु मार्गिणाम् ॥ १२९

શ્રી ગુરૂની ભક્તિ કરવાથી જ્ઞાનવિના પણ મુક્તિની પ્રાપ્તિ થાય છે, માટે ગુરૂમાર્ગનો આશ્રય કરવાવાળા સતૃશિષ્યોએ સદ્ગુરૂ શિવાય અન્ય સાધન કરવું નહીં. ૧૨૯

यस्मात् परतरं नास्ति नेति नेतीति वैश्रुतिः ॥
मनसा वचसा चैव सर्वदा सत्यमाराधयेद् गुरुम् ॥ १३०

જે ગુરૂવિના આ સૃષ્ટિમાં અન્ય કંઇ શ્રેષ્ઠ નથી. શ્રુતિઓ પણ તે પદનું વર્ણન કરવા સમર્થ નથી એટલે શ્રુતિઓ પણ નતીનેતી ઉચ્ચાર કરે છે માટે મનસાવાચા કર્મણાથી ગુરૂ [illegible]માં સર્વદા સત્ય આરાધના કરવી ૧૩૦

गुरु कृपा प्रसादेन ब्रह्मा विष्णु सदाशिवाः ॥
सामर्थ्यं तत्प्रसादेन केवलं गुरुसेवया ॥ १३१

સદ્ગુરૂ પરમાત્માની કૃપા વડેજ બ્રહ્મ વિષ્ણું અને મહેશ્વર થયા છે અને તેમનાજ પ્રસાદથી કેવળ ગુરૂ સેવા વડે આ સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરવાના સામર્થ્યને પામ્યા છે. ૧૩૧

देव किन्नर गंधर्वापितरो यक्ष चारणः ॥

मुनयोऽपि न जानन्ति गुरु शुश्रुषणे विधिम् * ॥ १३२

દેવ કિન્નર, ગંધર્વ પીતૃ યક્ષ, ચારણલોક તેમ મુનિઓ પણ ગુરૂ સેવાનો વિધિ જાણતા નથી ૧૩૨

महाहङ्कार गर्वेण विद्या तपो बले न च ॥
भ्रमते तस्मिन्संसारे घटीयंत्रं यथा पुनः ॥ १३३

ગુરૂ સેવાથી વિમુખ રહી તપ, વિદ્યા અને બળથી અતિ અહંકાર ગર્વના ભરેલા આ સંસારને વિષે ઘંટના ચક્રની પેઠે વારંવાર ભટકે છે (વારંવાર જન્મ મરણના ફેરામાં પડે છે.) ૧૩૩

न मुक्ता गण गन्धर्वाः पितृ यक्षास्तु चारणाः ॥
ऋषयः सिद्ध देवाद्याः गुरुसेवा पराङ्मुखाः ॥ १३४

ગુરૂ સેવાથી વિમુખ રહેલા ગંધર્વાદિગણ, પિતૃઓ, યક્ષો, ચારણો, રૂષીઓ, સિદ્ધો, દેવો આદિ કદાપી પણ મુક્તિને પામ્યા નથી. ૧૩૪

ध्यानं शृणु महादेवि सर्वानन्द प्रदायकम् ॥
सर्व सौख्यकरं चैव भुक्ति मुक्ति प्रदायकम् ॥ १३५

માટે હે પાર્વતીદેવિ ? એવા સદ્ગુરૂ પરમાત્માનુ ધ્યાન સર્વ આનંદને આપનારૂં સર્વ પ્રકારના સુખને આપનારૂ ભુક્તિ (ભોજન આદિભોગ) અને મોક્ષને આપનારૂં શ્રેષ્ઠ છે માટે. ૧૩૫

---

* શ્રી સદ્ગુરૂ સેવા આ કહ્યું છે. જો કદાચ કોઈ મનુષ્ય પોતાના પુરૂષાર્થથી રાજા આદિ પુરૂષોને થોડી મહેનતે પ્રસન્ન કરી શકે છે; પણ શ્રી સદ્ગુરૂને પ્રસન્ન કરવામાં, કાયીક, વાચિક અને માનસિકતાના સત્ય એક્યતાના પુરૂષાર્થ વગર તેમ કરવામા સમર્થ થવા સંભવજ નથી

श्रीमत्परंब्रह्म गुरुं स्मरामि ।
श्रीमत्परंब्रह्म गुरुं भजामि ॥
श्रीमत्परंब्रह्म गुरुं वदामि ।
श्रीमत्परंब्रह्म गुरुं नमामि ॥ १३६

તે સુશોભિત, ઉત્કૃષ્ટ શ્રી પરબ્રહ્મરૂપ સદ્‌ગુરૂને વિષેજ હું કહુ છું કે, તેનુંજ સ્મરણ કરૂં છું, તેનેજ ભજું છું, તેનુંજ નામ બોલું છું અને તેનેજ નમસ્કાર કરૂં છું ૧૩૬

ब्रह्मानन्दं परम सुखदं केवलं ज्ञानमूर्त्तिम् ।
द्वंद्वातीतं गगन सदृशं तत्वमस्यादि लक्ष्यं ॥
एकं नित्यं विमलमचलं सर्व धी साक्षिभूतं ।
भावातीतं त्रिगुण रहितं सद्‌गुरु तं नमामि ॥ १३७

બ્રહ્માનંદરૂપ, પરમસુખ આપનારૂં કેવળ જ્ઞાન મૂર્તિ, સુખ દુ:ખાદિદ્વંદથી અતિત (વેગળું) આકાશવત નિર્મળ तत्वमस्यादि મહા વાક્ય વડેજ જેનો લક્ષ થાય એવું, એક, નિત્ય, નિર્મળ અચળ સર્વ બુદ્ધિના સાક્ષી ભૂત, ભાવથી અતીત ત્રણે ગુણથી રહિત એવા એવા બ્રહ્મરૂપ સદ્‌ગુરૂ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૧૩૭

नित्यं शुद्धं निराभासं निराकारं निरंजनं ॥
नित्य बोधं चिदानंदं गुरुंब्रह्म नमाम्यहं ॥ १३८

નિત્ય, શુદ્ધ, નિરાભાસ (જેનો આભાસ નથી) નિરાકાર, નિરંજન, નિત્યબોધ (જ્ઞાનરૂપ) ચિદાનંદ (સત, ચિતને આનંદરૂપ) એવા બ્રહ્મરૂપ સદ્‌ગુરૂને હું નમસ્કાર કરૂં છું. ૧૩૮

हृदंबुजे कर्णिक मध्य संस्थं ।
सिंहासने संस्थित दिव्य मूर्त्ति ॥
ध्यायेन्दुरुं चन्द्रकला प्रकाशं ।
सच्चिन्सुखाभीष्ट वरंधानं ॥ १३९

હૃદયરૂપી કમલની કર્ણિકાના મધ્યમાં રહેલા સિંહાસન ઉપર વિરાજમાન દિવ્ય મૂર્તિ સ્વરૂપ તથા સત્ ચિત્ સુખ આપનાર ઇશ્વરને આપવાવાળું તથા જેનો ચંદ્રમાંની કલા જેવો પ્રકાશછે એવા સદ્ગુરૂના સ્વરૂપનું ધ્યાન ધરૂં છું, ૧૩૯

श्वेतांवरं श्वेतविलेपविकाश पुष्प मुक्ताफला विभूषं
मुदितंद्विनेत्रम् ॥
वामांकपीठे स्थित दिव्यशक्ति मद्रस्मितं पूर्णकृपानिधानं ॥१४०
आनन्दमानन्द करं प्रसन्नं ज्ञान स्वरूपं निज भाव बोध युक्तं ॥
योगीन्द्रमीड्यं भव रोग वैद्यं श्रीमद्गुरुं नित्यमहंनमामि ॥१४१

શ્વેત વસ્ત્રવાળા, શ્વેત ગંધથી લેપાયલા શ્વેત પુષ્પવાળા, મોતીની માળાવાળા, પ્રસન મુખવાળા, બે નેત્રવાળા જેના ડાબે ભાગે ખોળામાં જેની દિવ્ય શક્તિ વિરાજમાન છે એવા તથા મંદમંદ હાસ્ય કરતા પૂર્ણ કૃપાનિધાન એવા અને વળી આનંદના પણ આનંદ સ્વરૂપ અને આનંદ આપનાર અતિપ્રસન્ન સ્વસ્વરૂપાત્મક જ્ઞાન સ્વરૂપ યોગીઓએ સ્તુતી કરેલા ભવરોગને ટાળનાર વૈં । (સંસારરૂપી રોગના વૈદ્ય) એવા સદ્ગુરૂ પરમાત્માને નિત્ય નમસ્કાર કરૂં છું. ૧૪૦ ૧૪૧

प्रातः सिरसि शुक्लाब्जे द्विनेत्र द्विभुजं गुरुं ॥

वन्दार्भाष्टदं शांतं स्मरेत्तन्नाम पूर्वकं ॥ १४२

પ્રાતઃકાળને વિષે બે નેત્ર, બે હાથ, અને વર આપનાર (ઇચ્છિત ફળને આપનાર) એવા શાંત રૂપ સદ્ગુરૂનું હૃદય કમળવિષે ધ્યાન ધરી તેના નામનું સ્મરણ કરવું ૧૪૨

वन्दे गुरूणां चरणारविन्दम् ।
संदर्शित स्वात्मसुखां बुधीनां ॥
जनस्य येषां गालिकाय मानम ।
संसार हलाहल मोहशान्त्यै ॥ १४३

આત્મસુખના અપેક્ષા રાખનાર શિષ્યોના હલાહલ સંસાર મોહના શાન્તિ ને અર્થે દેહાભિમાનથી રહિત કરનાર એવા સદ્ગુરૂના ચરણોને હું નમસ્કાર કરૂં છું ૧૪

यस्मिन् सृष्टि स्थिति ध्वंस निग्रहानु ग्रहात्मकम् ॥
कृत्यं पञ्चविधं शश्वद्भासते तं गुरुं भजेत् ॥ १४४

નિગ્રહ(વશ કરવું) અને અનુગ્રહ (કૃપા કરવી) સ્વરૂપ એવું આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય જેને વિષે છે; એવા સદ્ગુરૂનું ભજન કરવું જ. ૧૪૪

यस्मिन्न सृष्टि स्थिति ध्वंसनिग्रहानुग्रहात्मकं ॥
कृत्यं पञ्चविधं शश्वद्भासते तं नमः शिवं ॥ १४५

જેને વિષે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય નથી, જેનો કોઇ નાશ કરનાર પણ નથી અને પંચ વિધી (પંચ મહા ભૂત)નું કૃત્ય જે પોતે પ્રગટ કરવાવાળા, નિરંતર શોભાયમાન એવા શિવપદ રૂપને મારા નમસ્કાર છે.

पादाब्जे सर्व संसार दावकालानलंस्वके ॥
ब्रह्मरन्ध्रे स्थितां भोज मध्यस्थ चन्द्र मण्डलम् ॥ १४६
अकथादि त्रिरेखाब्जे सहस्त्रदल मण्डले ॥
हंस पार्श्व त्रिकोणेच स्मरे तन्मध्यगं गुरुम् ॥ १४७

જેમના ચર્ણકમળમાં આ સર્વ સંસારને દહન કરવાવાળો દાવ રૂપ કાલાગ્નિ રહેલો છે; એવા પોતાના બ્રહ્મ રંધ્રના સ્થાન રહેલા કમળનાં મધ્યમાં ચન્દ્રમંડળના સહસ્રદલ મંડળને વિષે ન કથી શકાય એવી ત્રણ રેખારૂપ કમળનાં આ હંસ ના પડખાવાળા ત્રિકોણના મધ્યમા સદ્ગુરૂ પરમાત્માનું ધ્યાન કરવુ ૧૪૬-૧૪૭

सकल भुवन सृष्टिः कल्पिता शेष सृष्टि ।
निखिल निगम दृष्टिः सत्पदार्थैक सृष्टिः ॥
अथ गण परमेष्ठी सत्पदार्थैक सृष्टि ।
भव गुण परमेष्ठी मोक्षमार्गैक दृष्टि ॥ १४८
सकल भुवनभङ्ग स्थापना स्तंभ दृष्टि ।
सकरुणरस वृष्टिः स्तत्त्वस्त्रा समष्टिः ॥
सकल समय सृष्टिः सांख्यानन्द दृष्टि ।
निवसतुमयि नित्यं श्रीगुरो दिव्य दृष्टिः ॥ १४९

આ અશેષ સકલ સમગ્ર રચના જેનું રચેલી છે અને સમગ્ર વેદ રૂપ જેની દ્રષ્ટિ છે. અને સત્પદાર્થ સ્વરૂપ જેની લીલા છે. જે સર્વગણના પરમ ઇષ્ટ (પતિ) છે અને સત્ પદ ના વાચક એવી જેની સૃષ્ટિ છે. અને ભવગુણના પરમેષ્ઠી જેની મોક્ષ માર્ગની એક દ્રષ્ટિ છે એવા અને તમામ ભુવન માત્રનો નાશ કરવાને સ્થપાયેલા

સ્તંભરૂપ અને જે કરૂણા રસથી ભરેલી દ્રષ્ટિ સમાન છે. અને તત્વજ્ઞાનની માલા સ્વરૂપ છે, અને સર્વ સમયમાં જેની સચ્ચિદાનંદ દ્રષ્ટિ છે એવા શ્રી સદ્ગુરૂ પરમાત્માની દિવ્ય દ્રષ્ટિ મારે વિષે નિરંતર નિવાસ કરો. ૧૪૮-૧૪૯

न गुरोरधिकं न गुरोरधिकं न गुरोरधिकं न गुरोरधिकंम् ।
शिवशामनतः शिवशामनतः शिवशामनतः शिवशासनतः ॥ १५०

એવા ગુરૂથી અધિક બીજુંઇ કાંઇ નથી, કાંઇ નથી, કાંઇ નથી, કાંઇ નથી, શિવરૂપ. અનતરૂપ, શિવરૂપ, અનંતરૂપ, શિવરૂપ, અનતરૂપ એવી સદાશિવની આજ્ઞાછે.

इदमेव शिवं इदमेव शिवं । इदमेव शिवं इदमेव शिवंम् ॥
ममशामनतो ममशासनतो । ममशासमतो ममशामनतः ॥ १५१

એજ શિવ સ્વરૂપ કલ્યાણકારી છે એજ શિવ સ્વરૂપ કલ્યાણકારી છે એજ શિવ સ્વરૂપ કલ્યાણકારી છે એજ શિવ સ્વરૂપ કલ્યાણકારી છે મારી આજ્ઞા વારંવાર એજ છે કે એનેજ ભજો. ૧૫૧

विदितं विदितं विदितं विदितं । विजनं विजनं विजनं विजनम्॥
हरिशासनतो हरिशासनतो । हरिशासनतो हरिशासनतः ॥१५२

વિશેષ કરીને જન સમુહમાં જાણવા લાયક સદ્ગુરૂ પરમાત્માને જેણે જાણ્યું છે તેણેજ જાણ્યું છે, એવી હરિનિ આજ્ઞા છે. ૧૫૨

एवं विधं गुरुं ध्यात्वा ज्ञानमुत्पद्यते स्वयम् ॥
तदा गुरुपदेशेन मुक्तोऽहमिति भावयेत् ॥ १५३

હે દેવિ ? એ પ્રકારે સદ્ગુરૂનું ધ્યાન કરવાથી પોતાને મેળેજ આપોઆપ આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે ગુરૂના ઉપદેશથી હું મુક્ત છું એવી ભાવના કરે ૧૫૩

गुरूपदे शिते मार्गैः मनः शुद्धिन्तु कारयेत् ॥
अनित्यं खण्डयेत्सर्वं यत् किंचिदात्म गोचरम ॥ १५४

સદ્ગુરૂ પરમાત્માએ ઉપદેશ કરેલા માર્ગ વડે મનની શુદ્ધિ કરવી. પોતાના આત્મજ્ઞાન વડે જે કંઇ અનિત્ય વસ્તુ દ્રષ્ટિ ગોચર થાય તે સર્વનું એ ઉપદેશ માર્ગે ખંડન કરવું ૧૫૪

ज्ञेयं सर्वमतीतं च ज्ञानं च मनउच्यते ॥
ज्ञानं ज्ञेयं समं कृत्वा यथा नान्यद्वितीयकम् ॥ १५५

* જાણવા લાયક વસ્તુ ન્યારી છે. જાણવાનો માર્ગ તેમન છે એમ જાણવાનો માર્ગ અને જાણવા લાયક વસ્તુએ ઉભયની સમતા કરતાં એથી [illegible]ય અદ્વિતીય નથી. ૧૫૫

किमत्र बहुनोक्तेन शास्त्र कोटी शतैरपि ॥
दुर्लभा चित्त विश्रान्तिः विना गुरुकृपाप राम् १५६

અહિંયાં બહુ કહેવાથી શું ? કરોડો શાસ્ત્રવડે કરીને પણ શું ? કેમકે સદ્ગુરૂ પરમાત્માની કૃપા શિવાય ચિત્તની વિશ્રાન્તિ થવી દુર્લભ છે ૧૫૬

करुणा खड्ग पातेन छित्वा पाशाष्टकं शिशोः ॥
सम्यगानंदजनकः सद्गुरुः सो भिधीयते ॥ १५७

---

* આ સર્વ જગત્ અનિત્ય છે એમ મનમાં સમજવું એવું જ્ઞાન તેજ જ્ઞાન અને જેના વડે જણાય એ બન્ને એક રૂપજ છે બીજો માર્ગ નથી.

દય રૂપી ખડ્ગના ઘાવથી સત્ શિષ્યના આઠ પ્રકારના પાશને છેદીને સારી રીતે આનંદને ઉમન્ન કરે છે તેનેજ સદ્ગુરૂ કહેવાય છે. ૧૫૭

एवं श्रुत्वा महादेवि गुरुनिन्दां करोतिय ॥
सयाति नरकान् घोरान् यावच्चन्द्रदिवाकरो ॥ १५८

હે પાર્વતિ દેવિ? આ પ્રમાણે સદ્ગુરૂનો મહિમાં શ્રવણ કર્યા છતાં જે ગુરૂની નિંદયા કરે છે તે પ્રાણી જ્યાંસુધી ચંદ્ર સૂર્ય તપે ત્યાંસુધી ઘોર નર્કમાં જાય છે. ૧૫૮

यावत्कल्पांतको देह स्ताव देवि गुरुं स्मरेत् ॥
गुरुलोपोन कर्त्तव्यः स्वच्छन्दो यदि वा भवेत् ॥ १५९

હે દેવિ? જ્યાંસુધી કલ્પાંતક દેહ હોય તો ત્યાંસુધી પણ ગુરૂ સ્મરણ કરવું. જો સ્વચ્છંદ (સ્વેચ્છાચારી) હોય તો પણ સદ્ગુરૂનો લોપ કરવો નહી. ૧૫૯

हुंकारेण न वक्तव्यं प्राज्ञ शिष्यैः कदाचन ॥
गुरुरग्रेन वक्तव्यं असत्यं तु कदाचन ॥ १६०
गुरुंत्वं कृत्यहुं कृत्य गुरु सान्निध्य भाषणः ॥
अरण्ये निर्जले देशेसभवेत् ब्रह्मराक्षसः ॥ १६१

સદ્ગુરૂ પાસે સત્‌શિષ્યે કોઇ પણ દિવસ અહંકારથી બોલવું નહિ તેમ કોઇ દીવસ અસત્ય બોલવુ નહી. સદ્ગુરૂને હુંકારા તુંકારા તેમના સાનિધ્ય કરે છે તો જળ વિનાના અરણ્ય દેશમાં બ્રહ્મ રાક્ષસ થાય છે. ૧૬૦ ૧૬૧

गुरु कार्यं न लंघेत नापृष्ट्वा कार्यमाचरेत् ॥

न त्युत्तिष्ठे धिशोऽनत्वा गुरु सभ्दाव शोभितः ॥ १६२

ગુરૂએ બતાવેલા કાર્યનું ઉલ્લંઘન કરવું નહિ, પુછયા શિવાય કાર્ય કરવું નહિ, ગુરૂના ઉત્તમ ભાવથી શોભીત હૃદયના શિષ્યે ગુરૂને નમસ્કાર કર્યા શિવાય ઉઠવું નહિ. ૧૬૨

न गुरोराश्रमे कुर्यादुःपानं परिसर्पणम् ॥
दिक्षा व्याख्या प्रभुत्वादि गुरोराज्ञांन कारयेत् ॥ १६३

સદ્‌ગુરૂના આશ્રમે નિવાસ કરીને તે આશ્રમમાં થુક, લાળ, લીંટ વિગેરે નાંખવું નહિ. ગુરૂઆજ્ઞા શિવાય કોઇને દિક્ષા આપવી નહીં, કોઇને બોધ કરવો નહીં, તેમ પોતાની પ્રભુતા બતાવવી નહી. ૧૬૩

गुरुणां सदसद्वापि मदुक्तं तन्न लंघयेत् ॥
कुर्वन्नाज्ञां दिवारात्रो दासवन्निवसेन्दुरौ ॥ १६४

સદ્‌ગુરૂજીએ સત્‌વા અસત્‌ જે આજ્ઞા કરી હોય તેનું ઉલ્લંઘન કરવું નહિ દિવસ રાત્રિમાં દાસવત્‌ આજ્ઞા નુ પાલન કરી ગુરૂ પાસે નિવાસ કરવો. ૧૬૪

अदत्तं न गुरोर्द्रव्यं उपभुञ्जीत कर्हिचित् ॥
दत्तं चरङ्क वद्ग्राहयं प्राणोप्ये ते न लभ्यते ॥१६५

સદ્‌ગુરૂને કાંઇપણ દ્રવ્ય અર્પણ કર્યા શિવાય પોતાને માટે ઉપયોગ કરવો નહી પણ સદ્‌ગુરૂએ આપેલું હોય તે રંક થઇને લેવું ને વડે પ્રાણનું રક્ષણ થાય છે. ૧૬૫

गच्छतः पृष्टतो गच्छेत् गुरुच्छायां न लङ्घयेत् ॥
नालवणं धारयेद्वेषं नालंकारां स्तथो ल्वणात् ॥ १६६

સદ્‌ગુરૂની પાછળ ચાલવું. સદ્‌ગુરૂની છાયાનું ઉલ્લંઘન ન કરવું. સદ્‌ગુરૂ આગળ ભયંકારી વેષ ધારણ કરવો નહિ તેમ ભયકારી અલંકાર પણ ધરવો નહી. ૧૬૬

पादुकासन शैयादि गुरुणा यदधिष्टितम् ॥
नमस्कुर्वीत तत्सर्वं पादाभ्यां न स्पृशेत्क्वचित् ॥ १६७

સદ્‌ગુરૂએ જેના ઉપર પોતાનું અધિરોહણ કરેલું છે, એવી પાદુકા, આસન, શૈયા, આદિને સત્ શિષ્યે નમસ્કાર કરવા, અને પોતાના પગ કદાપી અડકાડવા નહીં. ૧૬૭

गुरु निन्दाकरं दृष्ट्वा धावयेदथवासयेत् ॥
स्थानं वा तत् परित्याज्यं जिव्हा छेदाक्षमो यदि ॥ १६८

ગુરૂની નીંદયા કરનારને જોઇને નાશી જવું અથવા તેને દબાવવો—વા તેની જીભ કાપી નાંખવી. જો તે કરવાને અસામર્થ્ય હોય તો તે સ્થાનનો ત્યાગ કરવો. ૧૬૮

नोच्छिष्टं कस्यचिद्देयं गुरोराज्ञां न च त्यजेत् ॥
कृत्स्नमुच्छिष्टमादाय नित्यमेव व्रजेद्वहि ॥ १६९

સત્‌શિષ્યે સદ્‌ગુરૂનું ઉચ્છિષ્ટ બીજા કોઇને પણ આપવુ નહી સત્‌શિષ્યે ગુરૂ આજ્ઞાનો ત્યાગ કરવો નહી. સત્‌શિષ્યે ગુરૂ મહારાજનુ ઉચ્છીષ્ટ પ્રસાદી લેવી. ૧૬૯

नो पाश्रमं च पर्यंकं न च पादप्रसारणम् ॥
नांगभोगादिकं कुर्यान्न लीलामपरामपि ॥ १७०

સદ્‌ગુરૂના દેખતાં ખાટલા ઉપર સુવું નહિ, તેમ પગ પહોળા કરવા નહિ, તેમ અંગભોગો ન ભોગવવા, અન્ય લીલા પણ કરવી નહીં. ૧૭૦

नानृतं नाप्रियं चैव न गर्वान्नापि वा बहु ॥
न नियोगपरं ब्रुयात् गुरोज्ञां विभावयेत् ॥ १७१

સદ્ગુરૂ પાસે અનૃત ભાષણ ન કરવુ. અપ્રિયન બોલવું, અહંકાર ન કરવો, બહુ બોલવું નહી, આજ્ઞાથી વધારે ન બોલવું અને સદા ગુરૂની આજ્ઞા માન્ય કરવી. ૧૭૧

प्रभोदेव कुलेशान स्वामिन राजन्कुलेश्वर ॥
इति संबोधनै र्भीतौ गुरुभावेन सर्वदा ॥ १७२

હંમેશાં ગુરૂ ભાવથી ભય પામેલા શિષ્યે ગુરૂને હે પ્રભુ ! હે દેવ ! હે કુલેશાન ! હે સ્વામી ! હે રાજન ? હે કુલેશ્વર ! ઇત્યાદિ સંબોધનથી બોલાવવા. ૧૭૨

मुनिभिः पन्नगै र्वापि सुरैर्वा शापितो यदि ॥
काल मृत्यु भयाद्वापि गुरुःसंत्राति पार्वति ॥ १७३

હે દેવિ ઋષીઓએ, નાગલોકોએ, દેવતાઓએ શ્રાપ દીધા હોય તોપણ કાળથી મૃત્યુના ભયથી ગુરૂ મહારાજ રક્ષણ કરે છે. ૧૭૩

अशक्ता हि सुराद्याश्च अशक्ता मुनयस्तथा ॥
गुरु शा[illegible]पपन्नस्य रक्षणाय च कुत्रचित

સદ્ગુરૂના શ્રાપને પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરવાને દેવતાઓ, ઋષીઓ પણ અસકત છે. ૧૭૪

*** अशक्ताहि सुरासर्वे ह्यशक्ता मनुय स्तथा ॥**
गुरुशापहताक्षीणाः क्षयं यांति न संशयः ॥ १७५

ગુરૂના શાપથી ક્ષીણ થઇ હણાયલા જનોનું રક્ષણ કરવાને દેવ

---

* गुरु पदिष्टो निजदेवतत्न चेत्कुप्येत दापालयिता गुरुस्यातः ॥ रुष्टेगुरौ पालयिता न कश्चिदगुरौ न तस्मा ज्जनयेत कोपम् ॥

લોકો, અને સર્વ મુનીલોકો સમથ નથી. તેવાનો તો ક્ષયજ થાય છે. એમાં સંશય નથી. ૧૭૫

मंत्रराजमिदं देवि गुरु रित्यक्षरद्वयम् ॥
श्रुति स्मृति वेदार्थ वाकयनां गुरुः साक्षात् परंपदम् ।१७६

હે દેવિ ? મંત્રના રૂપ રાજા ગુરુ એવા બેજ અક્ષરનો મંત્ર છે. શ્રૂતિ સ્મૃતિ વેદાંતના વાકયવડે પણ સિદ્ધ થયેલું છે. કે ગુરુપદ એ સાક્ષાત પરબ્રહ્મ છે (તેજ સદ્‌ગુરૂ છે) ૧૭૬

सत्कार मान पूजार्थं दण्डकाषाय धारणः ॥
ससंन्यासी न वत्कव्यः संन्यासी ज्ञान तत्परः ॥ १७७

સત્કાર, માન્ય અને પુજનના અર્થે દંડ અને કાશાયવસ્ત્રને ધારણ કરનારને સન્યાસી માનવો નહી જે કોઇ જ્ઞાન તત્પર છે તેજ સન્યાસી સદ્‌ગુરૂ માનવા લાયક છે. ૧૭૭

श्रुति स्मृति म विज्ञाय केवलं गुरुसेवया ॥
ते वै सन्यासीनः प्रोक्ता इतर वेषधारिणः ॥ १७८

શ્રુતિ અને સ્મૃતિ ઇત્યાદિક છોડી દઇને જે કેવળ ગુરૂ સેવા (ફક્ત પરિબ્રહ્મનુંજ ભજન) કરે છે તેવાનેજ સન્યાસી જાણવા બાકીના સર્વ વેષધારી સમજવા. ૧૭૮

જો ગુરૂએ ઉપદેશ કરેલો દેવ કોપ કરે તો તેથી ગુરૂ પાલન કરે છે. પણ ગુરૂ કોપ કરે તો કોઇ પાલન કરનાર મળતો નથી એટલા માટે ગુરૂને કચવવા નહિ. બ્રહ્મ વૈવર્ત પુરાણમાં કહયું છે.

“ शिवे रुष्टे गुरु स्त्राता । गुरौ रुष्टे न कश्चन ”

કે જો શિવ કોપ કરે તો ગુરૂ ત્રાતા થાયછે પણ ગુરૂ કોપ કરે તો કોઇ ત્રાતા થતું નથી.

विजानन्ति महावाक्यं गुरोश्चरण सेवया ॥
ते वै सन्यासीनः प्रोक्ता इतरे वेषधारिणः ॥ १७९

સદ્‌ગુરૂ માહારાજના ચરણુની સેવાના પ્રતાપથી ચાર મહા વાક્યોના અર્થને જાણે છે તેજ સન્યાસી કહેવાય છે; (માટે એવા સન્યાસી સદ્‌ગુરૂ થવાને યોગ્ય છે કે જેને અન્ય નામથી સંત, જીવ-મુકત, યોગી કહેવાય છે) એ શિવાય બીજા વેષધારી છે. ૧૭૯

निसं ब्रह्मनिराकारं निर्गुणं बोधयेत् परम् ॥
पुर्णब्रह्मनिराभासं दीपोदीपांतर यथा ॥ १८०

ગુરૂનું સ્વરૂપ-નિત્ય, બ્રહ્મ, નિરાકાર, નિર્ગુણ, અને જ્ઞાન રૂપ છે, જેમ એક દીપકમાંથી બીજા અનેક દીપક થાય છે તેમજ પૂર્ણ બ્રહ્મ સઘળે વ્યાપક છે અને સર્વત્ર તેનોજ આભાસ છે એટલે પોતેજ બ્રહ્મ સ્વરૂપનો બોધ પ્રકાશ કરે છે. ૧૮૦

गुरोः कृपाप्रसादेन आत्मारामो हि लभ्यते ॥
अनेक गुरुमार्गेण स्वात्म ज्ञानं प्रवर्त्तते ॥ १८१

હે દેવિ! ગુરૂની કૃપા પ્રસાદી વડેજ આત્માજ્ઞાની થાય છે. (પોતાના અતરાત્માને ઓળખે છે) અનેક ગુરૂના માર્ગ વડે આત્મજ્ઞાન પ્રવર્ત્તે છે. ૧૮૧

गुरुप्रसादतः स्वात्म न्यात्माराम निरीक्षणात् ॥
समता मुक्ति मार्गेण स्वात्मज्ञानं प्रवर्त्तते ॥ १८२

સદ્‌ગુરૂ મહારાજની કૃપાવડે આત્મારામ પરબ્રહ્મને જાણુવાથી પોતાના આત્માને વિષે મુક્તિ માર્ગ વડે સમતા અને જ્ઞાન પ્રવર્ત્તે છે. ૧૮૨

सर्व पाप विशुद्धात्मा श्रीगुरोः पदसेवनात् ॥
सर्वतीर्थावगाहस्य फलं प्राप्नोति निश्चितम् ॥ १८३

શ્રી ગુરૂપાદની સેવાવડે કરીને જીવાત્મા સર્વ પાપોથી મુકત થઇ પવીત્ર થઇ જાય છે, વળી સર્વ તીર્થોના સ્નાનનુ ફળ પણ તેને મળે છે એમાં કઇ સદેહ નથી. (માટે શ્રી ગુરૂ સેવા કરવી ઉત્તમ છે.) ૧૮૪

यज्ञ व्रत तपोदान जप तीर्थानु सेवनम् ॥
गुरुतत्वमविज्ञाय निष्फलं नात्र संशयः ॥ १८४

શ્રી ગુરૂસેવા જાણ્યા વગર (કર્યા વગર) જે કોઇ યજ્ઞ, વ્રત, તપસ્યા, દાન, જપ અને તીર્થ સ્નાન, આદિ કાર્ય કરે છે તે સઘળું નિષ્ફળતાને પ્રાપ્ત થાય છે તેમાં કંઇ સદેહ નથી. ૧૮૪

उर्द्धस्तिष्ठेद् गुरोरग्रे लब्धानुज्ञो वसेत् पृथक् ॥
निर्वीतवाससा विनयी भीत स्तिष्ठेद् गुरोःपरम् ॥ १८५
गुरौ तिष्ठति तिष्ठेत उपिनेऽनुज्ञाया वसेत् ॥
शेते चरणौ सेवेता गमनाच्चाऽनुययावयेत् ॥ १८६

શ્રીગુરૂ સન્મુખ શિષ્યે ઉભા રહેવુ અને જ્યારે આજ્ઞા કરે ત્યારે યોગ્ય આસને બેસવું. શ્રી ગુરૂસન્મુખ શિષ્યે પોતાનુ શરીર વસ્ત્રથી આચ્છાદિત રાખી વિનય અને ભય યુકતરહિ અવસ્થાન કરવું ઉચિત્તછે. શ્રી ગુરૂ ઉભા થયે તરતજ શિષ્યે ઉભા થવું. ફરી ગુરૂ ઉપ સેવન કરે તે વખતે તેમની આજ્ઞા લઇ બેસવુ, શ્રી ગુરૂના શયન વખતે શિષ્યે તેમના ચર્ણની સેવા કરવી અને શ્રી ગુરૂ પ્રયાણ કરે તેમની પાછળ પાછળ ચાલવું ઉચિત્ત છે. ૧૮૫-૧૮૬

शरीरं चैव वाचं च बुद्धीन्द्रियमनांसि च ॥

नियम्य प्राञ्जली तिष्ठेद् वीक्षमाणो गुरोर्मुखम् ॥ १८७

શિષ્યે પોતાનું શરિર, વાક્ય, બુદ્ધિ, ચક્ષુ આદિ ઇન્દ્રિય ગણ અને મનનો સયમ કરી શ્રી ગુરૂદેવની પાસે હાથજોડી ઉભા રહેવું. ૧૮૭

नित्यमुद्रित पाणिः स्यात् साध्वाचारः सुसंयतः ॥
आस्यतामिति चोक्तः सन्नासिताभिमुखं गुरोः १८८

શિષ્યે પોતે સદાચાર સંપન્ન થઇ શરિર ઇન્દ્રિઆદિનો સંયમ કરી હંમેશા હાથ જોડી શ્રી ગુરૂની સન્મુખ ઉભા રહેવું અને જ્યારે તેઓ કહેકે બેસો ત્યારજ બેસવું. ૧૮૮

हीनान्नवस्त्रवेशः स्यात् सर्वदा गुरुसन्निधौ ॥
उत्तिष्ठेत् प्रथमं चास्य चरमं चैव संविशेत् ॥ १८९

શિષ્ય જ્યારે શ્રી ગુરૂ પાસે રહે ત્યાર તેમને શ્રી ગુરૂનુ ખાતાં વધેલું અન્ન હોય તેનુંજ ભક્ષણ કરવુ જોઇએ, અને વસ્ત્રાદિ તેમનાં વપરાયલાં આપે તે પહેરવા જોઇએ વળી તેમના પહેલાં સવારે ઉઠવું અને તેમના [illegible]તા પછી સુવુ એ ઉચિતછે. ૧૮૯

दुष्कृतं न गुरो र्ब्रुयात् क्रुद्धं चैनं प्रसादयेत् ॥
परिवादं न शृणुयादन्येषामपिकुर्वताम् ॥ १९०

શિષ્યે શ્રી ગુરૂનુ કોઇ પણ દુષ્કાર્ય પ્રકાશ કરવું નહિ અને શ્રી ગુરૂ કોપાયમાન થાય તે વખતે તેઓએ પ્રસન્ન થાય તેમ કરવું તેનની કોઇ જો નિન્દા કરે તો તે સાંભળવી નહિ. ૧૯૦

नीचं शैय्यासनं चास्य सर्वदागुरु सांन्निधौ ॥
गुरोऽस्तु चक्षु र्विषये न यथेष्टासनो भवेत् ॥ १९१

શિષ્યે શ્રી ગુરૂની શૈયા કરતા નીચે આસને સુવું નીચે આ-

સને બેસવું, અને તેમના સન્મુખ વિવેક રહિત મરજી મુજબ બેસવું નહી, અર્થાત્ ગમે તેમ હાથપગ રાખી બેસવું નહિ. ૧૯૧

चापल्यं प्रमदागाथामहंकारं च वर्ज्जयेत् ॥

नापृष्टो वचनं किंचिद् ब्रुयान्नाऽपि निषेधयेत् ॥ १९२

શિષ્યે શ્રી ગુરૂ સન્મુખ ચપળતા, ના રીસમ્બન્ધીનું વિવેચન અને અહંકારનો ત્યાગ કરવો જોઇએ, શ્રી ગુરૂના પૂછયા શિવાય કંઇ વાત કરવી નહિ; અને શ્રી ગુરૂના કાર્યને નિષેધ કરવું નહિ. ૧૯૨

गुरुवक्तेस्थितं ब्रह्म प्राप्येत तत् प्रसादतः ॥

स्वाश्रमोक्तं स्वजातिं य स्वकीर्ति पुष्टिवर्धिनीम् ॥ १९३

अन्यत्सर्वं परित्यज्य गुरोरऽन्यं न भावयेत् ॥

गुरुवक्त्रे स्थिता विद्या गुरु भक्त्याऽनु लभ्यते ॥ १९४

तस्मात् सर्वप्रयत्नेन गुरोराराधनं कुरु ॥

नोदाहरेदस्यनाम परोक्षमऽपि केवलम् ॥ १९५

શ્રી ગુરૂમુખમાં બ્રહ્મ રહયા છે. શ્રી ગુરૂ પ્રસાદથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, માટે આપણિ સ્થિતિ પ્રમાણે જાતિત્વ અભિમાન તથા કિર્ત્તિ અભિમાન આદિનો ત્યાગ કરી શ્રી ગુરૂ શરણે રહેવું જોઇએ.* કેવળ ગુરૂ ભક્તિથીજ શ્રી ગુરૂમુખને વિષે જે વિદયા રહેલીછે તે મળે છે. માટે સર્વ પ્રયત્નથી (તનમન, ધનાદિ) ગુરૂશ્રીનું આરાધન કરવું જોઇએ વળી શ્રી ગુરૂની પાછળ પણ અગુરૂ નામ અર્થાત ઉપાધિ વરજીત નામનું ઉચ્ચારણ કરવું શિષ્યને ઉચ્ચિત નથી, ૧૯૩–૧૯૫

---

* શ્રી ગુરૂના ઉપદેશ પ્રમાણે વર્તન કરવાથી 'બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે તેથી કહયું છે કે શ્રી ગુરૂમુખને વિષે બ્રહ્મ રહ્યો છે, તેમ વળી હું ઉચ વંશનો અને મારી કીર્તિ સારી છે એવા અહંકાર આદિનો ત્યાગ કરી શ્રી ગુરૂનાજ આશ્રયથી સર્વ છે એમ સમજવું ઉત્તમ છે.

न च हास्यानुकुर्व्वीत गतिभाषितचेष्टितम् ॥
गुरोर्यत्र परिवादो निन्दा वाऽपि प्रवर्त्तते ॥ १९६
कर्णौ तत्र विधातव्वो गन्तव्यं वाततोऽन्यतः ॥
परिवादात् खरोभवेत् श्वानो भवति निन्दकः ॥ १९७
परिभोक्ता भवेत्क्रमिः कोटी भवति मत्सरी ॥
गुरुशैय्यासनं यानंपादुकोपानात्पीढकम् ॥ १९८
स्नानोदकं तथाच्छाया लंघन नैव कारयेत् ॥
गुरोरऽग्रे प्रथक्पूजा मौद्धत्यं च विवर्जयेत् ॥ १९९
दिक्षां व्याख्यां प्रभुत्व च गुरोरऽग्र परित्यजेत् ॥
ऋणदानं तथा दानं वस्तुनां क्रयविक्रयम ॥ २००

હાસ્યમાં પણ શ્રી ગુરૂદેવને તેમની માફક ચલન અને કાર્યાદિનું અનુકરણ બતાવવું જોઇએ નહિ, જ્યાં શ્રી ગુરૂના સમક્ષમાં તેમના દોષ વર્ણ[illegible] નિન્દા એટલે એમની પાછળ દોષાદિઅ કીર્તિ કરતું હોય ત્યાં શિષ્યે સાંભળવા બેસવું નહિ, અથવા હાથથી કાનોને બંધ કરવા. જો કોઇ શિષ્ય ગુરૂ વાકયનું પ્રતિવાદ કરે તો તે બીજે જન્મે ગર્દભ થાય છે, નિન્દા કરે તો કુતરો થાય છે તથા શ્રી ગુરૂના ધનનો ભાગ કરે તો તે કૃમી અને વળી શ્રી ગુરૂનો જાતે વ્દેષી થાય તો કીટ થાય છે. શિષ્યે શ્રી ગુરૂની શૈયા આસન, યાન, કાષ્ટ, પાદુકાદિ, સ્નાનાદિ, જલનું તથા તેમની છાયાનું ઉલ્લંઘન કરવું નહિ, શ્રી ગુરૂસન્મુખ ગુરૂ સિવાય કોઇનું પૂજન કરવું નહિ, તેમ ઉપદેશ, શાસ્ત્ર વ્યાખ્યાન, અને પ્રભુત્વ પ્રકાશ કરવા નહિ, વળી શિષ્યે ગુરૂ સાથે રૂણદાન, રૂણગ્રહણ અને દ્રવ્ય સંબંધી ક્રયવિક્રયાદિ

કાર્ય કરવા નહિ. ૧૯૬-૨૦૦

न कुर्य्यात् गुरुणा सार्द्धां शिष्ये भुत्वा कदाचन ॥
पुत्रैश्च पूजितस्तातः शिष्यैश्च पूजितोगुरुः ॥ २०१

પુત્રે પિતાની પુજા અને શિષ્યે શ્રી ગુરૂની પૂજા કરવી જોઇએ પુત્રે પિતાની અને શિષ્યે શ્રી ગુરૂના દાસ (નોકર)ની માફક આજ્ઞા પાલન કરવી જોઇએ. ૨૦૧

आज्ञया कुरुते कर्म्म पुत्रः शिष्यश्च भृत्यवत् ॥
न प्रेरयेत् गुरुस्तातं पुत्रः शिष्यश्च कर्म्मसु ॥ २०२
पित्रे च गुरवे नित्यं सर्वस्वं च समर्पयेत् ॥
स च शिष्यः सच्चज्ञानी यश्चाज्ञापालयेद् गुरोः २०३
न समंतस्य मूढस्य यो गुरोर वचस्करः ॥
गुरोर्हितं प्रकर्तव्यं वाङ्मनः कायकर्मभिः ॥ २०४

પુત્રે પિતાને અને શિષ્યે ગુરૂને કોઇ પણ કાર્ય પુછયા વગર કરે નહિ; વળી પુત્ર પિતાને અને શિષ્ય ગુરૂને સર્વસ્વ અર્પણ કરવું તેમાંજ તેનું ભલું છે. (અને સમજુ પુત્રને શિષ્યે કાંઇ પણ ચોરી રાખવી નહિ.) જે મનુષ્ય વિચાર કર્યા વગર શ્રી ગુરૂની આજ્ઞાનુ પાલન કરે છે તેજ ખરો શિષ્ય છે અને તેજ જ્ઞાની છે: જે કોઇ શ્રી ગુરૂવાકયમાં અશ્રધા કરે છે તે મુંઢ છે હે પાર્વતિ ! શિષ્યને ઉચિત છે કે વકાય, મન શરીર અને કર્મદ્વારા શ્રી ગુરૂનું હિત અનુષ્ટાન કરે; જે શિષ્ય ગુરૂ અહિતચારી થાય છે તેને બીજા જન્મે વિષ્ટાકીટ થઇ જન્મ લેવો પડે છે. ૨૦૨-૨૦૪

यथा खनन् खनित्रेण नरो वार्यधिगच्छति ॥

तथा गुरुगतांविद्यां शुश्रुषु रधिगच्छति ॥ २०५

જે કોઇ મનુષ્ય ખનિત્ર, યત્રન્નારા મૃત્તિકા ખોદતા ખોદતાં જળ મેળવે છે, તેમજ જે શિષ્ય શ્રી ગુરૂ સેવામાં દ્રઢ રહે છે તેજ શ્રી ગુરૂની સારી વિધ્યાનો લાભ લેવા સમર્થ થાય છે. ૨૦૫

आसमाप्तेः शरीरस्य यस्तु शुश्रुषते गुरुम् ॥
सगच्छत्यंजसा विप्रो ब्रह्मणः सदम शाश्वतम् ॥ २०६

જે બ્રહ્મણ મૃત્યુ સમય સુધી શ્રી સદ્‌ગુરૂની સેવામાં અનુરક્ત રહે છે, તે દેહાન્તર પછી બ્રહ્મલોકમાં ગમન કરનાર છે એમા કાંઇ પણ સંદેહ જાણવો નહિ. ૨૦૬

आब्रह्मस्तंब पर्यंतं परमात्मस्वरुपकम् ॥
स्थावरं जंगमं चैव प्रणमामि जगन्मयम् ॥ २०७

બ્રહ્મથી માંડીને તૃણપર્યંત આસ્થાવર જંગમ ગાક પરમાત્મ સ્વરૂપ સર્વત્ર વ્યાપી રહયું છે એવા જગત્‌મય પરમાત્માને મારા નમસ્કાર છે. ૨૦૭

वन्देऽहं सच्चिदानन्दं भावातीतं जगद्गुरुम् ॥
नित्यं पूर्णं निराकारं निर्गुणं स्वात्म संस्थितम ॥ २०८

હું તે સચ્ચિદાનંદને નમસ્કાર કરૂં છું કે જે ભાવાતીત છે, જગત્‌ગુરૂ છે, નિત્ય છે, પૂર્ણ છે. નિરાકારછે, નિર્ગુણ છે, અને મારા આત્માને વિષે સ્થિતજ છે. ૨૦૮

બ્રાહ્મણો જ્યાં સુધી શ્રી ગુરૂગીતા મહાત્મય નહિ જાણે ને જાણ્યા પછી તે પ્રમાણે નહિ કરે અને પતિશ્રદ્ધ આદિ નિયમોને જાણી સત્ય પ્રમાણે વર્તન કરશે નહિ ત્યાં સુધી પોતાનું ને બીજાનું ભલું કરવા શક્તિમાન થનાર નથી.

परात्परंतरं ध्येयत् नित्यमानन्दकारकम् ॥
हृदयाकाशमध्यस्थं शुद्ध स्फटिक सन्निभम् ॥ २०९

નિરંતર આનંદને આપનાર અને હૃદયાકાશના મધ્ય ભાગમાં રહેલા શુદ્ધ સ્ફટિક સમાન એવા પરમાત્મા સદ્ગુરૂનું ધ્યાન ધરૂં છું, ૨૦૯

स्फटिके स्फाटिकं रुपं दर्पणे दर्पणो यथा ॥
तथात्मनि चिदाकार आनन्दसोहमित्युत ॥ २१०

સ્ફટિકને વિશે સ્ફટિક રૂપે શોભતા દર્પણમાં દર્પણ રૂપે શોભતા- આત્માનેવિષે ચિદાકાર સ્વરૂપે શોભતા એજ આનંદ સ્વરૂપને હું આત્મા છું, ૨૧૦

रुपातीतं हि पुरुषं ध्यायते चिन्मयं हृदि ॥
तत्र स्फुराति यो भावः शृणुतत्कथयामिते ॥ २११

રૂપાતીત અને ચિન્મય એવા પુરૂષ પરમાત્મા સદ્ગુરૂનું હૃદયમાં ધ્યાન કરતા તે વખતે જે ભાવ સ્ફુરાયમાન થાય છે તે તને કહું છું તે તું સાંભળ. ૨૧૧

अजोऽहममरोऽहं च अनादिनिधनो ह्यहम् ॥
अविकार श्चिदानन्दा ह्यणियान् महतोमहान् ॥ २१२
अपूर्वमपरान्नित्यं स्वयं ज्योतिर्निरामयम् ॥
विरजं परमाकाशं ध्रुवमानन्दमव्ययम् ॥ २१३
अगोचरं तथा ऽगम्यं नामरूप विवर्जितम् ॥
नःशब्दन्तु विजानियात् स्वभावात् ब्रह्मपार्वति ॥ २१४

હું અજ છું, અમર છું, અનાદિ છું, અને મૃત્યુથી રહિત છું, અવિકાર છું. ચિદાનંદ છું, નાનામાંનાનો છું, મોટામાંમોટો છું, અપૂર્વ છું, હુંથી કોઇ શ્રેષ્ટ નથી નિત્ય છું, સ્વયજ્યોતિ છું, નીરામય છું, રાગદ્વેષથી રહિત છું, પરમ આકાશ સ્વરૂપ છું. નિશ્ચય છું, આનંદ છું, અવ્યય છું, અગોચર છું, આગમ્ય છું, નામરૂપથી રહિત છુ હે પાવતિ? સ્વભાવથીજ આ બ્રહ્મસ્વરૂપને શબ્દાતીત જાણ. ૨૧૨-૨૧૪

यथा गन्ध स्वभावत्वं कर्पुर कुसुमादिषु ॥
शितोष्णत्व स्वभावत्वं तथा ब्रह्मणि शाश्वतम् ॥ २१५

જેમ કપુર અને પુષ્પને વિષે સુગંધ એ સ્વભાવ છે તથા ઉષ્ણાદિકનો પણ સ્વભાવછે, તથા તેવી રીતે બ્રહ્મને વિષે શાશ્વતપણું સ્વતઃ સિદ્ધ છે. ૨૧૫

यथा निज स्वभावेण कुण्डले कटकादयः ॥
सुवर्णत्वेन तिष्टन्ति तथाहं ब्रह्म शाश्वतम् ॥ २१६

જેમ પોતાના સ્વભાવવડે કરીને કુંડળ અને કડામાં સુવર્ણ ત્વ રહે છે, તેવીજ રીતે હુ શાશ્વત બ્રહ્મ સ્વરૂપ છુ એમ જાણ. ૨૧૬

स्वयं तथा विधो भूत्वा स्थातत्वं यत्र कुत्रचित् ॥
कीटो भृङ्गइव ध्यानात् यथाभवति तादृशः ॥ २१७
गुरुध्यानात्तथा स्वान्ते स्वयं ब्रह्ममयो भवेत् ॥
पिण्ड पदे तथा रूपे मुक्तोऽसौनात्र संशय ॥ २१८

પોતે તેવી રીતે થઇને ગમે ત્યાં સ્થિત થઇ રહે; જેમ કીટ ભ્રમરીનું ધ્યાન કરતો સતો ભ્રમર રૂપ થઇ જાય છે તેવી રીતે પોતાના અંતઃકરણમાં ગુરૂમહારાજનું ધ્યાન કરવાથી પોતે બ્રહ્મમય થાય છે એવો પુરૂષ પીંડથી પદથી અને રૂપથી મુક્ત થાયછે એમાં સંદેહ નથી. ૨૧૭-૨૧૮

॥ पार्वत्युवाच ॥

પાર્વતિ બોલ્યાં.

पिण्डं किन्तु महादेव पदं किं समुदाहृतम् ॥
रुपातीतं च रुपं किं एतदाख्या हि शंकर ॥ २१९

હે મહાદેવ? પિંડ એટલે શું ? પદ એટલે શું ? રૂપ એટલે શું ? રૂપાતીત એટલે શું ? તે કૃપા કરીને કહો. ૨૧૯

॥ श्री महादेवउवाच ॥

મહાદેવજી બોલ્યા

पिण्डं कुण्डलिनी शक्तिः पदं हंमसुदाहृतम् ॥
रूपं बिन्दुरिति ज्ञेयं रुपातीतं निरंजनम् ॥ २२०

આ શરીરમાં કુંડલિની ચક્ર છે તે શક્તિ રૂપ પિંડ છે તે પરમાત્માની અભેદ સત્તા છે ને અભેદ સત્તાનું सोहं हसः વા हंसः सोहं એ તેનું પરમપદ છે આ હંસ સ્વરૂપ बिन्दु રૂપથી સગુણ બ્રહ્મ જાણવા યોગ્ય છે, તેજ વાણી મન અગોચર રૂપાતીત અને નિરંજન છે એમ શરીર, જીવ (સગુણ બ્રહ્મ) અને (નિર્ગુણ) બ્રહ્મનો અનુક્રમ છે. ૨૨૦

पिण्डेमुक्ताः पदेमुक्ता रुपेमुक्ता वरानने ॥
रुपातीतेषु ये मुक्ताः तमुक्ता नात्र संशयः २२१

હે પાર્વતિ ! પિંડથી (શરીરથી) મુક્ત, પદથી(જીવથી) મુક્ત રૂપથી મુક્ત અને રૂપાતીતથી મુક્ત તેજ સત્ય મુક્ત છે તેમાં સંશય નથી. ૨૨૧

गुरुध्याने नेति नित्यं देहि ब्रह्ममयो भवेत् ॥
स्थितश्च यत्र कुत्रापि मुक्तोऽसौ नात्र संशयः ॥ २२२

એમ સદ્‌ગુરૂ પરમાત્માનું ધ્યાન કરવાથી દેહનો અભિમાની જીવ દેહીને બ્રહ્મમય થાય છે તે ગમે ત્યાં રહ્યો હોય તોપણ મુક્ત છે એમાં સંદેહ નથી. ૨૨૨

ज्ञानं वैराग्य मैश्वर्यं यशः श्रीः समुदाहृतम् ॥
षड्गुणैश्वर्ययुक्तश्च भगवान् श्रीगुरुः प्रिये ॥ २२३

હે પાર્વતિ ? જ્ઞાન વૈરાગ્ય, ઐશ્વર્ય, યશ, લક્ષ્મી, પરાક્રમ, આ છ ગુણના ઐશ્વર્યથી યુક્ત એવા ભગવાન તેજ સાક્ષાત્ સદ્‌ગુરૂ છે. ૨૨૩

गुरुः शिवो गुरु र्देवो गुरु र्बन्धुः शरीरिणाम् ॥
गुरुरात्मा गुरुर्जीवो गुरोरन्यन्न विद्यते ॥ २२४

શિવ પણ ગુરૂ છે, દેવ પણ ગુરૂ છે, બંધુ પણ ગુરૂ છે, આત્મા પણ ગુરૂ છે, જીવ પણ ગુરૂ છે, એમ સદ્‌ગુરૂ પરમાત્મા શિવાય અન્ય કાંઇ નથી, ૨૨૪

एकाकी निस्पृहः शान्तः चिन्तासूयाविवर्जितः ॥
बालयभावेन यो भाति ब्रह्मज्ञानी स उच्यते ॥ २२५

એકલોજ, સ્પૃહારહિત, શાન્ત સ્વભાવથી ચીંતા અને રાગદ્વેષથી રહિત, માત્ર બાલક ભાવથી જે રહે છે તેને બ્રહ્મજ્ઞાની એટલે સદ્‌ગુરૂ કહે છે. ૨૨૫

न सुखं वेदशास्त्रेषु न सुखं मंत्र यंत्रके ॥
गुरोः प्रसादादन्यत्र सुखं नास्ति महीतले ॥ २२६

વેદ શાસ્ત્રના જાણવામાં પણ સુખ નથી, મંત્રયંત્રના સાધનોમાં પણ સુખ નથી, એટલે કે આ પૃથ્વી તળમાં સદગુરૂની કૃપાશિવાય બીજે કોઇ ઠેકાણે પણ સુખ નથી. ૨૨૬

चार्वाकवैष्णवमते सुखं प्राभाकारे न हि ॥
गुरोः पादांतिके यद्वत् सुखं वेदान्त समतम् ॥ २२७

ચાર્વાક મતમાં, વૈષ્ણવ મતમાં, પ્રભાકરના મતમાં સુખ નથીજ નથી, પણ જેવું સદગુર ચર્ણકમલમાં વેદાન્તથી માન્ય કરેલુ સુખ છે તેવુ અન્ય સ્થાનમાં નથી. ૨૨૭

न तत्सुखं सुरेन्द्रस्य न सुखं चक्रवर्तिनाम् ॥
यत्सुखं वीतरागस्य मुनेरेकान्त वासिनः ॥ २२८

જેવું સુખ ઇન્દ્રને પણ નથી, ચક્રવર્તીને પણ એ[illegible] સુખ નથી જેવું સુખ એકાન્તનિવાસી રાગદ્વેષથી રહિત સંત સદગુરૂભકતનેછે તેવું અન્યને નથી. ૨૨૮

रमं ब्रह्मापिवेद्यश्च तृप्तोयः परमात्मनि ॥
इन्द्रश्च मन्यते रंकं नृपाणां तत्र का कथा ॥ २२९

જે બ્રહ્મરૂપી રસને પીયે છે અને પરમાત્માને વિષે તૃપ્ત થઇ રહે છે. અને ઇન્દ્ર સરખાને પણ રંક તુલ્ય માને છે, તો બીજા રાજાઓની શીગણત્રી ? ૨૨૯

एक एवा द्वितीयोहं गुरुवाक्येन निश्चितः ॥
एवमभ्यस्यता निसं न सेव्यं वै वनांतरम् ॥ २३०

એક અને અદ્વિતીય એવો હું છું એમ ગુરૂ વાક્યથી જેણે નિશ્ચય કરેલો છે અને તે પ્રમાણેજ અભ્યાસ કરી રહ્યો છે તેને વનવાસ સેવવાની જરૂર નથી. ૨૩૦

अभ्यासान्निमिषेणैव समाधिमधिगच्छति ॥
आ जन्म जनितं पापं तत्क्षणादेव नश्यति ॥ २३१

અભ્યાસ કરવાથી એક નિમિષ માત્રમાં સમાધિને પ્રાપ્ત થાય છે અને આ જન્મનું કરેલું પાપ ક્ષણમાં નાશ પામે છે. ૨૩૧.

किमावाहनमव्यक्ते व्यापके किं विसर्जनम् ॥
अमूर्तौ च कथं पूजा कथं ध्यानं निरामये ॥ २३२

અવ્યક્ત સ્વરૂપનું આવાહન શું! વ્યાપકનું વિસર્જન શું! અમૂર્તની પૂજા શું? જન્મ મરણથી રહિત નિરામયનું ધ્યાન શું. ૨૩૨

गुरु र्विष्णुः सत्वमयो राजसश्चतुराननः ॥
तामसो रुद्र रूपेण सृज्यत्यवति हन्ति च ॥ २३३

સત્વમય સ્વરૂપ ગુરૂ વિષ્ણુરૂપ છે. રજો ગુણ સ્વરૂપ ગુરૂ બ્રહ્મા છે અને તમો ગુણ સ્વરૂપ ગુરૂ રૂદ્ર છે તે ઉત્પન્ન કરે છે, પાલન કરે છે અને નાશ કરે છે. ૨૩૩

स्वयं ब्रह्ममयो भूत्वा तत्परश्चावलोकयेत् ॥
परात्परतरं नान्यत् सर्वगं तन्निरामयम् ॥ २३४

પોતે બ્રહ્મ થઈને તે પરમાત્માનું અવલોકન કરવું તે પરમાત્માથી પરતર કાંઈ નથી, સર્વસ્થાને પ્રાપ્ત થયેલા તે નિરામયજ છે. ૨૩૪

यस्यावलोकाना देवसर्वसंगविवर्जितः ॥
एकाकीनिस्पृहः शांतः स्थातव्यं च सदैवहि ॥ २३५

હે દેવિ ? જેનું અવલોકન કરવાથી સર્વ સંગથી વિવર્જીત થવાય છે (એટલે સર્વનો સંગ છુટી જાય છે. સંસારી વિષયોની કશીમોહ, મમતા રહેતી નથી) અને પોતે એકલો, કોઇની પણ સ્પૃહા વગરનો અને સદૈવ શાંત પ્રાકૃતિવાળો થાય છે. ૨૩૫

लब्धंवाय न लब्धं वा स्वल्पं वा बहुलं तथा ॥
निष्कामे नैव भोक्तव्यं सदा संतुष्ट मानसम् ॥ २३६

તેને પ્રાપ્તથાઓ, વાનથાઓ થોડું મળો વા વધારે મળો છતાં સંતોષ મનવાળા પુરૂષોએ નિષ્કામ બુદ્ધિથી યથા સંસ્કાર ભોગવવા. ૨૩૬

सर्वज्ञं पदमित्याहुः देहि सर्वमयो भूवि ॥
सदानन्दः सदाशान्तो रमते यत्र कुत्रचित् ॥ २३७

ભૂમંડળમાં હંમેશાં આનંદ સ્વરૂપથી સદા શાન્તિમાં રહેનારા એવા સર્વમય-પુરૂષો ગમે ત્યાં ફરે હરે તોપણ તેનુ સર્વજ્ઞતાપણુ સિધ્ધ છે. ૨૩૭

यत्रेव तिष्टते सोऽपिसदेशः पुण्यभाजनः ॥
मुक्तस्य लक्षणं चैव तवाग्रे कथितं मया ॥ २३८

આવા બ્રહ્મ જ્ઞાની, સત સન્યાસી મહાત્મા જ્યાં રહે છે તે દેશ પવિત્ર ગણાય છે એવા મુકત પુરૂષનાં આ લક્ષણ કહ્યાં છે. ૨૩૮

उपदेशो मया देवि गुरुमार्गेण दर्शितः ॥
गुरुभक्ति स्तथा ध्यानसकलं तव कीर्तितं ॥ २३९

હે દેવિ ? ગુરૂ માર્ગ વડે મેં તને ઉપદેશ આપ્યો અને ગુરૂની ભક્તિ તથા ધ્યાન તે સર્વ મેં તારા મોઢા આગળ કહ્યું. ૨૩૯

उपदेशस्त्वयं देवि गुरुमार्गेण मुक्तिदः ॥

गुरुभक्ति स्तथासंता कर्त्तव्यावे मनिषिभिः ॥ २४०

હે દેવિ ! આ ઉપદેશ સદ્‍ગુરૂના માર્ગ વડે કરીનેજ મુક્તિને આપનારો છે, તેટલા માટે વિદ્વાનોએ ગુરૂ મહારાજની એવ ભક્તિ કરવી. ૨૪૦

नित्य मुक्ताश्रयः सर्वो वेदकृत् सर्ववेदकृत ॥
स्वपर ज्ञान दाता च तं वन्दे गुरुमीश्वरम् ॥ २४१

નિરંતર સાવધાન એવા સર્વને આશ્રયરૂપ, સર્વ સ્વરૂપ વેદને કરનાર અને સર્વને જાણનાર, સર્વને ઉત્પન્ન કરનાર પોતાના અને પારકાના જ્ઞાનને આપનાર એવા ઈશ્વર સ્વરૂપ સદ્‍ગુરૂને નમસ્કાર કરૂં છું. ૨૪૧

अप्यधीता निगमाः षडङ्गा न्यागमाः प्रिये ॥
अध्यात्मादिनि शास्त्राणि ज्ञानं नास्ति गुरुं विना ॥ २४२

હે પાર્વતી ! જો કે છ અંગ ગરશાસ્ત્ર અને વેદો ભણ્યા હોય તથા આત્મજ્ઞાનવાળાં સાસ્ત્રનું અધ્યયન કર્યું હોય તો પણ ગુરૂવિના જ્ઞાન નથી. ૨૪૨

निरस्त सर्व संदेहो एकी कृत्य सुदर्शनम् ॥
रहस्यं यो दर्शयति भजामि गुरुमीश्वरम् ॥ २४३

સર્વ પ્રકારના સંદેહને ટાળીને સુદર્શન પરમાત્માનું એકીકરણ કરાવીને જે ગુપ્ત રહસ્યને બતાવે છે એવા ઈશ્વર સ્વરૂપ સદ્‍ગુરૂનું હું ભજન કરૂં છું. ૨૪૩

ज्ञानहीनो गुरुस्त्याज्यो मिथ्यावादी विडंबकः ॥
स्वविश्रान्तिं न जानाति परशान्तिं करोतिकम् ॥ २४४

જ્ઞાનવિનાના ગુરૂનો ત્યાગ કરવો મિથ્યાવાદી વીતંડા કરનાર એવા ગુરૂનો ત્યાગ કરવો કે જે પોતાની વિશ્રાન્તિ (આરામ)ને જાણુતો નથી તો તે પ્રકારને શાન્તિ કેમજ કરશે. ૨૪૪

शिलायाः किं परं ज्ञानं शिलासंघ प्रतारणे ॥
स्वयं तर्तुं न जानाति परं निस्तारयेत्कथम् ॥ २४५

પથ્થરના સમૂહને તારવાનું જ્ઞાન પથ્થરને ક્યાંથી હોય ? કેમકે પોતે તરી જાણુતો નથી તો અન્યને શી રીતે તારશે. ૨૪૫

न वन्दनीयास्ते कष्टं दर्शनात् भ्रान्ति कारकाः ॥
वर्जयेत्तान् गुरुन् दूरे धीरस्यतु समाश्रयेत् ॥ २४६

જેવા દર્શન કરવાથી ભ્રાન્તિ ઉત્પન્ન થાય એવા તે દુઃખકર્ત્તા ગુરૂને નમસ્કાર ન કરવા, તેનો દૂરથીજ ત્યાગ કરવો. માત્ર ધૈર્યવાન ગુરૂનો આશ્રય કરવો અર્થાત્ દેહના મોહમાં આરૂઢ બનેલા વેદાન્તના મુખ પાઠ કરનારા કરાવનારા દેહાભીમાની ગુરૂ સર્વદા ત્યાગ કરવા યોગ્ય છે ૨૪૬

पाखंडिनः पापरताः नास्तिका भेद बुद्धयः ॥
स्त्री लंपटा दुराचाराः कृतघ्ना बकवृत्तयः ॥ २४७
कर्मभ्रष्टाः क्षमानष्टाः निंद्यतर्कैश्चवादिनः ॥
कामिनः क्रोधिनश्चेव हिंसा चंडाः शठास्तथा ॥ २४८
ज्ञान लुप्ता न कर्त्तव्या महापापा स्तथा प्रिये ॥
एभ्यो भिन्नो गुरुः सेव्यः एकभक्त्या विचार्यच ॥ २४९

હે પાર્વતિ દેવિ! મોઢેથી બ્રહ્મ જ્ઞાન કરવાવાળા અને દેહ બુદ્ધિમાં રમનારા તે પાખંડી પાપ બુદ્ધિથી એટલે રાગદ્વેષથી યુક્ત,

તથા ગભ પાતાદિક નિચ કર્મમાં આરૂઢ બનેલા વિધવા ગમન કરવા વાળા પાપી, વેદ શાસ્ત્રનાં કર્મ ઉપાસનાદિમાં અનાસ્થાવાળા, જેની ભેદ બુદ્ધિ છે એવા સ્ત્રીલંપટ, દુરાચારી, ગુણનો ઘાતકરવા વાળા બગલાની વૃત્તિની પેઠે મત્સ્યભોગી, કર્મભ્રષ્ટ, ક્ષમા ભ્રષ્ટ, નિંદ્ય તર્કોથી મીથ્યાવાદ કરવાવાળા, કામી, ક્રોધી, પ્રચંડ હિંસા કરવાવાળા, સઠ (કંજુસ) ગ્નાન રહીત, મહાપાપી એવા ગુરૂ કદાપી કરવા નહિ. આટલા દુષ્ટ લક્ષણોથી રહિત ગ્નાતા સત સદ્‌ગુરૂ કરવા અને એક ભક્તિથી વિચાર કરી તેની સેવા કરવી. ૨૪૭-૨૪૯

शिष्यादन्यत्र देवेशि नवदेयस्य कस्यचित् ॥
नरागां च फल प्राप्तौ भक्तिरेवहि कारणम् ॥ २५०

હે પાર્વતિ દેવિ ? શિષ્ય શિવાય બીજા કોઇને આ વાત કહેવી નહીં. મનુષ્યોને ફળની પ્રાપ્તિને માટે ભક્તિ એજ સબલ કારણ છે. ૨૫૦

गुढा दृढाश्च प्रोताश्च मौनेन सुसमाहिताः ॥
सकृत्तामगतो वापि पंचधा गुरुरीरितः ॥ २५१

ગુપ્ત વિધ્યાને જાણનારા, (દ્રઢનિશ્ચયવાળા,) પ્રસન્ન રહેવા વાળા, અમૃત ભાષણ બોલવા વાળા, નિશ્ચય કામ કરવાવાળા, આ પાંચ પ્રકારના લક્ષણથી ગુરૂ કહ્યા છે. ૨૫૧

सर्वं गुरुमुखा लब्धं सफलं पापनाशनम् ॥
यद्यदात्महितं वस्तु तत्तद्रव्यं न वंचयेत् ॥ २५२

ગુરૂના મુખ થકી પ્રાપ્ત થયેલું સર્વ સફળ થાય છે. પાપનો નાશ કરે છે. જે જે પોતાને હીતકર્તા છે તે તે દ્રવ્યો ગુરૂથી છાનાં રાખવાં નહીં. ૨૫૨

गुरुदेवार्पणं वस्तु तेन तुष्टोस्मि सुव्रते ॥
श्रीगुरोः पादुकां मुद्रां मूलमंत्रं च गोपयेत् ॥ २५३

હે પાર્વતિ ! શ્રી સદ્‌ગુરૂ દેવને અર્પણ કરેલી વસ્તુથી હું સદા સંતોષ છું. શ્રી ગુરૂ મહારાજની પાદુકા, મુદ્રા અને મુલમંત્ર તેને ગુપ્ત રાખવાં. ૨૫૩

नमोनमस्ते नाथ पदारविंदं । बुद्धीन्द्रिय प्राणमनो ववोभिः ॥
यच्चिंत्यते भाव तदात्म युक्तौ । मुमुक्षुभिः कर्मभयोपशान्तिः ॥
२५४

હે સદ્‌ગુરૂનાથ ? તમારા ચર્ણારવિંદને નમસ્કાર છે કે જે ચર્ણ-કમલ મોક્ષની ઇચ્છાથી કર્મની શાન્તિને ઇચ્છવાવાળાઓએ બુદ્ધિ, ઇન્દ્રિય, પ્રાણ, મન અને વાણી વડે શ્રદ્ધા પૂર્વક એકાત્મ ચિત્તથી ચિંતન કરવા યોગ્ય છે. ૨૫૪

अनेन तभ्दवेत्कार्यं यन्ददामि महातपे ॥
लोकोपकारकं देवि लौकिकं तु न भावयेत् ॥ २५५

આજે મેં કહ્યુ છે તે લોકીક નથી પરન્તુ વેદમય કહ્યુ છે; હવે લોકોના ઉપકારને અર્થે એણે કરીને જે કાર્ય થાય છે તે કહું છું. ૨૫૫

अनेन यद्भवेत् कार्यं तन्ददामिं तवप्रिये ॥
लोकोपकारकं देविं लौकिकं तु विवर्जयेत् ॥ २५६

હે પ્રિયે ? આ કરવાથી જે કાર્ય થાય છે તે તને હું કહું છું કે જે લોકોપકારક છે માત્ર લોકિકનો ત્યાગ કરવો. ૨૫૬

लौकिकाद्धर्मतो याति ज्ञान हीनो भव र्णव ॥

ज्ञानाभावे च मत्सर्वं कर्म निष्कर्म शम्यति ॥ २५७

લૌકિક કાર્યો કરવા વડે ધર્મથી ભ્રષ્ટ થાય છે. અને સસાર સમુદ્રને વિષે જ્ઞાનહિન રહે છે. જ્ઞાનના અભાવથી નિષ્કર્મ કર્મનો વિલય થાય છે. ૨૫૭

इमांतु भक्ति भावेन पठत्ते श्रणु यादपि ॥
लिखित्वा यत्प्रदानेन तत्सर्वं फलम श्नुते ॥ २५८

આ ગુરૂગીતા ભકિતભાવ વડે ભણે છે, સાભળે છે, લખીને આપે છે તે સર્વ ફળને પામે છે. ૨૫૮

गुरुगीताभिधं देविशुद्धं तत्वं नयोदितं ॥
भवव्याधिविनाशार्थं स्वयमेव सदाजपेत् ॥ २५९

હે દેવિ આ ગુરૂગીતા શુદ્ધ તત્વજ્ઞાનછે આ ભવ વ્યાધિનો નાશ થવાને માટે મેં તારી આગળ કર્યું માટે એનો સદા પોતે જાપ્ય કરવો. ૨૫૯

गुरुगी[illegible]भिमां देवि हृदि नित्यं विभावय ॥
महाव्याधि गतैर्दुःखैः सर्वदा प्रजपेन्मुदा ॥ २६०

હે દેવિ ? આ ગુરૂગીતાની નિરતર હૃદયમાં ભાવના કરે મહા વ્યાધિ વડે પ્રાપ્ત થતા દુઃખમાં પણ હંમેશાં હર્ષથી તેનો જાપ કરે ૨૬૦

गुरुगीता क्षरैकैकं मंत्रराजमिदं प्रिये ॥
अन्ये च विविधा मंत्राः फलां नार्हंति षोडशीम् ॥ २६१

હે પાર્વતી દેવિ ? આ ગુરૂગીતાનો એક એક અક્ષર મંત્રરાજ સમાન છે. બીજા અનેક પ્રકારના મત્રો છે પણ આ ગુરૂગીતાના મંત્રરાજની સોળમી કળા બરોબર પણ નથી. ૨૬૧

अनंत फल माप्नोति गुरुगीता जपे न ते ॥
सर्व पाप समुहघ्नं सर्व दारिद्र नाशनं ॥ २६२

ગુરૂગીતાનો જાપ્ય કરવાથી અનંત ફળને આપે છે અને સર્વ પાપના સમુહનો તથા દારિદ્રતાનો નાશ કરે છે. ૨૬૨

काल मृत्यु हरा चैव सर्व शंकट नाशिनी ॥
यक्ष राक्षस भूतादि चोर व्याघ्र विघातिनी ॥ २६३
सर्वोपद्रव कुष्टादि दुष्ट दोष निवारिणी ॥
यत्फलं गुरु सानिध्यात् तत्फलं पठनाद्भवेत् ॥ २६४

કાળ મૃત્યુને હરણ કરવા વાળી છે. સર્વ સંકટનો નાશ કરનારી છે. યક્ષ રાક્ષસ ભુતાદિચોર વાઘના ભયમાથી મુકત કરનારી છે સર્વ પ્રકારના ઉપદ્રવ, કોઢ આદિ દુષ્ટ દોષનું નિવારણ કરનારી છે. ગુરૂની સાનીધ્ય રહેવાથી જે ફળ થાય છે તેટલુજ ફળ આ ગુરૂગીતાનો પાઠ કરવાથી છે. ૨૬૩-૨૬૪

महाव्याधि गतेजंतो विभूतिः सिद्धिदाभवेत् ।
अथवा मोहने वश्ये स्वयमेव जपेन्नरः २६५

જે મનુષ્ય પોતેજ એનો જપ કરે છે તેના મહાવ્યાધિ નાશ પામે છે અને તેને અનેક તરેહની વિભૂતિ અને સિદ્ધિ મળે છે અને તેનાપર સર્વ મનુષ્યો રાજી થઇ તેને વશ થાય છે ૨૬૫

कुशैवा दुर्वयाः देवि आशने शुभ्रकंबले ॥
उपविश्य ततो देवि जपेदेकाग्रमानसः ॥ २६६

દર્ભના અથવા દુર્વાના આસનપર સફેદ કામળ પાથરી તે ઉપર આસન કરી એકાગ્રચિત્તથી એનો જપ કરે ૨૬૬

शुक्लासनं वैशात्यर्थं वश्ये रक्तासनं प्रिये ॥
आभिचारे कृष्णवर्णं पीतवर्णं धनागमे ॥ २६७

શાંતિ અર્થે સફેદ આસન, વસ કરવાને રક્ત આસન, કોઈને મેળવી લેવાને અર્થે કાળા રંગનું આસન ધન મેળવવાની ઇચ્છા રાખનારે પીળા રંગના આસન પર બેસી એનો જાપ કરવો. ૨૬૭

उत्तरे शांतिजाप्यं स्याद्वश्ये पूर्वमुखोदितं ॥
दक्षिणे मारणं प्रोक्तं स्थंभने पश्चिमामुखम् ॥ २६८

શાંતિ માટે જપ કરનારે ઉત્તર મુખે બેસવું. સામાને વશ કરનારાએ પૂર્વ મુખે. મરણની ઇચ્છા રાખનારે દક્ષિણ મુખે. અને અટકાવ કરનારાએ પશ્ચિમ મુખે બેસી ગુરૂગીતાનો પાઠ કરવો ૨૬૮

शक्लं सर्वत्र वै प्रोक्तं वश्ये रक्तासनंप्रिये ॥
पद्मासने जपे नित्यं शान्तिवश्यकरं परम् ॥ २६९

સર્વસ્થળમાં સુક્લ આસન કહ્યું છે. વશિકરણમાં રક્ત આસન લેવું. પદ્માસનથી જાપ કરવા વડે શાન્તિને વશ કરી શકે છે ૨૬૯

वस्त्रासने च दारिद्रं पाषाणे रोग संभव ॥
मेदिन्यां दुःखमाप्नोति काष्टेभवति निष्फलं ॥ २७०

વસ્ત્રના આસનપર બેસી જપ કરવાથી દારિદ્રના ઉત્પન્ન થાય છે. પાષાણના આસનપર બેસી જપ કરવાથી રોગનો સંભવ છે. પૃથ્વીના આસન ઉપર બેસવાથી દુખની પ્રાપ્તિ થાય છે, અને કાષ્ટના આસનપર બેસવાથી મંત્ર નિષ્ફળ થાય છે. ૨૭૦

कृष्णाजिने भवेन्मुक्तिः मोक्षश्री व्याघ्रचर्मणी
कुशासने ज्ञानसिद्धिः सर्वसिद्धि स्तु कंबले ॥ २७१

કૃષ્ણ મૃગના ચર્મ ઉપર આસન કરી જપ કરવાથી મુક્તિ થશે (થાય છે) અને વ્યાઘ્ર ચર્મના આસનથી મોક્ષ અને લક્ષ્મીની

પ્રાપ્તિ થાય છે. કુશાસનથી જ્ઞાન સિદ્ધિ અને કુંબલાસનથી સર્વ સિ-દ્ધિ થાય છે. ૨૭૧

आग्नेयां कर्षणं चैव वायव्यां शत्रु नाशनम् ॥
नैऋत्यां दर्शनं चैव ईशान्यां ज्ञान मेवच ॥ २७२
उदङ्‌ मुखः शान्ति जाप्ये वश्ये पुर्व मुखस्तथा ॥
याम्ये तु मारणं प्रोक्तं पश्चिमे च धनागम ॥ २७३

આકર્ષણ કાર્યમાં અગ્નિ કોણ, શત્રુનાશન કાર્યમાં વાયુ કોણ દર્શન કાર્યમાં નૈરૂત્ય કોણ અને જ્ઞાન કાર્યમાં ઇશાન કોણ શાન્તિ જાપ્યમાં ઉત્તરાભી મુખ વશ્યકાર્યમાં પૂર્વાભિમુખ મારણ કાર્યમાં દક્ષિણાભિમુખ અને ધન પ્રાપ્તિ કાર્યમાં પશ્ચિમાભિમુ-ખથી સિદ્ધિ છે. ૨૭૨–૨૭૩

मोहनं सर्व भुतानां बंध मोक्ष करं परं ॥
देव भूपप्रियकरं राजानं वशमानयेत् ॥ २७४

સર્વ ભૂત પ્રાણીઓને મોહ પમાડનારૂં અને સંસાર બંધનથી મોક્ષ કરનાર તથા દેવ, રાજાની પ્રીતિ કરનાર અને તેને વશ કરનાર આ ગુરૂગીતાનો જાપ્ય છે. ૨૭૪

मुख स्तंभकरं चैव गुणानां च विवर्धनम् ॥
दुष्कर्म नाशनं चैव तथा सत्कर्म सिद्धिदम् ॥ २७५

શત્રૂ મુખને સ્તંભન કરનાર છે, સદ્‌ગુણોને વધારનાર છે, પાપ કર્મનો નાશ કરનાર છે અને સત્ કર્મોની સિદ્ધિ આપનાર છે. ૨૭૫

असिद्धं सिद्धयेत्कार्यं नवग्रह भयावहम् ॥
दुःस्वन्पनाशन चैवसव सौख्यप्रदायकं ॥ २७६

એથી ન પાર પડી શકે એવાં કાર્યો સિદ્ધ થાય છે નવગ્રહોનો ભય પણ એથી નાશ પામેછે. નઠારા સ્વપ્નોનો નાશ થાય છે. અને સર્વ પ્રકારનુ સુખ આપે છે. ૨૭૬

सर्वशान्तिकरं नित्यं तथा वंध्या सुपुत्रदम् ॥
अवैधव्य करं स्त्रीणां सौभाग्यस्य विवर्द्धनम् ॥ २७७

નિરંતર સર્વ પ્રકારની શાન્તિ આપનાર છે. વંઝસ્રીને પુત્ર સુખ આપનાર છે. સ્રીઓને અવૈધવ્ય કરનાર છે અને સૌભાગ્યને વધારનાર છે. ૨૭૭

आयुरारोग्य मैश्वर्यपुत्र पौत्र विवर्द्धनमं ॥
निष्कामस्तु त्रिवारं वाजपेन्मोक्ष मवान्पुयात् ॥ २७८

આયુષ, આરોગ્યતા, પ્રભુતા, પુત્રપૌત્રાદિકની વૃદ્ધિ કરનાર અને નિષ્કામ ભકિત વડે ત્રણવાર એ ગુરૂગીતાના (એક ચિન્તે) જપ્ય કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૨૭૮

निष्काम जापी विधवा पठे न्मोक्षमान्पुयात् ॥
सर्वदुःखभयंविघ्नं नाशयेत्ताप हारकम् ॥ २७९.

વિધવા સ્રી નિષ્કામથી પાઠ કરે તો મોક્ષની પ્રાપ્તિ કર્તા છે. સર્વ દુ:ખ વિઘ્ન, ભયને નશ કરનાર છે અને સર્વ પ્રકારના તાપો હરનાર છે. ૨૭૯

अवैधव्यं स कामातु लभते चान्य जन्मनि ॥
सर्व दुःख भयं विघ्न नाशयेत्ताप हारकं ॥ २८०

સકામ ઇચ્છાથી જો વિધવા સ્રી આ ગુરૂગીતાના પાઠ કરે તો અન્યજન્મમાં તે સૌભાગ્યને પ્રાપ્ત થાય છે અને તેના સર્વ દુ:ખ ભય વિઘ્ન સૌ નાશ પામે છે. ૨૮૦

सर्व पाप प्रशमनं धर्म कामार्थ मोक्षदम् ॥
यं यं चिंतयेत् कामं तं तं प्राप्नोति निश्चितम ॥ २८१

સર્વ પ્રકારના પાપને સમાવનાર, ધર્મ, કામ, અર્થ અને મોક્ષને આપનાર આ ગુરૂગીતા છે. એનો જપ કરવાથી જે જે કામની ઇચ્છા રાખે છે તે તે કામ નિશ્ચય થાય છે. ૨૮૧

कामितस्य कामधेनुः कल्पिते कल्प पादपः ॥
चिंतामणि श्चिंतितस्य सर्व मंगल कारकं ॥ २८२

કામનાની ઈચ્છા રાખનારે કામધેનુ ગાય જેવી (ઇચ્છેલું ફળ આપનારી) આ ગુરૂગીતા છે એની કલ્પના કરનારને એ કલ્પ દ્રુમતરૂ મનથી ચિંતન (એનુ) કરનારને ચિંતામણી જેવી સર્વ પ્રકારે મંગળ કરનારી છે. ૨૮૨

लिखित्वा पूजयेधस्तु मोक्षश्रीय मवाप्नुयात् ॥
गुरुभक्ति विशेषेण जायते हृदि सर्वदा ॥ ૨૮૩

આ ગુરૂગીતા લખીને હમેશાં જે તેની પુજા કરે છે તે મોક્ષ અને લક્ષ્મીને પામે છે, હંમેશાં તેનાં હ્રદયમાં ગુરૂ ભકિતનિવાસ કરે છે. ૨૮૩

लिखित्वा दापये द्योत्रैमोक्ष श्रेयः समाप्नुयात् ॥
भोगकाम्ये जपेद्यो वै तस्यकाम फलप्रदं ॥ २८४

જે કોઇ આ ગુરૂગીતા કોઇને લખીને આપે તેથી તે મોક્ષપદ જેટલો શ્રેય મેળવે છે. અને ભોગની ઇચ્છા રાખી જપ કરનારને તે કાર્યનું ફળ મળે છે. ૨૮૪

जपेच्छा क्तै श्च सौरैश्च गाणपत्यै श्च वैष्णवाः ॥

शैवस्य सिद्धिदं देवि सत्यं सत्यं न संशयः ॥ २८५

હે દેવિ ! આ ગુરૂગીતાનો જપ શક્તિના ઉપાસકો, સુર્યના ઉપાસકો, ગણુપતિના ઉપાસકો, વિષ્ણુના ઉપાસકો અને શિવના ઉપાસકો જે કોઇ કરે તેને તત્કાળ સિદ્ધિને આપે એ સત્ય છે એમાં સંશય નથી. ૨૮૫

अथ काम्य जप स्थानं कथयामि वरानने ॥
सागरान्ते सरित्तीरे तीर्थे हरिहरालये ॥ २८६
शक्तिदेवालये गोष्ठे सर्वदेवालये शुभे ॥
वटस्य धात्र्यामूले वा मठे वृन्दावने तथा ॥ २८७
पवित्रे निर्मले देशे जपानुष्ठानतोऽपि वा ॥
निर्वेदनेन मौनेन जपं स्तोत्रं समारभेत ॥ २८७
जाप्येन जयमाप्नोति जपसिद्धिं फलं तथा ॥
हीनकर्म त्यजेत्सर्वं गर्हित स्थानमेवच ॥ २८९

હે પાર્વતિ ? હવે દરેક પ્રકારની ઇચ્છા રાખનારાએ કઇ જગ્યાએ બેસીને એનો જપ કરવો તે હું તને કહું છું. સાગરના તટ ઉપર, નદીના તીર ઉપર, તીર્થમાં, શિવ વિષ્ણુના મંદિરમાં, શક્તિ આદિના દેવાલયમાં, ગાયની કોઢમાં, તમામ દેવતાઓનાં સ્થાનમાં, શુભ સ્થાનમાં વડના મૂળ આગળ, આમલીના મૂળ આગળ, મઠમાં તુળસીના વનમા, પવિત્ર નિર્મળ દેશમાં જે કોઇ જપનું અનુષ્ટાન કરે છે, મૌન રહે છે, અને આ સ્તોત્રનો સમારંભ કરી ગુરૂ મહારાજને નિવેદન કરે છે, તો જપ કરવાથી જય પ્રાપ્ત થાય છે, જપ સિદ્ધિનું ફળ મળે છે માટે સર્વહિન કર્મનો ત્યાગ કરવો, તથા નિંદીત સ્થાનનો ત્યાગ કરવો. ૨૮૬-૨૮૯

स्मशान भय भूमौ वा वटमूले च कानने ॥
सिद्धयंति कानके मूले चुतवृक्षस्य सनिद्यौ ॥ २९०

સ્મશાનની ભયંકરી પૃથ્વીમાં તથા વડના મૂળ આગળ, વનમાં, ધંતુરાના મૂળ આગળ, તથા આંબાના વૃક્ષની સન્નિધ જપ કરવાથી સિદ્ધિને પામે છે. ૨૯૦

पीतासनं मोहनेतु हयसितं चाभिचारिके ॥
ज्ञेयं शुक्लंच शान्त्यर्थं वश्ये रक्तं प्रकीर्तितम् ॥ २९१

મોહન કાર્યમાં પીળું આસન. મારણ કાર્યમાં કાળું આસન શાન્તિ કાર્યમાં ધોળુ આસન અને વશ્યાદિ કાર્યમાં રાતુ આસન રાખવું. ૨૯૧

जपंहिनासनं कुर्वन् हिनकर्म फलप्रदम् ॥
गुरुगीतां प्रयाणे वा संग्रामे रिपु संकटे २९२
जपन् जयमवाप्नोति मरणे मुक्तिदायिकाम् ॥
सर्वकर्माणी सिद्धयंति गुरुपुत्रे न संशय : ॥ २९३

આસનહિન જપ કરવાથી હિન કર્મના ફળને આપનાર છે. પ્રવાસમાં. સંગ્રામમાં, શત્રુના સંકટ સમયે ગુરૂગીતાનો જાપ કરવાથી જય પામે છે; અને મરણને વિષે મુક્તિને આપે છે. ગુરૂના શિષ્યોના સર્વ કાર્યો સિદ્ધ થાય છે એમાં સંદેહ નથી. ૨૯૨-૨૯૩

गुरु मंत्रो मुखे यस्य तस्य सिद्धयन्ति नान्यथा ॥
दिक्षया सर्व कर्माणि सिद्धयन्ति गुरु पुत्रके ॥ २९४

જેના મુખમાં ગુરૂ મંત્ર છે તેના સર્વ કાર્યો સિદ્ધ થાય છે. અન્યથા નહી, તેમજ દિક્ષા પામવાથી પણ સર્વ કર્મની સિદ્ધિ થાય છે. ૨૯૪

भव मूल विनाशाय चाष्टपाश निवृत्तये ॥
गुरुगीतां भसिस्नानं तत्वज्ञः कुरुते सदा ॥ २९५

તત્વને જાણનારા સંસાર મળનો નાશ કરવાને માટે તથા આઠ પ્રકારના પ્રાશથી નિર્મુક્ત થવા માટે આ ગુરૂગીતા રૂપી ગંગાના જળમાં સ્નાન* કરે છે. ૨૯૫

सएव [illegible]: साक्षात् सदसद्ब्रह्मवित्तमः ॥
तस्य स्थानानि सर्वाणि पवित्राणि न संशयः ॥ २९६

તેજ સત્ અને અસત્ બ્રહ્મ સ્વરૂપને જાણનાર સદ્‌ગુરૂ છે, તેમનાં સર્વસ્થાનો પણ પવિત્ર છે એમાં સંશય નથી ૨૯૬

सर्व शुद्धः पवित्रोऽसौ स्वभावाद्यत्र तिष्टति ॥
तत्र देवगणाः सर्वे क्षेत्र पीठे चरन्ति च ॥ २९७

જ્યાં આવા સદ્‌ગુરૂ મહારાજનો નિવાસ છે, ત્યાં સર્વ શુદ્ધજ છે, પવિત્રજ છે. અને ત્યાંજ સર્વ દેવ તે ક્ષેત્ર પીઠમાં વીચરે છે. ૨૯૭

आसनस्थः शयनस्थो गच्छ स्तिष्टतो पिवा ॥
अश्वारुढो गजारुढो सुषुप्तोसौ जाग्रतोऽपिवा ॥ २९८
सुचिष्मान्वै सदा ज्ञानीगुरु गीता जपेनतु ॥
तस्यदर्शनमात्रेण पुनर्जन्म न विद्यते ॥ २९९

આસને બેઠાં, સુતાં, ચાલતાં. ઉભા રહેતાં, ઘોડા ઉપર બેસીને, હાથી ઉપરની સ્વારીમાં, ઉંઘતાં જાગતાં પણુ જે જ્ઞાની પવિત્રાઇથી ગુરૂગીતા સદા જપે છે તેનો દર્શન માત્રથી પુનર્જન્મનો સંભવ નથી. ૨૯૮–૨૯૯

सागरे तु यथा तोयं क्षीरं क्षीरे जलं जले ॥

भीज्न कुंभे यथाकाशं तथात्मा परमात्मनि ३००

સાગરના જળમાં બીજુ' પાણી રેડીએ તો તે મીઠું હોય તો પણ તે સાગરના જળ સાથે મળી ખારૂં થઇ જાય છે. તેમજ દુધમાં દુધ રેડવાથી તે પણ ગળી જાય છે અને જળમાં જળ મળી જુદા સરખુ દેખાય છે તેમજ ઘટાકાશ અને મહાકાશ જુદું નથી તેજ મુજબ આત્માને પરમાત્મા એકજ છે ૩૦૦

तथैव ज्ञानी जीवात्मा परब्रह्मणि लीयते ॥
ऐक्येनरमतेज्ञानी यत्र दिवानिशं ॥ ३०१

તેજ પ્રમાણે જ્ઞાનીઓ પોતાનો જીવાત્મા પરબ્રહ્મ વિષે લીન કરી બ્રહ્મ સાથે એક તાર થઇ અહોનીશરમણ કરે છે. ૩૦૧

एवं विधो महामुक्तः सर्वदा वर्त्तते स्वयं ॥
तस्मात्सर्व प्रयत्नेन भक्तिभावं करो तियः ॥ ३०२

માટે સર્વ પ્રયત્ને કરીને જે ભક્તિભાવ કરે છે તે પ્રકારે મુક્ત થઇ સર્વદા પોતાની ઇચ્છાનું આરવર્ત છે. ૩૦૨

गुरौसंतोषिते सर्वे मुक्तास्तेनात्र संशयः ॥
भक्ति मुक्ति दषातेषां जिव्हयाग्रे च सरस्वती ॥ ३०३

બ્રહ્મરૂપ ગુરૂને સંતોષ પમાડયાથી સર્વ મુક્ત થાય છે એમાં સંશયનથી અને ભક્તિ મુક્તિને દયા પ્રાપ્ત થાય છે તેમજ તેની જીભાગ્રે સરસ્વતિ રહે છે. ૩૦૩

गुरु संतोषणादेव मुक्तो भवति पार्वति ॥
अणिमादिषु भोकतृ'वं कृपया देवि जायते ॥ ३०४

હે પાર્વતિ દેવિ ! ગુરૂના સંતોષથી હંમેશાં મુક્તિજ છે. સદ્-

ગુરૂની કૃપાથી અણિમાદિ સિદ્ધઓનો ભોક્તા થાય છે. ૩૦૪

अनेन प्राणिनः सर्वेगुरुगीता जपान्विताः ॥

सर्वसिद्धि मवान्पोति भूक्तिं मुक्तिं न संशयः ॥ ३०५

એ સીવાય બીજા પ્રાણીઓ પણ ગુરૂગીતાનો જાપ્ય કરવાથી ભુક્તિ (નાના પ્રકારના ભોગ) મુક્તિ (મોક્ષ) ઈત્યાદિ મેળવે છે એમાં સંશયનથી. ૩૦૫

साक्ये न स्मने ज्ञानी दिवा वा यदि वा निशी ॥

एवं विधो महामौनी त्रैलोक्य समतां व्रजत् ॥ ३०६

જ્ઞાની પુરૂષ દિવસ રાત્રીમાં સમ બુદ્ધિથી રમે છે. આ પ્રકારનો મહામોનનો વિધિ ત્રણે લોકની સમતાને પ્રાપ્ત કરી શકે છે. ૩૦૬

अथ संसारिणः सर्वे गुरुगीता जपेनतु ॥

सर्वान् कामांस्तु भुंजंति त्रिसत्यंममभाषितम् ॥ ३०७

ત્યારપછી સર્વ સંસારમાં રહેનારા ગૃહસ્થાશ્રમી પુરૂષો ગુરૂગીતાનો જાપ કરવાથી સર્વ કામનાઓને ભોગવે છે, આ મારૂં કહેલું વચન ત્રણે કાળમાં સત્યજ છે ૩૦૭

सत्यं सत्यं पुनः सत्यं निजधर्मं नियोजितः ॥

गुरुगीतासमं नास्ति सत्यं सत्यं वरानने ॥ ३०८

હે દેવિ ? એ વાત સત્ય છે હું ફરી ફરીને કહું છું કે સ્વધર્મમાં યોજીત થઇ ગુરૂગીતાનો જાપ્ય કરવાથી એ સમાન બીજું કાંઇજ નથી. ૩૦૮

सत्यं सत्यं पुनः सत्यं धर्म सांख्यं मदोदितं ॥

गुरुगीतासमं स्तोत्रं नास्ति तत्वं गुरोःपरम् ॥ ३०९

સત્ય છે, સત્ય છે, સત્ય છે ધર્મ અને સાંખ્યવાળું આ મારૂં કહેલું સત્ય છે કે ગુરૂગીતા સમાન સ્તોત્ર નથી તેમ ગુરૂ પરમાત્માથી અન્યતત્વપણુ નથી. ૩૦૯

गुरुर्देवो गुरुधर्मो गुरुर्निष्टा परंतपः ॥
गुरोः परतरं नास्ति त्रिवारं कथायामिते ॥ ३१०

ગુરૂજ દેવ છે, ગુરૂજ ધર્મ છે, ગુરૂજ શ્રધા છે, ગુરૂજ પરમતપ છે, ગુરૂથી અન્ય કંઇ શ્રેષ્ટ નથી એમ સત્યતા બતાવવા ત્રણવાર કહું છું. ૩૧૦

धन्यमाता पिताधन्यो गोत्रंधन्यं कुलोद्भवः ॥
धन्या च वसुधादेवि यत्रसाद्गुरु भक्तता ॥ ३११

તેની માતાને ધન્ય છે, તેના પીતાને ધન્ય છે, તેના ગોત્રને ધન્ય છે, જેના કુળમાં ઉત્પન્ન થયો છે તે કુળને પણ ધન્ય છે. જે પૃથ્વીમાં નિવાસ કરે છે. તે પૃથ્વીને પણ ધન્ય છે કે જેણે સદ્-ગુરૂ પરમાત્માની ભકિત કરી છે. ૩૧૧

शरीर मिन्द्रियं प्राणं अर्थ स्वजन बंधुता
मातुः कुलं पितृकुलं गुरुमेव परं स्मरत् ३१२

શરીર ઇન્દ્રિય, પ્રાણ, લક્ષ્મી, સ્વજન બધું વર્ગ, માતાનું કુળ અને પીતાનું કુળ એ સર્વ ગુરૂ છે એમ સર્વત્ર ગુરૂજાણી સ્મરણ કરવું. ૩૧૨

अ [illegible] यज्ञव्रततपः क्रियः ॥
ताः सर्वाः सफला देवि गुरुसंतोषमात्रतः ॥ ३१३

માત્ર સદ્ગુરૂ પરમાત્માની સતોષ પૂર્વક ભક્તિ કરી છે તેવા

પુરૂષોનાં અનંત કોટી જન્મનાં કરેલાં યજ્ઞ, વ્રત, તપ, ક્રીયા વિગેરે હે દેવિ ! સર્વ સફળ થાય છે. ૩૧૩

मन्दभाग्या ह्यशक्ताश्च ये जनानानुमन्वते ॥
गुरुसेवासु विमुखाः पच्यन्ते नरकेऽशुचौ ॥ ३१४

"જેના હૃદયમાં ગુરૂનું માન્ય નથી તે મંદભાગી છે. તેજ અ-શક્ત છે. એવા ગુરૂ સેવાથી વિમુખ રહેનારા પુરૂષો અપવિત્ર નર્કમાં પડયા છે એમ જાણો. ૩૧૪

विद्या धनं मदे नैव मंद भाग्याश्च येनराः ॥
गुरुसेवांन कुर्वंति सत्यं सत्यं वदाम्यहं ॥ ३१५

વિધ્યા અને ધનનામદથી મદાંધ થયેલા મંદ ભાગી પુરૂષો સેવા કરતા નથી એ હું સત્યજ કહું છું. ૩૧૫

विद्या धनं बलं चैव तेषां भाग्यं निरर्थकम् ॥
एषां गुरु कृपा नास्ति अधोगच्छन्ति पार्वति ॥ ३१६

હે પાર્વતિ? જેના ઉપર સદ્દગુરૂરૂપરમાત્માની કૃપા નથી એવા પુરૂષને વિધ્યા, ધન અને બળ પ્રાપ્ત હોય તોપણ તેનું પ્રારબ્ધ નિરર્થકછે એમ જાણો અને તે નર્કમાંજ પડે છે. ૩૧૬

* गुरुसेवा परंतीर्थ मन्यतीर्थ मनर्थकम् ॥
सर्वतीर्थाश्रयं देवि सद्गुरोश्चरणाम्बुजम् ॥ ३१७

હે દેવિ ! શ્રી ગુરૂ સેવાએ સઘળા તીર્થોની અપેક્ષા પ્રધાન તીર્થછે. શ્રી ગુરૂ સન્મુખ બીજાં તીર્થ વૃથાછે. શ્રી ગુરૂના ચરણાં-બુજ વડે સર્વ તીર્થો રહયાં છે ૩૧૭

---

* જેમ માત પિતાએ શ્રેષ્ટ ગુરૂ છે તેમજ સ્ત્રીઓને પોતાનો પતિ એજ શ્રેષ્ટ ગુરૂ છે. માટે તેમને તીર્થ, વ્રત, જપ, તપ એ સઘળું તેમના પાદ સેવનમાંજ સમજવું (આ શ્રી ગુરૂગીતામાં શ્રીપાર્વતી દેવિ શ્રી મહાદેવનેજ આધ્યગુરૂ સમજે છે.

गुरुध्यानं महापुण्यं भुक्ति मुक्ति प्रदायकम् ॥
वक्ष्यामि तत्वदेंवार्षि शृणुष्व कमलानने ॥ ३१८

હે કમલાનને ? હે સુરેશ્વરી ? હું તમને ગુરૂ ધ્યાન કહું છુ તે શ્રવણ કરો. આવી રીતે શ્રી ગુરૂનું ધ્યાન કરવાથી મહા પુણ્યનો લાભ થાય છે અને અંતે એક જન્મમાં ભુકતમાન કરી મુક્તિને પ્રાપ્ત થાય છે ૩૧૮

प्रातः शिरसि शुक्लाब्जे द्विनेत्र द्विभुजं गुरुम् ॥
वराभयकरं शान्तं स्मरेन्तन्नाम पूर्वकम् ॥ ३१९
वामाङ्कशक्तिसहितं कारुण्ये नाव लोकितम् ॥
प्रीययासव्य हस्तेन धृतचारु कलेवरम् ॥ ३२०
वामेनोत्पल धारिण्या रक्ताभरण भुषया ॥
ज्ञानानन्द समायुक्तं स्मरेत्तन्नाम पूर्वकम् ॥ ३२१
अखण्डमण्डलाकारं व्याप्तं येन चराचरम् ॥
तत्पदं दर्शितं येन तस्मै श्री गुरवेनमः ॥ ३२२
नमोऽस्तु गुरवे तस्मै इष्टदेव स्वरूपिणे ॥
यस्य वाक्यामृतं हन्ति विषं संसार संज्ञितम् ॥ ३२३

જેમનું મસ્તક શ્વેત કમલદલ જેવું સુશોભિત થઇ રહ્યું છે, જેમને બે નેત્ર અને બે બાહુ છે, અને તે બે હાથમાંથી એકમાં વર અને બીજામાં અભય ધારણ કરી રહયા છે; એવા પ્રશાન્ત મૂર્તિ ગુરૂ દેવના નામોચ્ચારણ પૂર્વક પ્રાતઃકાળમાં સ્મરણ કરવું ઉચ્ચિત છે. એવા શ્રી ગુરૂ દયાપૂર્ણ દ્રષ્ટિથી સમસ્ત સંસારને જોઇ રહયા છે;

તેમના વામઉસ ઉપર તેમનિ શક્તિ દેવિ બીરાજમાન છે, ત દેવિ રકત અલંકારથી ભૂષિત છે. જેમના વામ હસ્તમાં કમળ પુષ્પ છે, અને દક્ષિણ હસ્તમાં પોતાના ચારૂકલેવરને ધારણ કરેલું છે, એવા પ્રકારે જ્ઞાનાનન્દપુર્ણ શ્રી ગુરૂદેવનું ચિંતન કરવું ઉચ્ચિત છે. શ્રી ગુરૂનું સ્વરૂપ કેવું છે! જેમ આકાશ મંડળ ખંડીત થતુ નથી તેમ ગુરૂનું સ્વરૂપ પણ ખંડીત થતું નથી. તે પોતાના સ્વરૂપ વડે આખા વિશ્વમાં વ્યાપક છે, અને જેણે આપણને "તત પદ" અર્થાત અખડીત વ્યાપકતા દર્શાવી છે તેમને નમસ્કાર છે, ઇષ્ટ દેવરૂપ શ્રી સદ્‌ગુરૂને નમસ્કાર છે એવા ઇષ્ટિ દેવ રૂપ ગુરના અમૃત રૂપ વાકય-થી સંસાર રૂપી વિષ્ટનું હરણ થાય છે. (સંસારને તરાય છે.)

૩૧૯-૩૨૩

ब्रह्माविष्णुश्चमेहशश्च देवर्षि पितृ किन्नरा ॥
सिद्ध चारण यक्षाश्च मुनयोवै महाजनाः ॥ ३२४
गुरुसेवापरं तीर्थं मन्य तीर्थं निरर्थकं ॥
सर्व तीर्थ चयो देवि सद् गुरोश्चरणांबुजे ॥ ३२५

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર દેવ રૂષિઓ, કીન્નરલોક, પિતૃલોક, સિદ્ધલોક, ચારણલોક, યક્ષલોક, સર્વ મુનીઓ તેમજ મહાન પુરૂષો ગુરૂ સેવા એજ ઉત્તમ તીર્થ માને છે. અન્ય તીર્થ ગુરૂ સેવા આગળ મીથ્યા સમજે છે કારણ કે હે દેવિ? એ સર્વ તીર્થો શ્રી પરબ્રહ્મરૂપ સદ્‌ગુરૂના ચરણકમળ વિષે રહયાં છે. ૩૨૪-૩૨૫

कन्या भोगरता मंदाः स्व [illegible] पराङ्मुखाः ॥
अतःपरं [illegible] कथितं न मम प्रिये ॥ ३२६

હે પ્રિયે ! જે પોતાની કન્યાને વિષે ભોગ બુદ્ધિવાળાછે. પોતાની સ્ત્રીને વિષે પ્રીતીવાળા નથી એવા મંદ ભાગી પુરૂષોને આ ગુપ્ત રહસ્ય કહેવું નહીં. ૩૨૬

इदं रहस्यं परमं तवाग्रेकथितं मया ॥
सुगोप्यं च प्रयत्नेन येनात्मत्वं प्रयास्यति ॥ ३२७

આજે ગુરૂગીતાનું ઉત્તમ રહસ્ય મેં તારી આગળ કહ્યું તે પ્રયત્ને કરીને પણ ગુપ્ત રાખવા યોગ્ય છે કારણ કે એ વડે આત્મતત્વ પામશે ૩૨૭

इदं रहस्यमस्पष्टं वक्तव्यं च वरानने ॥
सुगोप्यं च तवाग्रेतु ममात्मप्रीतये मति ॥ ३२८

હે પાર્વતી દેવિ ! આજે ગુપ્ત રહસ્ય અનધીકારીને શુદ્ધ રીતે(ખુલ્લી રીતે) કહેવું નહિ. મારો આત્મા પ્રસંન્ન થયો ત્યારેજ ગુપ્ત રહસ્ય મેં તને કહ્યું છે. ૩૨૮

स्वामि मुख्य गणेशाद्यान् वैष्णवादीं च पार्वतिं ॥
न वक्तव्यं महामाये पादस्पर्शं कुरुष्वमे ॥ ३२९

જેને વિષે સ્વામી કાર્તિક મુખ્ય છે એવા દેવાદિક, અને જેને વિષે ગણેશ મુખ્ય છે એવા ગણો, અને જેને વિષે વિષ્ણુ મુખ્ય છે એવા મારા ભકતજનો, પણ જો અનધિકારી હોય તો આ ગુપ્ત રહસ્યન કહેવું. એવી પ્રતિજ્ઞાને માટે મારા ચર્ણને સ્પર્શકર. ૩૨૯

अतीवचित्तपक्वस्य श्रद्धाभावं विलोक्य वै ॥
प्रवक्तव्यमिदं देवि ममात्मासि सदाप्रिये ॥ ३३०
अभक्ते वंचके धूर्ते पाखंडे नास्ति केनरे ॥

मनसापिन वक्तव्यं गुरुगीताभिधं प्रिये ॥ ३३१

હે મારા આત્મા સમાન પ્રિયદેવિ? જેમના ચિત્ત શુદ્ધભાવથી પરિપક્વ થયેલાં અને નિર્મળ છે એવા જ્ઞાનીઓના મોઢા આગળ આ ગુરૂગીતા કહેવી પરન્તુ હેપ્રિયે? અભક્ત લુચ્ચા, ધુતારા, પાખંડી તેમજ નાસ્તિક મનુષ્યો આગળ આ ગુરૂગીતાનું રહસ્ય કહેવાની મનથી પણ ભાવના કરવી નહીં ૩૩૦-૩૩૧

* गुरवो बहवः संति शिष्यवित्ताप हारकाः ॥

तमेकं दुर्लभं मन्ये शिष्य हृताप हारकम् ॥ ३३२

શિષ્યોના દ્રવ્યનું હ ણુ કરનારા ગુરૂઓ ઘણા છે. પણ શિષ્યોના હૃદયના તાપને હરનાર કોઈ એક સદ્ગુરૂ દુર્લભ છે એમ માનું છું ૩૩૨.

---

* गुरवा बहवः मन्ति शिष्य वित्ताप हार काः ॥

गुरवो विरलाः सन्ति शिष्य संताप हार काः ॥

શિષ્યોના ધનને હરણુ કરી પોતાના સ્ત્રી પુત્રાદિકને આ ભુષણુ ઘડાવનારા અને ગુરૂ કહેવરાવી અનેક પ્રપંચમાં રમનારા ગુરૂઓ ઘણા છે.

चातुर्यवान् विवेकी च अध्यात्म ज्ञानवान् शुचिः ॥

मानसं निर्मलं यस्य गुरुत्वं तस्य शोभते ॥ ३३३

ચાતુર્યવાન હોય, વિવેકી હોય, આત્મજ્ઞાની હોય, પવિત્રહોય, નિર્મળ મનવાળો હોય તેને સદ્ગુરૂત્વ શોભે છે. ૩૩૩

गुरवो निर्मलाः शान्तः साधवोमित भाषिणः ॥

कामक्रोध विनिर्मुक्ताः सदाचार जितेन्द्रियाः ॥ ३३४

સદ્ગુરૂઓ સદાયે નિર્મળ શાન્ત સ્વભાવના, સાધુ સ્વરૂપના, થોડું બોલનારા કામક્રોધથી રહિત બુદ્ધિવાળા, સદાચાર પાલન કરવા વાળા અને જીતેન્દ્રિય હોય છે તે સદ્ગુરૂ થવાને યોગ્ય છે. ૩૩૪

कृतया गुरु भक्तेस्तु वेंदसास्त्रानुसारत : ॥
मुच्यते पातकाद् घोरात् गुरुभक्तो विशेषतः ॥ ३३५

વેદ શાસ્ત્રાનું સારસત્ શિષ્યે વિશેષત્વે કરીને સદ્ગુરૂ ભક્તિ કરી હોય તો અઘોર પાપથી મુકત થાય છે. ૩૩૫

दुःसंगं च परित्यज्य पाप कर्म परित्यजेत् ॥
चित्त चिन्ह मिदं यस्य तस्य दीक्षा विधीयते ॥ ३३६

કુસંગનો પરિત્યાગ કર્યો હોય પાપ કર્મનો પરિત્યાગ કર્યો હોય એવું ચિન્હ જેના ચિત્તને વિષે છે એવા સત્ શિષ્યને ગુરૂ દિક્ષા આપવી. ૩૩૬

चित्त त्याग नियुत्कश्च क्रोध गर्व विवर्जितः ॥
द्वैत भाव परित्यागी तस्य दीक्षा विधीयंते ॥ ३३७

મન વડે જેણે સર્વ વસ્તુનો યથાર્થ ત્યાગ સ્વિકારર્યો હોય તેમ ક્રોધ અને અહંકાર રહિત થયો હોય અને દ્વૈત બુદ્ધિ (ભેદ બુદ્ધિ) રાગ દ્વેષાદિકનો ત્યાગ કર્યો હોય તેને આ ગુરૂદિક્ષા આપવી. ૩૩૭

एत लक्षण युत्कत्वं सर्व भूतहितेरतम् ॥
निर्मलं जीवितं यस्य तस्य दीक्षा विधीयते ॥ ३३८

આ ઉપર બતાવેલાં લક્ષણો વડે કરીને યુકત સર્વભૂત પ્રાણિ માત્રનું હિત કરવામાં પ્રીતીવાળો હોય અને જેનું જીવીત નિર્મળ છે એવાને દીક્ષા આપવી. ૩૩૮

क्रियया चान्वितं पूर्वं दीक्षा जालं निरुपितम् ॥
मंत्र दीक्षाभिधं सांगोपांगं सर्व शिवो दितम् ॥ ३३९

દીક્ષા પ્રાપ્ત કરતાં પહેલાં ક્રીયા એટલે કર્મ વડે કરીને શુદ્ધ થયું છે હૃદય તે જેનું એવા સત્ શિષ્યને મંત્ર દીક્ષા આપવી એજ સાંગો પાંગ વિધિ છે એમ શંકર કહે છે. ૩૩૯

क्रियायासादि रहितां गुरु सायुज्य दायिनी ॥
गुरु दिक्षां विना को वा गुरुत्वाचार पालकः ॥ ३४०

શ્રમ રહિત કરેલી નિષ્કામ કર્મ ક્રીયા તે ગુરૂના સાયુજ્ય પદને આપનાર છે. માટે ગુરૂ દિક્ષા પ્રાપ્ત કર્યા શિવાય ગુરૂત્વ પણાના આચારને પાલન કરનારો કોણ છે? ૩૪૦

शक्तो न चापि शक्तो वा दैशिकांघि समाश्रयात् ॥
तस्य जन्मास्ति सफलं भोग मोक्ष फल प्रदम् ॥ ३४१

સામર્થ્યવાળો કે અ સામર્થ્યવાળો પણ ગુરૂ માહારાજના ચર્ણાવિન્દના આશ્રયથી પોતાનો જન્મ સફળ કરે છે અને ભોગ તથા મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. ૩૪૧

असंत चित्त पक्वस्य श्रद्धा भक्ति युतस्यच ॥
प्रवक्तव्यमिदं देवि मामात्म प्रीतये सदा ॥ ३४२

હે દેવિ! મારી પ્રીતી મેળવવાને માટે હમેશાં અતી પરીપક્વ ચિત્ત છે તે જેનુ એવા અને શ્રધ્ધા ભક્તિવાન પુરૂષને આ ગુપ્ત રહસ્ય કહેવું ૩૪૨

सच्चिदानन्द रुपाय व्यापिने परमात्मने ॥
नमः श्रीगुरुनाथाय प्रकाशानन्द मूर्त्तये ॥ ३४३

સચ્ચિદાનંદ સ્વરૂપ, વ્યાપક, પરમાત્મન્ અને પ્રકાશાનંદ મૂર્તિ શ્રી સદ્ગુરૂ નાથને પ્રણામ કરૂં છું. ૩૪૩

सत्यानन्द स्वरूपाय बोधैक सुख कारिणे ॥
नमो वेदान्त वेद्याय गुरवे बुद्धि साक्षिणे ॥ ३४४

સત્યાનંદ સ્વરૂપ, એક બોધ વડે કરીને સુખ કર્તા વેદાન્ત વેદ્ય અને બુધ્ધિના સાક્ષી શ્રી સદ્ગુરૂને હું નમસ્કાર કરૂં છું, ૩૩૪

नमस्ते नाथ भगवन् शिवाय गुरु रूपिणे ॥
विद्यावतार संसिद्ध्यै स्वीकृतानेकविग्रह ॥ ३४५

હે નાથ! હે ભગવન? હે શિવ સ્વરૂપ, હે ગુરૂરૂપ! જ્ઞાન પ્રકાશની સિધ્ધિ આપવાને અર્થે સ્વીકાર કર્યા છે, અનેક દેહો તે જેણે એવા તમને નમસ્કાર છે. ૩૪૫

नवाय नवरूपाय परमार्थैक रूपिणे ॥
सर्वाज्ञान तमोभेद मानवे चिद्घनायते ॥ ३४६
स्वतंत्राय दयाक्लृप्त विग्रहाय शिवात्मने ॥
परतंत्राय भक्तानां भव्यानां भव्यरूपिणे ॥ ३४७
विवेकीनां विवेकाय विमर्शाय विमर्शिनाम् ॥
प्रकाशिनां प्रकाशाय ज्ञानीनां ज्ञानी रूपिणे ॥ ३४८

નવા નવા સ્વરૂપવાળા પરમાર્થમાં એક સ્વરૂપ, સર્વ અજ્ઞાનના અંધકારને ભેદનાર ભાનુ સ્વરૂપ અને ચીદ્ઘન સ્વરૂપ, સ્વતંત્ર સ્વરૂપ દયાયુક્ત, શિવાત્મન્ સ્વરૂપ ભક્તોને આધિન રહેવાવાળા ભવ્યને વિષે ભવ્ય સ્વરૂપે સ્થિત, વિવેકીમાં વિવેક સ્વરૂપ, વિચાર કરવાવાળાઓમાં વિચાર સ્વરૂપ પ્રકાશ કરનારાઓમાં પ્રકાશ સ્વરૂપ અને જ્ઞાની જનોમાં

જ્ઞાન સ્વરૂપ એવા તમને નમસ્કાર છે. ૩૪૬

पुरस्तात्पार्श्वयो पृष्ठे नमस्कुर्यादुपर्य ॥
सदामच्चित रुपेण विवोहि भवदासनम् ॥ ३४९

હે પાર્વતિ દેવિ ! તારૂં આસન હંમેશાં મારા ચિત્ત સ્વરૂપમાં ધારણુ કરીને સન્મુખ, પડખામાં. પાછળ, ઉપર અને નિચે નમસ્કાર કર અર્થાત્ સર્વ દિશામાં સર્વ સ્વરૂપે મારા સ્વરૂપથી સદ્‌ગુરૂને જાણુ. ૩૪૮

श्रीगुरुं परमानन्दं वन्दे आनंद विग्रहम् ॥
यस्य सन्निधि मात्रेण चिदानंदायते नमः ॥

આનંદકારી જેનું સ્વરૂપ છે એવા પરમ આનંદ કરનાર શ્રી સદ્‌ગુરૂને નમસ્કાર કરૂં છું જેની પાસે રહેવાથી ચિદાનંદ સ્વરૂપ થાય છે એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. ૩૫૦

नमोस्तु गुरवे तुभ्यं सहजानंद रुपिणे ॥
यस्य वागामृतं हंति विषं संसार संज्ञकम् ॥ ३५१

સહજ માત્રમાં આનંદ કરાવનાર હે ગુરૂ મહારાજ ! તમને નમસ્કાર છે. જેની વાણી રૂપી અમૃતથી સંસાર સંજ્ઞાવાળા વિષનો નાશ થાય છે. ૩૫૧

नानायुक्त्युपदेशेन तारिता शिष्य संततिः ॥
तत्कृपा सारवेदि गुरुचित्पदमच्युतम् ॥ ३५२

નાના પ્રકારની મુકિતના ઉપદેશથી શિષ્યજનોને જેણે તાર્યાં છે. તેમની કૃપાનું સાર તત્‌જ્ઞાન જાણુવાથી અચ્યુદપદને પમાય છે એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. ૩૫૨

अच्युताय नमस्तस्मै गुरवे परमात्मने ॥
स्वारामोक्ता पदेच्छूनां दत्तं येनाच्युतं पदम् ॥ ३५३

પરમાત્મા અચ્યુત સ્વરૂપી સદ્ગુરૂ મહારાજને મારા નમસ્કાર છે કે નિવૃત્તિપદની ઇચ્છા વાળાઓને જેણે અચ્યુતપદ આપ્યું છે. ૩૫૩

नमोच्युताय गुरवेऽज्ञानध्वांतैकभावने ॥
शिष्यसन्मार्ग पटवे कृपापीयुष सिंधवे ॥ ३५४

અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરનાર સૂર્ય સ્વરૂપ અચ્યુત ગુરૂ મહારાજને નમસ્કાર છે કે જે શિષ્યોને સન્માર્ગ બતાવવામાં ચતુર અને કૃપારૂપી અમૃતના સિંધુસ્વરૂપ છે. ૩૫૪

ॐ अच्युताय गुरवे शिष्य संसार हेतवे ॥
भक्त कार्यैक सिंहाय नमस्ते चित्सुखात्मने ॥ ३५५

શિષ્યને સંસારના ભયમાંથી મુક્ત કરવાના હેતુ સ્વરૂપ અને ભક્તજનોનાં કાર્ય કરવામાં સિંહ સ્વરૂપ એવા ચિત્ સુખાત્મન્ ૐ અચ્યુત ગુરૂને નમસ્કાર કરૂં છું. ૩૫૫

गुरुनामसमं दैवं न पिता न च बांधवाः ॥
गुरुनामसमः स्वामी नेदृशं परमं पदम् ॥ ३५६

ગુરૂના નામ તુલ્ય દેવ પણ નથી, પીતા પણ નથી, બાંધવો પણ નથી અને સ્વામી પણ નથી અને ગુરૂના નામ બરોબર પરમપદ પણ નથી. ૩૫૬

एकाक्षर प्रदातारं यो गुरुं नैव मन्यते ॥
श्वानयोनि सतं गत्वा चांडालेष्वपि जायते ॥ ३५७

એકાક્ષરનો બોધ કરનાર ગુરૂ મહારાજને જે માનતા નથી તે

સો અવતાર કુતરાના ભોગવી અંતે ચંડાલનીયોનીને પામે છે. ૩૫૭

गुरुत्यागाद्भवेन्मृत्युः मंत्र त्यागादरिद्रता ॥
गुरुमंत्रपरित्यागी रौरवं नरकं व्रजेत् ॥ ३५८

ગુરૂનો ત્યાગ કરવાથી મૃત્યુને પામે છે. મંત્ર ત્યાગ કરવાથી દરિદ્રતા થાય છે. ગુરૂ અને મંત્ર બન્નેનો ત્યાગ કરવાથી, રોરવ નર્કમાં પડે છે. ૩૫૮

शिवक्रोधात् गुरुस्त्राता गुरुक्रोधाच्छिवोनाहि ॥
तस्मात्सर्व प्रयत्नेन गुरोराज्ञां न लंघयेत् ॥ ३५९

શિવના ક્રોધથી ગુરૂ રક્ષણ કરે છે પણ ગુરૂના ક્રોધથી શિવ રક્ષણ કરવાને સમર્થ નથી, એટલાજ માટે સર્વ પ્રયત્ને ગુરૂની આજ્ઞા ઉલ્લંઘવી નહી ૩૫૯

संसारसागरसमुद्धरणैकमंत्रं ।
ब्रह्मादि देवमुनि पूजितसिद्ध मंत्रम् ॥
दारिद्र्य दुःख भवरोग विनाश मंत्रं ।
वंदे महाभयहरं गुरुराज मंत्रम् ॥ ३६०

જેનો મંત્ર સંસાર સાગરમાંથી ઉધ્ધારકર્તાછે. જેનો મંત્ર બ્રહ્માદિ દેવ મુનિઓને પણ પૂંજવાયોગ્ય છે જેનો મંત્ર દારિદ્ર દુઃખ ભવરોગને નાશ કર્ત્તા છે એવા સર્વભય હરનાર ગુરૂરાજના મંત્રને નમસ્કાર કરૂં છું ૩૬૦

सप्तकोटी महामंत्राः चित्तविभ्रंशकारकाः ॥
एकएव परो मंत्रो गुरुरित्यक्षर द्वयम् ॥ ३६१

સાત કરોડ મહામંત્રો ચિત્તની ભ્રાન્તિ કરાવનાર છે પણ

"ગુરૂ" એવા બે અક્ષરવાળો મંત્ર તે સર્વોત્તમ શ્રેષ્ઠ છે. ૩૬૧

यस्य मसादा दहमेव सर्वं । मय्येव सर्वं परिकल्पितं च ॥
इयं विजानामि सदात्म रुपं । तस्यांघ्रि पद्मं
मणतोऽस्मानित्यम् ॥ ३६२

જેની કૃપાથી હું આ સર્વ મારા વિશે પરિ કલ્પિત છે એમ જાણું છું અને સદા આત્મસ્વરૂપને પણ જાણું છું તેના ચર્ણાવિંદને હંમેશાં નમસ્કાર પણ કરૂં છું. ૩૬૨

अज्ञान तिमिरांधस्य विषयाक्रान्त चेतमः ॥
ज्ञान मभा मदादेन मसादं कुरुपे मभो ॥ ३६३

હે પ્રભુ! અજ્ઞાન રૂપી અંધકારમાં આંધળો થયેલો અને જેનું ચિત્ત વિષયમાં ઘેરાયલું છે એવો મારા ઉપર જ્ઞાનરૂપી પ્રકાશનું દાન કરવાની કૃપા કરો. ૩૬૩

इतिश्री स्कंधपूराणे उत्तर खण्डे उमामहेश्वर मंवादे श्री गुरुगीता समाप्ता । श्रीमत्तद्गुरु मूर्त्यर्पण मस्तु ॥

ॐ तत्सत् ब्रह्मार्पणम् ॥ ॐ ॥ ॐ ॥ ॐ ॥

॥ ॐ ततमत् ॥

શ્રી ગુરૂગીતાના પાઠ ઉપ થી બોધ [illegible] ગ્રહણ કરવાનો છે કે સાંપ્રતકાળમાં° સ્ત્રીએ પતિસેવા (ગમે તેવું દુઃખ [illegible] તો પણ) કરવી. અને પુરૂષોએ માબાપની સેવા [illegible] કારણકે સ્ત્રીના ગુરૂ પતિ અને પુરૂશોના ગુરૂ ઉત્તમ સમજવા એમ બે સદ્બુદ્ધિ આપનાર જાણવા

॥ गुर्वष्टकम् ॥

॥ श्रीगणेशायनमः ॥

शरीर सुरूपं तथा वा कलत्रं यशश्चारुचित्रं धनं मेरुतुल्यम् ॥
मनेश्चेन्न लग्नं हरेरंघ्रि पद्मे ततः किंततः किंततः किंततः किम्॥१
कलत्र धनं पुत्रपौत्रादिसर्वं गृहं बांधवाः सर्वमेतद्विजातम् ॥
गुरोरंघ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किंततः किंततः किंततः किम्॥२
षडंगादिवेदो मुखे शास्त्रविद्या कवित्वादिगद्यं सुपद्यं
कारोति । गुरो. ३
विदेशेषु मान्यः स्वदेशेषु धन्यः सदाचारवृत्तेषु मत्ता
न चान्यः गुरोरंघ्रि ४
क्षमामंडले भूपालवृंदैः सदासेवितं यस्य पादारविंदम् ।
गुरोरंघ्रि पद्मे. ५
यशो मे गतं दिक्षुदानप्रतापाज्जगद्वस्तु सर्वं करयेत्प्रसादात् ।
गुरोरंघ्र. ६
न भोगे न योगे न वा वाजिराजौ न कांतासुखे नैव
वित्तेषु चित्तम् । गुरोरंघ्रि. ७
अरण्ये न वा स्वस्यगेहे न कार्ये न देहे मनोवर्तते
मे त्वनर्घ्ये। गुरोरंघ्रि. ८
अनर्घ्याणि रत्नानि भुक्तानि सम्यकसमालिंगिता
कामिनी यामिनीषु । गुरो. ९
गुरोरष्टकं यः पठेत्पुण्यदेही यतिर्भूपति ब्रह्मचारी च गेही ।
लभेद्वांछितार्थं पदं ब्रह्मसंज्ञ गुरोरुक्तवाक्ये मनोयस्यलग्नम्॥१०

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्य श्रीमच्छंकराचार्यविरचितं गुरोरष्टकं समाप्त ॥

॥ शिवाष्टकं प्रारंभः ॥

श्रीगणेशाय नमः । प्रभुंप्राणनाथं विभुं विश्वनाथं जगन्नाथनाथं सदानंदभाजम् । भवद्भव्यभूतेश्वरं भूतनाथं शिवशंकरं शंभुमीशानमीडे ॥ १ ॥ गले रुडमालं तनौ सर्पजालं महाकालकालं गणेशाधिपालम् । जटाजूटगंगोत्तरं गैर्विशालं शिवं शंकरं० ॥ २ ॥ मुदामाकरं मंडनं मंडयंतं महामंडलं भस्मभूषाधरंतम् अनादिं ह्यपारं महामोहमारं शिवंशंकर० ॥ ३ ॥ तटाधोनिवास महाट्टाट्टहासं महापापनाशं सदासुप्रकाशम् ॥ गिरीशं गणेशं सुरेशं महेशं शिवं शंकरं० ॥ ४ ॥ गिरींद्रात्मजासंगृहीतार्धदेहं गिरौ संस्थितं सर्वदासन्नगेहम् ॥ परब्रह्म ब्रह्मादिभिर्वंद्यन्मानं शिवं शंकरं० ॥ ५ ॥ कपालं त्रिशुलं कराभ्यां दधानं पदांभोजनम्रायकामं ददानम् । बलीवर्दयानं सुराणां प्रधानं शिवं शंकरं० ॥ ६ ॥ शरच्चंद्रगात्रं गुणानंदपात्रं त्रिनेत्रं पवित्रं धनेशस्य मित्रम् । अपर्णाकलत्रं चरित्रं विचित्रम् शिवं शंकरम्० ॥ ७ ॥ हरं सर्पहारं चिताभूविहारं भवं वेदसारं सदानिर्विकारम् ॥ स्मशाने वसतं मनोजं दहंतं शिवं शंकरं ॥ ८ ॥ स्तवंयः प्रभाते नरः शुलपाणेः

पठेत्सर्वदा भर्गभावानुरक्तः ॥ सपुत्रम् धनम् धान्य मित्रं कलत्रं विचित्रः समासाद्य मोक्षं प्रयाति ॥ ९ ॥

॥ इतिश्री शिवाष्टकं संपूर्णम् ॥

॥ अथ पंचायतन ध्यानानि.

शांताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं विश्वाधारं गगन सदृशं मेघवर्णं शुभांगम् ॥ लक्ष्मीकांतं कमल नयनं योगिभि-र्ध्यानगम्यं वंदे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥ १ ॥

ध्यायेन्नित्यं महेशं रजतगिरिनिभं चारुचंद्रावतंसं रत्ना-कल्पोज्ज्वलांगं परशु मृगवराभीति हस्तं प्रसन्नम् ॥ पद्मासीनं समंतात् स्तुतममरगणैर्व्याघ्रकृत्तिंवसानंविश्वाद्यं विश्ववन्द्यं निखिलभयहरं पंचवक्त्रं त्रिनेत्रं ॥ २ ॥

गजवदनमचिंत्यं तीक्ष्णदंष्ट्रं त्रिनेत्रं । बृहदुदरमशेषं भूति-राजं पुराणम् ॥ अमरवरसुपूज्यं रक्तवर्णं सुरेशं पशुपति सुरमोक्षं विघ्नराजं नमामि ॥ ३ ॥

ध्येयःसदा सवितृमंडलमध्यवर्ती नारायणः सरसिजा सनसन्निविष्टः । केयूरवान मकरकुंडलवान् किरीटी हारी हिरण्मयवपुर्धृतशंखचक्रः ॥ ४ ॥

नमो देव्यै महादेव्यै शिवायै सततंनमः । नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्मताम् ॥ ५ ॥

॥ आचार्यकृताच्युताष्टकम् ॥

श्रीगणेशायनमः । अच्युतं केशवं रामनारायणं । कृष्णदामोदरं वासुदेवं हरिं ॥ श्रीधरं माधवं गोपिका वल्लभं । जानकी नायकं रामचंद्रं भजे ॥ १ ॥ अच्युतं केशवं सत्यभामाधवं । माधवं श्रीधरं राधिकाऽराधितं ॥ इंदिरा मंदिरं चेतसा सुंदरं । देवकी नंदनं नंदजं संदधे ॥ २ ॥ विष्णवे जिष्णवे शंखिने चक्रिणे । रुक्मिणीरागिणे जानकीजानये ॥ वल्लवी वल्लभाया चिंतायात्मने । कंसविध्वंसिने वंशिने ते नमः ॥३॥ कृष्णगोविंद हे रामनारायण । श्रीपते वासुदेवाजित श्रीनिधे ॥ अच्युतानंत हे माधवा धोक्षज । द्वारिकानायक द्रौपदी रक्षक ॥ ४ ॥ राक्षस क्षोभितः । सीतयाशोभितो । दंडकारण्य भपुपुण्यताकारणः ॥ लक्ष्मणे नान्वितोवानरैः- सेवितो । सेविता ऽगस्तिनापूजितो राघवः पातुमां ॥ ५ ॥ धेनुकारिष्टका निष्टकृद्द्वेषिणां । केशिहाकंसहृद्वंशिकावादकः ॥ पूत नाकोपको सूरजाखेलनो । बालगोपालकः पातुमांसर्वदा ॥ ६ ॥ विद्युदुद्योत वान्मस्फुरद्वाससा । प्रावृडंभोदवत्प्रोल्लसद्विग्रहम् ॥ वैजयंतीप्रभा शोभितोरः स्थलं । लोहितां घ्रिद्वयं वारिजाक्षंभजे ॥ ७ ॥ कुंचितैः कुंतलैर्भ्राजमानाननं । रत्नमौलि लसत्कुंडलंगंडयो ॥ हारकेयु रकंकणप्रोज्वलं किंकिणीमंजुलं शामलं भावये ॥ ८ ॥ अच्युतस्याष्टकं यःपठेदिष्टदं।

प्रेमतः मत्यहंपुरुषः सस्पृहम् ॥ वृत्ततः सुंदरं कर्तृविश्वंभरं ।
तस्य वश्यो हरि र्जायते सत्वरं ॥ ९ ॥ इतिश्री शंकराचार्य
विरचित मच्युताष्टकं सपुर्णम् ॥

आ ति.

॥ श्रीगणेशायनमः ॥

जयगंगाधरहरहर जयगिरिजाधीशा शिवजयगि जाधीशा
त्वंमांपालयानित्यं कृपयाजगदीशा हरहरहरमहादेव ॥ १ ॥
कैलासेगिरिशिखरे कल्पद्रुमविपिने शिवकल्पद्रुमविपिने०
गुंजतिमधुकरपुंजे कुंजवनेगहने शिवकुंजवनेगहने. कोकिल
कूंजितखेलत हंसावनललिता शिव०
चयतिकलाकलापी नृत्यतिमुदसहिता. हरहरहरमहादेव०
तस्मिन्सुललितदेशे, शालामणिरचिता, शिव०
तन्मध्येहरनिकटे, गौरीमुदसहिता; शिव०
क्रीडांरचयतिभूषां रंजितमतिमीशं, शिव०
इंद्रादिकसुरसेवित प्रणमातितेशीर्षम्. हरहर. ३
विबुधवधुर्नृत्यति हृदयेमुदसहिता, शिव०
किन्नरगानंकुरुते सप्तस्वरसहिता; शिव०
धिननं [illegible] ति मृदंगवादयते. शिव०
कुक्कुनुललितंवेणु [illegible] नादयते. हरहर. ४

रुणुं रुणुंचरणेवादति नुपुरेषुज्वलिता, शिव०
चक्रावर्तंभ्रमयंति कुरुतेतांतांतां; शिव०
तांतांलुप्चूप्लुप्चूप्तालंवादयते; शिव०
अंगुष्ठांगुलिनादं लास्यगतंकुरुते. हरहर. ५
कर्पूरद्युतिगौरं पंचाननसहितं, शिव०
त्रिनयनशशिधरमौलिं विषधरकंठयुतं; शिव०
सुंदरजटाकलापं पावकयुतमालं, शिव०
डमरुत्रिशूलकपालं खर्परधृतसारम्. हरहर. ६
शंखनिनादंकृत्वा झल्लरीनादयते, शिव०
नितरांयजतेब्रह्मा वेदचतुष्टयज्ञ; शिव०
अमृतचरणसरोजं हृदिकमलंधृत्वा, शिव०
अवलोकयतिमहेशं, शंभुंबहुनत्वा. हरहर.
मुंडैरचयतिमाला पन्नगमुपवीतं, शिव०
वामविभागेगिरिजा रूपंस्वातिललितं; शिव०
सकलशरीरेविलसति कृतभस्माभरणं, शिव०
इतिवृषभध्वजरूपं तापत्रयहरणम्. हरहर. ८
ध्यानंचारतिसमये हृदयेयदिधृत्वा, शिव०
शिरसात्रिजटानाथं, ईशंबहुनत्वा; शिव०
शंवरनाशंप्रतिदिन, पठनंयः कुरुते, शिव०
शिवसायुज्यंगच्छति भक्तयायः शृणुते. हरहरहर.

॥ गुरुगीता समाप्तम् ॥